# ખોજ


મે-જૂન ૨૦૦

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

## જંગલ મધ્યે આદિવાસી

શું વિકાસ ટકાઉ છે?

સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર



*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*
*-Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

મે-જૂન ૨૦૦૫
વર્ષ ૧, અંક ૨

## જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
ધ્રુવ ભટ્ટ
સુદર્શન આયંગર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

**ટાઈપ**
ધીરેન્દ્ર ઉનાગર

**ભાષાશુદ્ધિ**
શેરબાનુ મન્સુરી

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર | અનિલ પટેલ | ૧૧ |
| જંગલ મધ્યે આદિવાસી<br>*- વાઘ વિરુદ્ધ આદિવાસીનો દ્વંદ્વ*<br>*- જંગલના રખેવાળ કોણ - આદિવાસી કે વન વિભાગ?* | તૃપ્તિ પારેખ | ૧૯ |
| અડવાણી-જિન્હા-સંઘ પરિવાર :<br>ભારત - પાકિસ્તાન સુમેળ | અનિલ પટેલ | ૩૧ |
| વ્યક્તિવાદ અને સમૂહવાદ | ફ્રેડરિક હાયેક | ૩૨ |
| ભૌતિક સુખાકારીનો વિકાસ<br>ટકાવી રાખી શકાય ખરો ? | સુદર્શન આયંગર<br>નિમિષા શુકલ | ૩૮ |
| સંશયાત્મક પર્યાવરણવાદી<br>*શું આપણે ઉછીના સમય પર જીવી રહ્યાં છીએ ?* | અંબરીષ મહેતા | ૪૬ |

‘ખોજ’ દ્વિમાસિકનો આ અંક આર્ચના ‘પહેલ’ કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

વાર્ષિક સહયોગ રાશિ રૂા. ૧૨૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે.
બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : truarch@yahoo.co.in

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

'૮૦ના દાયકાની શરૂઆતમાં નર્મદા યોજનાનાં ડૂબાણ ગામોમાં ફરતાં બોડા ડુંગરો અને પાંખાં જંગલો નજરે પડતાં'તાં, ત્યારથી જ સવાલો થતા કે આ જંગલો કોણે કાપ્યાં? શરૂ શરૂમાં અમે પણ સામાન્ય માન્યતા મુજબ માની લીધેલું કે આદિવાસીઓએ જ જંગલોનો નાશ કર્યો હશે. ધીમે ધીમે ગામોના ડાહ્યા લોકો સાથે વાતો થતી ગઈ ત્યારે ખ્યાલ આવ્યો કે વાત વધારે ઊંડી છે. લોકો કહેતા કે જંગલ ખાતાએ જ કૂપો પાડીને બધાં જ ઝાડોની મૂળસોતી કટાઈ કરાવેલી. કપાયેલાં ઝાડોનાં મૂળિયાં ખોદીને કોલસા પડાતા અને વહી લઈ જવાતા અમે ખુદ નજરે જોયેલા. ત્યારથી આ વિષય પરની અમારી છાનબીન ચાલુ થઈ ગયેલી. જંગલ ખાતાના વર્કિંગ પ્લાનોના અભ્યાસે પાછળથી એ વાતની પૂર્તિ કરી.


થોડા વખત પહેલાં રાજસ્થાનના સરિસ્કા અભયારણ્યમાંથી વાઘ અદૃશ્ય થઈ ગયા હોવાના ચોંકાવનારા સમાચાર આવ્યા. એની પાછળને પાછળ બીજા સમાચાર આવ્યા કે કેન્દ્ર સરકાર આદિવાસીઓને જંગલ જમીન પર અધિકારો આપતો ખરડો લાવી રહી છે. એની સાથે જ જંગલો અને આદિવાસીઓના સંબંધના પ્રશ્ને ભારે ઊહાપોહ મચી ગયો. માંડ માંડ જે થોડાં જંગલો બચ્યાં છે તે પણ ભેલાડી મારવાની આ યોજના છે એવી વાતો વન મંત્રાલય અને પર્યાવરણવાદીઓએ વહેતી કરી દીધી. જ્યારે હકીકતો સાવ જુદી જ છે. 'જંગલ મધ્યે આદિવાસી' લેખ સમૂહમાં તૃપ્તિએ આ આખા પ્રશ્નની વિસ્તૃત છણાવટ કરી છે. અંગ્રેજોએ સ્થાપેલી અને સ્વતંત્ર ભારતે ચાલુ રાખેલી વન વ્યવસ્થાપન વ્યવસ્થાનું પૃથક્કરણ કરીને એનાં આદિવાસીઓ અને જંગલો પરનાં દુષ્પરિણામોની ચર્ચા કરી છે. સાથે સાથે, આદિવાસીઓ અને જંગલો બન્નેનો વિકાસ થઈ શકે એ માટે વન વ્યવસ્થાપનની વ્યવસ્થા કેવી હોઈ શકે એ તરફ પણ અંગૂલીનિર્દેશ કર્યો છે.

ગયો અંક બહાર પડ્યા પછી ગાંધી વિદ્યાપીઠમાં સર્વોદય મંડળની ઉદારીકરણ અને બજાર વિષય પરની ગોષ્ઠીમાં અનિલભાઈએ મૂકેલી વાતો પર ઘણા રસપ્રદ મુદ્દા ઊઠેલા. એ તથા અન્ય મુદ્દાઓને આવરી લેતી શ્રેણી (સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર) અનિલભાઈ આ અંકથી શરૂ કરી રહ્યા છે. આની સાથે જ ફ્રેડરિક હાયેકના પ્રસિધ્ધ અને શકવર્તી પુસ્તક 'Road to Serfdom'માંથી એક પ્રકરણ 'વ્યક્તિવાદ અને સમૂહવાદ' નો અનુવાદ પણ આપી રહ્યા છીએ. ૧૯૪૪માં જ્યારે સમાજવાદી આયોજનનો સૂર્ય મધ્યાહ્‌ને તપતો હતો ત્યારે લખાયેલા આ પુસ્તકમાં હાયેકે જે ભાખેલું તે ત્યાર પછીનાં પચાસ વર્ષોમાં દુનિયા આખીએ સાચું પડતું જોયું. પરંતુ એ માટે એણે સ્પર્ધા આધારિત અને આયોજન આધારિત આર્થિક વ્યવસ્થાઓની જે તલસ્પર્શી તુલના કરેલી તેની બહુ ઓછાને ખબર છે. અહીં તો તેની એક ઝાંખી માત્ર આપીએ છીએ.

સંશયાત્મક પર્યાવરણવાદીનો પરિચય કરાવતી શ્રેણી શરૂ કરી, ત્યારે એના પર પ્રતિક્રિયાઓ આવશે એ અપેક્ષિત હતું. સુદર્શન આયંગર અને નિમિષા શુક્લનો લેખ સીધેસીધો એના જવાબમાં લખાયેલો નથી, પરંતુ 'ટકાઉ વિકાસ'ની વિભાવનાની સૈધ્ધાંતિક ચર્ચા કરે છે અને જુલિયન સાયમન અને રોબોર્ટ સોલો જેવા અર્થશાસ્ત્રીઓના એની સામેના વાંધાઓની ટીકા કરે છે. આજનો વિકાસ ટકાઉ નથી જ એ એમનું તારણ છે અને 'ટકાઉ વિકાસ'થી પણ આગળ વધીને સંપોષિત વિકાસ તરફ જવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. 'સંશયાત્મક પર્યાવરણવાદી'નો બીજો ભાગ પણ આજનો વિકાસ ટકાઉ છે કે નહીં એની જ ચર્ચા કરે છે અને એ તારણ પર પહોંચે છે કે આપણે ભાવિને ગીરવે મૂકીને જીવી રહ્યાં હોવાની વાત સાચી નથી. ટકાઉ વિકાસ પર એકબીજાથી સાવ વિરુધ્ધ તારણ પર પહોંચતા આ બે લેખો આ અગત્યના પ્રશ્ને ઉપયોગી ચર્ચા શરૂ કરવાનું ઇંધણ પૂરું પાડશે એવી આશા છે.

'ખોજ'ના પહેલા અંકને મળેલ પ્રતિસાદથી અમે ગદ્‌ગદિત છીએ. આપ સૌના વિશ્વાસ પર ખરાં ઊતરીએ એ માટે અમારાથી બનતા તમામ પ્રયત્નો કરીશું. અમારો હોંસલો બઢાવવા માટે સૌનો ખૂબ ખૂબ આભાર.

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : truarch@yahoo.co.in

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

"ખોજ" નો માર્ચ-એપ્રિલનો અંક મળ્યો. પ્રથમ તો અંકનાં રંગરૂપ, કાગળ અને પ્રિન્ટની સુરમ્યતા જોઈને પ્રસન્નતા થઈ. બધા લેખો રુચિપૂર્વક જોઈ ગઈ. આ અંકમાં લેખોનું જે ધોરણ છે એ જો ટકી રહેશે તો ગુજરાતના વિચાર-પ્રવર્તક સાહિત્યમાં ઉમેરો થશે. પરિસ્થિતિનું સમ્યક્ વિશ્લેષણ, અનાગ્રહી સમીક્ષા અને વિનયપૂર્વક કરેલાં વૈજ્ઞાનિક સૂચનો કૌતૂકાસ્પદ ગણાય. વાર્ષિક લવાજમ મની-ઓર્ડરથી રવાના થાય છે. પ્રસન્નતા અને શુભેચ્છા વ્યક્ત કરવા માટે આ નાનકડો પત્ર છે.

'ખોજ' વધતી જશે માર્ગ પ્રશસ્ત થતો જશે. વિચાર મંથનમાંથી દૃષ્ટિ ઉઘાડવાનું નવનીત સમાજને મળશે એમાં શંકા નથી. મારી શુભેચ્છા -શુભાશિષ તમારી સાથે રહેશે.

*- વિમલા ઠકાર, માઉન્ટ આબુ*

'ખોજ'નો પહેલો અંક મળ્યો. બધા જ લેખો વાંચી ગયો. ગમ્યા. જોકે, ક્યારેક ભાષાની મુશ્કેલી પડી. પ્રચલિત 'ફીસ્સા' ભાવના આધારિત અભિગમને સ્થાને ઠોસ વૈજ્ઞાનિક રેશનલ અભિગમ મને વધારે અનુકૂળ છે. એ બીજે જોવા નથી મળતો. 'નિરીક્ષક'ના ૧ મે ૨૦૦૫ના અંકમાં 'ખોજ'ને આવકારતો વિસ્તૃત લેખ પ્રકાશ શાહે લખ્યો છે, તેથી મારો આવકાર ટૂંકાવીને લખી શકીશ.

સમાજને ઉપયોગી થવાની ખેવના સાથે આ સમાજ અને સૃષ્ટિને સમજવાની ઉત્કંઠામાં તમારો અભિગમ મારી સમજની ઘણી નજીક આવે છે. તમારા લખાણમાં અભ્યાસનું પીઠબળ છે, તેથી મને વધારે રસ પડ્યો છે. મુદ્દાની વાત આ સમાજનું સ્વાસ્થ્ય માનવીની સર્જનાત્મક સ્ફૂર્તિને સંકોરવામાં, ટેકો આપવામાં રહેલું છે. દોરવણી ઉપયોગી થાય, પરંતુ જડ આદેશો નહિ. વિકાસના મારા કાર્યક્ષેત્રમાં આ સમજને લીધે જ પ્રગતિ અને સંતોષ બન્ને પ્રાપ્ત થયાં છે. 'સમાજવાદ એ જ તરણોપાય'ના વાતાવરણમાં ૧૯૪૫ના અરસામાં અર્થશાસ્ત્ર વગેરે વિષયોનો અભ્યાસ કરતાં મારું માનસ ઘડાયેલું. પ્રો. હાયેકની અમે હાંસી ઉડાવતા. સમાજશાત્રના અભ્યાસે મનને થોડું ઉદાર બનાવ્યું. પરંતુ ૧૯૫૫ પછી ચુસ્ત કેન્દ્રીય આયોજનના સાર્વત્રિક લાભ અંગે મનમાં પ્રશ્નો ઊઠવા લાગ્યા. સામ્યવાદની અને ભારતીય સમાજવાદની નિષ્ફળતાથી રહ્યું સહ્યું સમાજવાદ તરફી વલણ ખતમ થયું. સામાજિક સ્વાતંત્ર્ય અને મુક્ત બજાર અભિન્ન છે એ સમજાયું. સવાલ રહ્યો મુક્ત બજારના સીમાડા વિસ્તારવાનો અને તેનાં દૂષણોને નાથવાનો, તેની સર્જનાત્મક્તાને ટૂંપો દીધા સિવાય.

સૃષ્ટિને સમજવામાં એમ.એ.ના અભ્યાસમાં સમાજશાસ્ત્રના એક વિષય તરીકે સોશીયલ બાયોલોજીમાંથી ઉત્ક્રાંતિ અભ્યાસ બહુ કામમાં આવ્યો. ધીમે ધીમે રેશનાલીસ્ટ વલણ દૃઢ થતું ગયું. આ વિશે મારો એક લેખ - 'નાસ્તિકની તપસ્યા' - તમને જોવામાં રસ પડશે.

*- અનિલ શાહ, ડી.એસ.સી., અમદાવાદ*

'જીવન એક અવિરત ખોજ - આવિષ્કાર' નો હેતુ ધરાવતું તમારું દ્વિમાસિક વાંચવાનું ગમે તેવું છે. તે વિચારને પ્રેરે છે. બધે સ્થળે વિચારોનો મેળ પડે એવું આવશ્યક નથી. 'બુદ્ધિ વિવેક અને ખુલ્લો સમાજ' - કાર્લ પોપરના એ સંવાદે મારું સવિશેષ ધ્યાન ખેંચ્યું . તૃપ્તિબેનનો એ અનુવાદ પણ સારો થયો છે. ભાવ કે વિચારવાહી અનુવાદ કરવો, સ્વાભાવિક લાગે તેવા ગુજરાતીમાં, કઠિન કાર્ય છે. 'અખંડ આનંદ'ના જૂન ૦૫ના અંકમાં રાજેશ મિશ્રાના લખાણમાંથી થોડો અંશ સંકલન વિભાગ માટે લીધો છે. આભાર

*- દિલાવરસિંહ જાડેજા, વલ્લભવિદ્યાનગર*

"ખોજ" નો પહેલો અંક મળ્યો. ખૂબ સરસ માહિતીસભર વિગતો જાણવા મળે છે. અહીં

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. ખખ્ખરને મળવાનું થયું ત્યારે તેમણે પણ આર્ચ વિશે વાતો કરી. તેઓ સંસ્થામાં આવી ગયા અને પ્રવૃત્તિ વિશે જાણવા મળ્યું તેથી આનંદ થયો. આ સાથે 'ખોજ' માટે અમારો સંસ્થાગત સહયોગ રૂા. ૧૦૦૦/- મોકલું છું તે સ્વીકારી આભારી કરશો.

*- બળવંતભાઈ દેસાઈ, YMGA, રાજકોટ*

આમ તો તમારી વૈચારિક ક્ષમતાને છતી કરતાં ચોપાનિયાં, પરિપત્રો વગેરે નિયમિત મને મળતાં રહ્યાં છે. પણ 'ખોજ' તમારા તરફથી મળ્યું તેને મેં ઉત્સવના વધામણારૂપે લીધું છે. આર્થિક પાસાના ઊંડાણને વૈચારિક ભૂમિકા આપવાની આપની ટીમની કોશિશને બિરદાવવાનું મન થાય તેવું આ સાહસ છે. ખૂબ જ મહત્ત્વની ક્રાંતિકારી - વૈજ્ઞાનિક ફિલસૂફીના દાતા એવા સર કાર્લ પોપર (જે ગુજરાતમાં ખૂબ જ ઓછા વંચાયા છે) ના વિચારોને ખોજના ફલક પર પ્રકાશિત કરીને પ્રશંસનીય કામ કર્યું છે. આ સામયિક ઉત્તારો ઉત્તર પ્રગતિ કરે અને ગુજરાતના સુજ્ઞ વિચારકોને નવું નવું પ્રદાન કરતું રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

*- ઈશાકભાઈ ચીનવાલા, વડોદરા*

'ખોજ'ના પ્રકાશન માટે ખૂબ ખૂબ અભિનંદન. રંગેરૂપે રૂપાળું તો છે જ, અંદરનો પદાર્થ પણ નક્કર અને સોલીડ છે. સ્વાસ્થ્યવર્ધક, ટોનિક, સ્ફૂર્તિદાયક ચ્યવનપ્રાશ જેવો છે. આ પ્રકાશન ઐતિહાસિક છે. શિક્ષકો, અધ્યાપકો, પત્રકારો, લેખકો, વિવિધ પ્રકારના બુદ્ધિજીવીઓ માટે અનિવાર્ય વાચન બની રહેશે.

રાજકારણ, ફિલસૂફી, અર્થશાસ્ત્ર, માનવ-સ્વભાવ (મનોવિજ્ઞાન), પર્યાવરણ, વસ્તી-વિસ્ફોટ જેવા વિવિધ સંવેદનશીલ વિષયો પહેલા જ અંકમાં આવરી લઈને અભ્યાસ તથા ચિંતનનો વ્યાપ લગભગ સર્વગ્રાહી બનાવ્યો છે. ને આ બધાનું પ્રેરણાબિંદુ પાછું સો ટકા વ્યાવહારિક છે; એકેડેમિક કે હવાઈ, કે ખયાલી પુલાવ નથી. ક્વોટેશન્સ સર્વોત્તમ છે અને અતિ રેલેવન્ટ છે. NGO માટેનાં કેલેન્ડર, અને રાજકારણીઓ માટેનાં કેલેન્ડર પર છાપવા જેવાં છે. છપાઈ, લે આઉટ, ગેટ-અપ, ચિત્રો... બધું જ ચિત્તાકર્ષક છે. સામા પૂરે તરવાના સાહસ માટે ધન્યવાદ. આવા આદર્શવાદ માટે ધન્યવાદ.

*- હર્ષદ દેસાઈ, અમદાવાદ*

આ પહેલા અંકને પ્રભાવી બનાવવામાં તમે ચારેય લેખકોએ જે લખ્યું તે સફળ રહ્યું છે. 'સંશયાત્મક પર્યાવરણવાદી'નો એક લેખ પણ સહયોગ રકમ મોકલી આપવાની પ્રેરણા જગવવા પૂરતો છે. પોપર, હાયેકની પ્રસાદી અનિલભાઈ અવાર નવાર પીરસતા. હવે 'ખોજ' સાહસ જાહેર થતાં, ભોજન નિયમિત મળતું રહેશે તેની ખુશી છે.

*- કુમુદભાઈ ઠાકર, વાવોલ, ગાંધીનગર*

''ખોજ''નો પ્રથમ અંક આજે જ મળ્યો. આવી analytical સામગ્રી પહોંચાડી છે તેનો સાચે જ આનંદ છે. નિરાંતે વાંચીને રિસ્પોન્સ આપીશ પણ પ્રથમ નજરે સેમિનાર યાદ આવી જાય. ગુજરાતી ભાષામાં આવું ગેટઅપ ભાગ્યે જ જોવા મળે. ગુજરાતીમાં સામયિકો અપાર છે પણ આપ સૌ જેવા કર્મશીલો - વિચારકો જયારે ''ખોજ''નો પ્રારંભ કરી રહ્યા છો ત્યારે સમાજને ઘણી અપેક્ષા - આશા રહેવાનાં. તેમાં તમો પાર ઊતરશો જ તેની ખાતરી છે. સૌ સંપાદકો, પરામર્શકોની ખોજની ટીમને હાર્દિક અભિનંદન.

*- પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, લોકભારતી, સણોસરા*

'ખોજ' વાંચી ઘણો આનંદ થયો. 'ખોજ' પરિવારના તરવરિયા મિત્રોના સામૂહિક સાહસ બદલ સર્વે મિત્રોને મારા હાર્દિક અભિનંદન... ભારતના તેમજ વિશ્વના જાગૃત અનુભવીઓ દુનિયાની કોઈપણ વિકટ પરિસ્થિતિમાં હંમેશા મથામણ કરતા જ રહે છે, તેનું નામ ખોજ. નવી પેઢી પોતાની જાતને સમાજને અર્પણ કરતાં જે જે કડવા-મીઠા અનુભવો થાય છે તેને ધ્યાનમાં રાખી ખોજ કરી છે. 'સંશયાત્મક પર્યાવરણવાદી' પુસ્તકને ગુજરાતની જનતા સમક્ષ મૂકીને દુનિયાના પર્યાવરણનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે. આ અદ્ભુત પુસ્તકનો રસાસ્વાદ માણીએ એટલો ઓછો છે. કાર્લ પોપર જેવા એક ઉત્તમ વૈશ્વિક તત્ત્વજ્ઞાનીનો સુંદર પરિચય કરાવ્યો છે... ખૂબ જ સુંદર ખોજ નિત્યનવી ખોજને ગુજરાતીઓ સમક્ષ રજૂ કરતું જ રહેશે તેવી આશા અને અભિલાષા સાથે,

*- રાજુભાઈ જંત્રાણિયા*
*લોકવિજ્ઞાન સેવા સંઘ,વ્યારા*

ધન્યવાદ - ખોજની ખોજમાં નીકળવા બદલ. આ ખરેખર સમયસરનું હાથ ધરેલું કામ છે. પર્યાવરણ ઉપરનો ડેન્માર્કના બીયોર્ન લોમ્બોર્ગનો આર્ટીકલ અને મેટ રીડલીના પુસ્તકનો પરિચય ગમ્યાં. ''ખોજ''ના આરંભ ટાણે - તૃપ્તિ પારેખ પોતાનાં મંતવ્યોમાં સ્પષ્ટ છે. ખરેખર નિવૃત્તિમાં આવા રસદાયક વાંચન માટે તક પૂરી પાડવા બદલ સૌને અભિનંદતાં આનંદ અનુભવું છું. ઈકો કલબની કામગીરી અર્થે તથા કરુણા ઈન્ટરનેશનલના કામ સબબ જુદી જુદી શાળાઓમાં ''ખોજ'' વસાવવા ભલામણ કરતાં આનંદ અનુભવીશ. ખોજને ટકાવવા માટે અને તેને સહયોગ આપવા માટે, મારી મર્યાદામાં આ સાથે તમને ચેક મોકલી રહ્યો છું. બસ - ખોજ જારી રહે.

*- રમેશ પંડ્યા, જૂનાગઢ*

તમારા સૌની ખોજની અભિવ્યક્તિને વધાવીએ છીએ. વાસ્તવમાં તે આપણા સૌની ખોજ બની રહે તેવી ઈચ્છાને અનુમોદન આપીએ છીએ. 'પહેલ' મુશ્કેલ હોય તો પણ કેટલાક ખમતીધરોને તે સાહસ ખેડવાની પ્રેરણા ને શક્તિ કુદરત આપતું હોય છે. આપણા

પુરુષાર્થમાં આ નિષ્ઠા ને સમર્પણ હોય તો પરિણામ જે આવે તે શ્રેષ્ઠ હશે તેવી શ્રદ્ધા છે.

પ્રથમ અંકની કેટલીક સામગ્રી આ સામયિકને ગુજરાતી ભાષાનાં આ પ્રકારનાં સામયિકોની આગલી હરોળમાં મૂકવા માટે સક્ષમ છે. રજૂઆત અને ભાષા પણ ધીમેધીમે લોકભોગ્ય બને તે પ્રયાસ થોડી વધુ મહેનત માગી લેશે. ગુજરાતી ભાષામાં અભિવ્યક્તિની પૂરતી ગૂંજાયેશ છે. નવયુવાનોમાં પણ એક ખાસ્સો સમૂહ હવે આવી સામાજિક ચર્ચામાં રુચિ ધરાવે છે - પણ તે બધા ગુજરાતી છે અને માત્ર શહેરી અંગ્રેજી શાળાઓમાં ભણેલા હોય તેવા નથી. 'કોશિયો પણ સમજી શકે' તેવાં સાહિત્ય નિર્માણની અપેક્ષા હાલ તુરત આપણા જેવા ને જેવું ભણેલા લોકો પાસે રાખવી શક્ય નથી. પરંતુ ભણેલાં ને ચિંતનશીલ ગુજરાતી યુવાન ભાઈ બહેનો સમજી શકે તેવી રજૂઆત તે એક કસોટી ગણીને સાવધાની રહે તો આ ખોજયાત્રા તાજગીપૂર્ણ નવયુવાન પત્રિકા બનશે.

*- વાસુદેવ વોરા, અમદાવાદ*

'ખોજ' દ્વિમાસિક મારા હાથમાં આવ્યું. 'ખોજ' શબ્દ જ ઘણું ઘણું સમજાવી જાય છે. ખોજ શા માટે? ખોજ શેની અને ખોજનો હેતુ શો? આવા કોઈક મંથનમાંથી 'ખોજ' નો જન્મ થયો લાગે છે. મારા જેવાને ઘણા વખતથી એવું લાગતું રહ્યું છે કે સમાજનું આંતરબાહ્ય કલેવર બદલાઈ રહ્યું છે ત્યારે તેની તપાસ થવી ઘટે. આમ કેમ બનવા પામ્યું તેનું ખુલ્લા મને વિશ્લેષણ થવું જોઈએ. વિશ્વભરમાં, ભારતમાં અને નજીક સ્વદેશીના હિસાબે ગુજરાતમાં પણ જે ગતિવિધિ ચાલી રહી છે તે અંગે ક્યાંક કોઈક વિચાર કરવો જોઈએ. આ સારું અને આ ખોટું એમ નહિ. આમ જોઈએ તો આપણા સૌના માઈન્ડ મહદ્અંશે કન્ડીશન્ડ હોય છે. તેમાંથી મુક્ત થઈને દરેક ઘટના તેમજ પ્રવાહોનું મૂલ્યાંકન કરવાનો સમય હવે પાકી ગયો છે. તેનો પડઘો 'ખોજ' પાડી રહ્યું છે એમ લાગે છે.

યંત્રવાદ, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, ગાંધી-વિચાર અને વર્તમાનમાં ઉદારીકરણ, વિશ્વીકરણ, વિશ્વ વેપાર સંગઠન, ભોગવાદ, વગેરેએ એક નવી સમાજરચના ખડી કરી દીધી છે. આ સમગ્ર સંમિલિત પ્રવાહોનું નિરીક્ષણ-પરીક્ષણ કરીને, તેના પડકારો ઝીલીને, તેમાંથી નિચોડ કાઢીને હવે પછી કેવી સમાજરચના થવી જોઈએ તેની ખોજ આ દ્વિમાસિક કરશે અને તેમાંથી માનવઉપયોગી સમાજઉપયોગી તારણો મળી આવશે એમ હું ધારું છું.

*- જયાબેન શાહ, રાજકોટ*

'ખોજ' નો પ્રથમ અંક મળ્યો. આનંદ અને આભાર. આટઆટલાં સામયિકો - સમાચાર પત્રોની (ભરમાર) વચ્ચે પણ બદલાઈ રહેલા આર્થિક-રાજકીય-સામાજિક વાતાવરણ - નીતિઓ -માળખાંઓ અંગે ગંભીર ચર્ચા કરનારાં સામયિકની ખોટ હતી જ હતી. 'ખોજ' એ ખોટ પૂરી કરશે એવી આશા જન્મે છે. 'ખોજ'ને આવકારું છું અને સાહસ શરૂ કરવા માટે આર્ચની ટીમને અભિનંદન આપું છું. વૈશ્વિકીકરણ - ખાનગીકરણ - ઉદારીકરણનાં કેટલાંક સારાં પરિણામો અને કેટલાંક ખરાબ પરિણામો દેખાય છે. આ નહીં તો પર્યાય શું એની પણ ચર્ચા થવી ઘટે. આ ફેરફારો વધુ માનવીય છે કે કેમ અને ગરીબો પર નકારાત્મક અસરો કેવી રીતે ખાળી શકાય, તેની ચર્ચા જરૂરી છે.

*- જગદીશ પટેલ, પી.ટી.આર.સી, વડોદરા*

'ખોજ'નો પ્રથમ અંક વાંચી ગયેલ છું. અંબરીષ મહેતાનો લેખ ખાસ્સો પૃથક્કરણાત્મક, અલબત્ત, આવકાર્ય લાગ્યો. કાર્લ પોપરમાં ખાસ પીચ ન પડી. કોઈ ખાસ ખોજ ન થઈ. ખોજના કદ, દળની તુલનાએ એની અર્થઘનતા ઓછી અનુભવાય છે, કેન્દ્રગામિતા - ન્યુક્લીયર પાવર - ઓછો લાગે છે, Divergence is more, convergence less. અભ્યાસિતા દેખાય છે, પરંતુ conclusiveness seems to be far... લેખન વિચારના પ્રયત્નો અર્થ પરિણામી થાય તેવી શુભેચ્છાઓ.

*- તરુણ શાહ, અમદાવાદ*

'ખોજ'' મળ્યું. વિચારની દિશાઓ ખૂલે એવી સામગ્રી એમાં સારા પ્રમાણમાં છે. ભેગાં મળીને જે પ્રયાસ આદર્યો છે તે ખરે જ સરાહનીય. ખાસ તો જ્યારે વિચાર કરવા માટેની માનસિક તૈયારી ઘટતી જાય છે અને કંઠીબંધાઓના યુગનો આરંભ થઈ ચૂક્યો છે ત્યારે ! સહયોગ રાશિનો મ.ઓ. ટૂંકમાં જ કરું છું.

*- હિમાંશી શેલત, વલસાડ*

'ખોજ' દ્વિમાસિક અંક મળ્યો - આખરે હૈયે તે હોઠે આવ્યું - અવિરત મનોવેદના, મનોવ્યથા બાદ મનોમંથનરૂપે 'ખોજ'ની રૂપરેખા તૈયાર થઈ - વાંચી આનંદ થયો. 'ખોજ' આવશ્યક ખરું! પરંતુ ઉચ્ચવર્ગ કે સીમિત-વર્ગ પૂરતું મર્યાદિત બની જાય તો? 'આમ' આદમી માટે જરૂરી લેખમાળાઓની અપેક્ષા. રાજેષ મિશ્રાનો અંતિમ લેખ અસ્થાને નથી લાગતો?

*- અબ્દુલ ફરીદ ખત્રી, રાજપારડી*

'ખોજ'ના પ્રથમ અંક બદલ હાર્દિક અભિનંદન. સમાજને અને સમાજના સભ્યોને ઉપયોગી નીવડે એવું સુંદર સાહિત્યનું ભાથું પૂરું પાડ્યું છે. આ અંકમાં 'સંશયાત્મક પર્યાવરણવાદી' લેખ ખૂબ જ આકર્ષક અને માહિતીસભર લાગ્યો. તેમાં જે વસ્તી વિષયક બાબતો રજૂ કરેલ છે તે અભ્યાસક્રમમાં સમાવવા જેવી લાગી છે, જે એકી બેઠકે જ વાંચી જવાયો. આપશ્રી આવી સુંદર માહિતી પ્રગટ કરતા રહેશો એવી આશા.

*- વિપુલ સોલંકી, દેડિયાપાડા*

''ખોજ''નો પ્રથમ અંક આજે જ મળ્યો. વાંચ્યા

પછી મારાં મંતવ્ય અને સૂચન શેર કરવા જરૂર ઇચ્છું, પણ હાલ એક સૂચન કરું. અંગ્રેજી સામયિકો અને અખબારોમાં લેખને અંતે લેખકનો એક-બે પંક્તિમાં પરિચય આપે છે એ પ્રથા અપનાવવા જેવી છે. વાર્ષિક સહયોગ રાશિ મોકલવા માગું છું. વર્ષો પહેલાં માલ્કોમ મગરિજના એક લેખ સંદર્ભે થયેલી ચર્ચામાં મેં શ્રી વાડીલાલ ડગલીને એક વિચારપત્ર શરૂ કરવાનું સૂચન કરેલું. વાડીલાલભાઈ એ વિચાર સાથે તો સંમત હતા પણ Commerce ના તંત્રીકાર્ય અને અન્ય પ્રકાશનો સાથેની જવાબદારીને કારણે તેઓ ત્યારે આ વિચાર અમલમાં મૂકી શકે એમ ન હતા. ત્યારબાદ કમનસીબે થોડા સમયે એમનું અવસાન થયું. આપના આવકાર્ય સાહસને શુભેચ્છા.

***- નરેશ પી. માંકડ, રાજકોટ.***

'ખોજ'નો અંક મળ્યો. ગુજરાતમાં ગંભીર લખાણોનાં પ્રકાશનો ઓછાં થતાં જાય છે ત્યારે આપે ખોજથી નવી ખોજ આરંભી છે. સત્ય સુધી પહોંચવા ઘણા પ્રયાસો કરવા પડે. એમાં કાર્લ પોપર જેવાને સમજવા સરળ નથી અને લોકભોગ્ય પણ બને નહીં - ત્યારે, આપે શરૂ કરેલા જ્ઞાનના યજ્ઞને મારી દીકરી અને હું આવકારીએ છીએ. જનસત્તામાં અમારી કોલમ 'અથથી ઈતિ' પ્રગટ થાય છે. અમારાં લખાણો ગંભીર હોય છે. ત્યારે, આપના તરફથી મળેલો અંક અમને અવશ્ય પ્રોત્સાહિત કરશે જ. હું નિવૃત્ત અધ્યાપક છું. મારી દીકરી હાલ અધ્યાપિકા છે. અમારી કોલમને અમે વિશાળ વર્ગખંડ તરીકે લેખીએ છીએ.

***- સિદ્ધાર્થ નરહરી ભટ્ટ, અમદાવાદ***

'ખોજ' મળ્યું. કવર પેજની અશક્ય આકૃતિ મેગેઝિનના પહેલા જ અંક ઉપર દોરીને તમારી આ પ્રવૃત્તિની ઈવેનચ્યુઅલ નિષ્ફળતાની આગાહી કરવા માગો છો? ઘણી ઘટનાઓના, સમસ્યાઓના અને તેના Solution ના છેડાઓ Locally બંધ બેસતા લાગે (આકૃતિમાં છે એની જેમ) પણ સમગ્ર જીવનનો વિચાર કરીએ ત્યારે છૂટાં છૂટાં સ્થાનિક સમાધાનો સામાજિક જીવનનું Viable structure ઊભું કરી શકતાં નથી. આવું કાંઈક સૂચવવા તમે ટાઈટલ પરની આકૃતિ પસંદ કરી છે? કવરની અંદરનાં અને ઉપરનાં ક્વોટેશન્સ સરસ છે.

સંપાદકીયમાં અંદરના લેખોનો ટૂંકો અને સ્પષ્ટ પરિચય છે તે ગમ્યું. પણ એના બીજા પેરાની વાત કદાચ તમારે માટે વધારે પડતી બંધનકર્તા નીવડે. એનો અર્થ એ થાય છે કે 'ખોજ'માં તમે 'સમાજ અને પ્રકૃતિમાં માણસનું સ્થાન શું એ વિશેના પોપર અને હાયેકનાં દર્શનોનું સંયોજન કરવાનો પ્રયત્ન કરશો'. આમાં પોપર હાયેકનાં દર્શનો અને એનું સંયોજન એ જ મુખ્ય પ્રવૃત્તિ છે. પછી એમાં ખોજ જેવું રહેતું નથી.

અનિલભાઈના લેખનાં વિધાનોના સમર્થનમાં કે વિરોધમાં (લાંબા સમય સુધી) ચર્ચાઓ, સર્જનાત્મક ચર્ચાઓ ચાલે એવી શુભેચ્છાઓ. અનિલભાઈનો લેખ General છે, ત્યારે તૃપ્તિબેનનો લેખ Down to Earth છે.

The Skeptical Environmentalist નો વિગતવાર દીર્ઘ પરિચય ગમ્યો. આગામી અંકોમાં આવનાર વિગતોની વાચકો રાહ જોશે. કેટલાક તો મૂળ પુસ્તક ખરીદવા કે બને તો લાયબ્રેરીમાંથી મેળવવા પ્રયત્ન કરશે. Activist groups માં આ લેખની (ઉગ્ર) ચર્ચાઓ થવાની વકી છે.

પર્યાવરણ બગડી રહ્યું છે એ વાત છેલ્લાં પંદરેક વરસથી જવાબદાર, સમજુ, રેશનલ, લોકહિત ચિંતક માણસો પાસેથી સાંભળવા મળી રહી છે અને આપણી આસપાસ જોતાં કાંઈ વાંચ્યા વગર પણ એવું લાગે. એ જ રીતે આપણી આસપાસ 'પ્રગતિ' થઈ રહી છે એ ય એટલું જ દેખાય છે. એ પ્રગતિમાંથી કશું જવા દેવું આપણને ગમે નહીં. આમ પ્રગતિ પર્યાવરણના ભોગે થઈ રહી છે એવી વાત સામાન્ય જનતા સુધી, સ્કુલનાં બાળકો સુધી પ્રસરેલી છે. આખી દુનિયામાં આ પરિસ્થિતિ હશે એમ માનું છું. આવતા અંકોમાં આ પ્રગતિની પર્યાવરણ ઉપર શું અસર થઈ છે એ સમજાવતી માહિતી હશે. કદાચ એ માહિતીની મુખ્ય વાત એ હશે કે પર્યાવરણમાં સુધારો ન થયો હોય તો પણ આપણે (એટલે કે હાલના ચીલાચાલુ પર્યાવરણવાદીઓ) ધારીએ છીએ એટલી હદે પર્યાવરણ બગડ્યું નથી. જોઈએ આ લેખમાળામાં આગળ શું આવે છે.

મને લાગે છે કે અંબરીષભાઈએ આ પુસ્તકના સાયન્ટીફીક અમેરીકન અને નેચરમાં આવેલાં વિવેચનો, પ્રતિભાવોનું ભાષાંતર પણ આપવું જોઈએ જેથી આ બહુ જ અગત્યના વિષયની ચર્ચાની બીજી બાજુની થોડી ખબર પડે.

બુદ્ધિવિવેક અને ખુલ્લો સમાજ - એક સંવાદ એ ઈન્ટરવ્યુમાં વ્યકત થયેલા પ્રો. પોપરના વિચારોમાં મને કશું નવું કે ક્રાંતિકારી ન લાગ્યું. કદાચ એમના વિચારો આધુનિક (અથવા contemporary) લોકશાહી રાજયોના ઘડતરમાં અમુક અંશે સ્વીકારાઈ અને વણાઈ ગયા હશે એટલે એવું લાગતું હોય. આપણે ત્યાં સરકારની નીતિઓની ટીકા કરવામાં ખાસ તકલીફ નથી પડતી. એ ટીકાની અસર સરકારની Decision making process ઉપર અને actual decision ઉપર કેટલી પડે છે એ મને ખ્યાલ નથી. આ વાતમાં મુખ્ય ભાર રેશનાલિઝમ, રેશનલ ડીસ્કશન, વગેરે ઉપર છે. મને લાગ્યું છે કે આ રેશનલ શબ્દની મારી સમજ ધૂંધળી છે.

Encounterના ઈન્ટરવ્યુનો મોટો ભાગ પ્રો. પોપરના માર્કસવાદના વિરોધ અને એનાં કારણો સાથે સંકળાયેલો છે. આજે માર્કસવાદ

લગભગ નહીંવત્ થઈ ગયો છે ત્યારે આ ટીકા મુખ્યત્વે ઐતિહાસિક મહત્ત્વની જ લાગે. ગાંધીજીના દેશમાં અહિંસાને પસંદ કરતી ફિલોસોફી પશ્ચિમના ફિલોસોફર પાસેથી લેવાની શું જરૂર એવો પ્રશ્ન પણ ઈન્ટરવ્યુ વાંચ્યા પછી થાય.

'ખોજ' માં રાજેશભાઈનો લેખ એમના વ્યક્તિગત અને ઊંડે સુધી સ્પર્શી ગયેલા આઘાતજનક અનુભવનું એક જાતની સરળ તટસ્થતાથી વર્ણન કરે છે એ ગમ્યું. એ દ્રષ્ટિએ એ લેખ સૌથી વધારે ગમ્યો. એ લેખના અનુભવમાંથી 'ખોજ'ની જુદી જુદી કેટલીયે કેડીઓ નીકળે છે.

સદ્ગુણોનો ઉદ્ભવ એ લેખના અંતના વિધાનનું લોજિક મને સમજાયું નહીં. અહીં 'એક પરિણામ તો સીધું .... સવાલ છે તેને રસ્તો કેવી રીતે આપવો, સ્થાપિત કેવી રીતે કરાય, રીડલી રસ્તો બતાવે છે' એ પેરાની વાત કરું છું. આ મૂલ્યો માનવીની અંતર્ગત જ હોય પછી એને સ્થાપિત કરવાની શું જરૂર? અંતર્ગત રહેલાં મૂલ્યોને રસ્તો આપવો એટલે શું એ મને ન સમજાયું. એટલે રીડલીભાઈએ રસ્તો બતાવવા શું કર્યું હશે એ ખ્યાલ ન આવ્યો.

અને છેલ્લે આ વાતને 'ખોજ'ના અંક સાથે સીધી નિસ્બત નથી પણ તોય લખું છું. જીવન કેમ જીવવું જોઈએ, સદ્ગુણોનો વિકાસ શા માટે અને કેમ કરવો જોઈએ અથવા કરી શકાય એના વિચારોની પરંપરા ભારતીય વિચારધારામાં પણ હોવી તો જોઈએ એમ મને લાગે છે. ખોજના આ અંકમાં આ વિષય પરના ઈમ્પોર્ટેડ વિચારોની જ ચર્ચા થઈ છે, આગળ જતાં લેખકોના મૌલિક વિચારો રજૂ કરતા લેખો આવશે એવી આશા છે.

*- કુમાર ભટ્ટ, અમદાવાદ*

(કુમારભાઈએ ઝીણી ઝીણી દરેક વિગત તથા દરેક લેખ પર ટિપ્પણી આપતો વિસ્તૃત પત્ર લખ્યો છે, જેને અહીં ટૂંકાવીને આપ્યો છે.)

## 'ખોજ' ની પહેલને હૃદયથી આવકાર

*-કાંતિ શાહ*

'ખોજ' આખું જોઈ - વાંચી - વિચારી - વાગોળી ગયો. સરસ આરંભ થયો છે — પૂરી તૈયારી સાથે. લખાણ તો ખરું જ, પણ બીજું બધુંયે સરસ છે. છપાઈ, ગેટ-અપ વગેરે પણ ગમ્યાં. શિવાસ્તે પંથાનઃ

તમારી આ પહેલને હૃદયથી આવકારું છું. આની બહુ જરૂર હતી. આ જગ્યા ખાલી જ હતી. કોઈપણ જીવંત ને પ્રબુદ્ધ સમાજમાં આવું વિચાર-મંથન સતત ચાલવું જ જોઈએ. આજનાં અન્ય પત્રો દ્વારા આ નથી થઈ શકતું. 'નિરીક્ષક'માં પ્રકાશભાઈએ 'ખોજ'ને આવકાર આપતાં પ્રાંજલપણે આ સ્વીકાર્યું જ છે. 'ભૂમિપુત્ર' માટે પણ હું આવું જ કહી શકું. તેનાં કારણોમાં નથી ઊતરતો. પણ આવાં વલોણાની જરૂર છે જ. માટે આમાં તમારી સાથે જ છું. ગુજરાતમાં આના ૫૦૦ / ૧૦૦૦ ગ્રાહક જરૂર થઈ શકે. એટલા તો વાંચનારા - વિચારનારા અવશ્ય છે. આ અભિક્રમ આર્થિક કારણોસર બંધ ન પડવો જોઈએ.

તમે લખો છો, મુક્ત ચર્ચા જમાવવામાં અમને ખૂબ રસ છે. આવું થાય, તે આપણા બધાંનું કોમન કન્સર્ન બની રહેવું જોઈએ, અને આને માટે આપણે બધાંએ આવશ્યક સજ્જતા કેળવવી રહી. 'વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ' તો એવો તત્ત્વબોધ નિષ્પન્ન થવો જોઈએ. વાદ બદ્ધ છે, વિચાર પ્રવાહી છે. ચર્ચા માટે વિચારને આપણે તત્પૂરતો ભલે બાંધીને ચાલીએ. પણ ચર્ચા કરતાં - કરતાં વળ ચઢતો જવો ન જોઈએ. નહીં તો તત્ત્વબોધ નહીં થાય. વિનોબાએ સત્યાગ્રહનું આવશ્યક તત્ત્વ સત્યાગ્રહીતા ગણાવ્યું છે. સામેવાળાનો સત્યાંશ ઝટ પકડી લેવો. પણ તે માટે સાહસ જોઈએ, વિનમ્રતા જોઈએ. એ સત્યાંશ પકડવા જતાં આપણે જેને સત્ય માનીને ચાલ્યા હોઈએ, જેના ઉપર આપણી દલીલોનું આખું માળખું તૈયાર કર્યું હોય, તે ભાંગી પડે, તો પુનર્વિચાર માટેની તત્પરતા હોવી જોઈએ. એટલે તત્ત્વબોધ માટે વાદ નહીં સંવાદ જોઈએ; માત્ર તર્ક નહીં, તેથી કાંઈક વિશેષ જોઈએ સત્ય માત્ર તર્કથી ગ્રાહ્ય થઈ શકતું નથી. તર્કનો આદર, તર્કનો આધાર, અને તેમ છતાં તર્કથી આગળ જવાની, તર્કથી ઉપર ઊઠવાની તૈયારી જોઈએ. માત્ર તર્કબુદ્ધિ જ નહીં, વિવેકબુદ્ધિ. અને વિવેકબુદ્ધિમાં હૃદયને, ભાવનાને સ્થાન હશે જ. બુદ્ધિ સાથે હૃદય ભળે. તત્ત્વબોધ માટે બંનેનો ઉપયોગ થવો જોઈએ.

આ વખતનો અંક વાંચી મારા મનમાં જે છૂટાછવાયા પ્રતિભાવો ઊઠ્યા, તે જણાવી દઉં. આમાં કોઈ વ્યવસ્થિત રજૂઆત કરવાની કોશિશ નથી કરતો, માત્ર તુરત જે પ્રતિભાવ ઊઠ્યા તે જણાવું છું.

૨૦મી સદીમાં બે વિચારધારાનો ગજગ્રાહ ચાલ્યો, તેની વાત થઈ છે. તેમાં ત્રીજી વિચારધારા ભુલાઈ ગઈ - સર્વોદયની. સમાંતર તે વિચારધારા પણ ઉદ્ભવી, વિકસી, તેનું આંદોલન ચાલ્યું. સર્વોદયના વિચારને ૧૦૦ વરસ થયાં. ૧૯૦૪માં તેનું ગર્ભાધાન થયું અને ૧૯૦૮માં 'સર્વોદય' શબ્દનો જન્મ થયો. હમણાં તેની શતાબ્દી ટાણે એક વિહંગાવલોકન મેં પ્રસ્તુત કર્યું છે. તેનું પુસ્તક 'સર્વોદય આરોહણ' હમણાં જ પ્રકાશિત થયું છે. અનિલના લેખમાં નેહરુની વિચારધારા સાથે ગાંધીની વિચારધારાને બ્રેકેટ કરી દેવાઈ છે. - 'નહેરુ સાથે મેળ પાડવાનું ગાંધીને સહેલું લાગ્યું.' 'ગાંધીવિચાર અને નેહરુવીયન સમાજવાદ વચ્ચે સમાધાનની એક ભોંય રચી આપી' - આ તદ્દન ખોટું છે. ગાંધી અને નહેરુ વચ્ચે આર્થિક વગેરે બાબતમાં કેટલું અંતર હતું, તે એમની વચ્ચે ૧૯૪૫માં

થયેલ કંઈક લાંબા પત્રવ્યવહારમાં દીવા જેવું સ્પષ્ટ થઈ જાય છે. પરંતુ રાજકીય આઝાદી માટેની લડતના માહોલમાં એ વસ્તુ દબાઈ ગયેલી.

આવી જ રીતે ૨૦મી સદીના પૂર્વાર્ધમાં બબ્બે વિશ્વયુદ્ધોને કારણે જ્યારે પશ્ચિમના ચિંતકોએ પુનર્વિચાર શરૂ કર્યો અને સદીના ઉત્તરાર્ધમાં એમનું જે ઊંડું ચિંતન ચાલ્યું, તેની પણ નોંધ લેવાઈ નથી. ખાસ કરીને શાણો સમાજ કેવો હોય, તેનાં મુખ્ય લક્ષણો કયાં હોય, વગેરે બાબતનું ઘણું ઊંડું ખેડાણ એરિક ફ્રોમ, કાપ્રા, ટોફલર, અબ્રાહમ માસ્લો જેવા માનવતાવાદી ચિંતકોએ કર્યું છે. એમણે એ વાત ઉપર પણ ભાર મૂકયો છે કે હિંસાની વાતને બાદ કરીએ તો રશિયાની વિચારધારા અને યુરોપ - અમેરિકાની વિચારધારા વચ્ચે તત્ત્વતઃ કોઈ ફરક છે નહીં. બંને સમાજમાં 'શાણપણ'ને ભૂંસી નાખતાં તત્ત્વો એક સરખાં છે. એટલે એ બંનેથી ભિન્ન એવા 'શાણા સમાજ' માટે આપણે ખોજ કરવાની છે.

આ વખતના અંકમાં મને પોપરની ૧૯૭૨ની મુલાકાત બહુ જ ગમી. લગભગ તેની બધી જ વાતનો મારી ભીતર પડઘો પડતો અનુભવ્યો. જો કે તેમાંનો સિંહભાગ હિંસાના નિષેધ માટે રોકાયો છે. મને લાગે છે કે તે વિશે હવે સમજદાર માણસોમાં કોઈ વિવાદ નથી, જેવો ૨૦મી સદીના પાંચમા- છઠ્ઠા દાયકા સુધી હતો. એટલે હવે તે વિવાદના ખંડનમાં વધારે સમય-શક્તિ ખર્ચવાને બદલે તેનાથી આગળનું વિચારવું જોઈએ. હિંસાની સાથોસાથ પોપરે રાજ્યના પસારા સામે અવાજ ઉઠાવ્યો છે, તે સર્વોદયની યે મૂળ ભૂમિકા છે. એટલે કે પોપરની આ વાતમાં યે મને સર્વોદય વિચારસરણીના પડઘા સંભળાય છે.

મને એ પણ ગમ્યું કે પોપર રેશનાલીઝમના નામે ધોકાપંથી નથી. એમણે તો ત્યાં સુધી કહી દીધું કે ''હું બુદ્ધિના 'બળ' કે બુદ્ધિની 'તાકાત' માં પણ નથી માનતો.'' વળી, કહ્યું, ''રેશનાલીટી અનુભૂતિમૂલક પરીક્ષણોનો આદર કરે છે.'' એમને 'નૈતિકતા'નો યે વિજ્ઞાનના નામે કોઈ છોછ નથી. 'વિવેક બુદ્ધિનો નિર્ણય બૌદ્ધિક જ નહીં, પરંતુ નૈતિક પણ છે.' વળી, કહે છે - 'રેશનાલીઝમ માનવીય અભિગમ સાથે વધારે જોડાયેલો છે.' એમણે 'chosen elite' ના સિદ્ધાંતને ઈરરેશનલ કહી નાખ્યો! અને સૌથી વધુ ખુશી મને એ જોઈને થઈ કે અંત્યોદયની બાબતમાં પોપર ગાંધી - વિનોબા જેટલી જ તીવ્ર હાર્દિક કન્સર્ન અનુભવે છે. પોપર સ્કેપ્ટીકલ નથી જ નથી. છતાં ગરીબી રેખાની ટકાવારી કેટલી ઓછી-વત્તી થઈ છે - આવી કોઈ લપ્પન - છપ્પનમાં પડયા વિના પોતાની અંતરતમની કન્સર્ન વ્યક્ત કરતાં સાફ શબ્દોમાં કહે છે - 'સંપત્તિની વહેંચણીના મોટા તફાવતો તથા અત્યંત ગરીબી અને અત્યંત ધનાઢયતા એક સાથે જોવા મળે, તેને મોટું દૂષણ ગણવું પડે.' આવો આ પોપર મુકત અને ખુલ્લા સમાજનો બુલંદ સમર્થક હોઈ શકે, આજે જે મુકત બજારનું સ્વરૂપ છે, તેનો સમર્થક હરગિજ ન હોય, એમ મારું અંતર તો કહે છે.

પોપર તો 'મનુષ્યની જિંદગીની તરફદારી'ની વાત કરે છે, 'માણસની રેશનલ એકતા'ની વાત કરે છે, 'દરેક માણસને મૂલ્યવાન ગણતી આસ્થા' ની વાત કરે છે, 'સૌની સાથે સમાન વર્તન અને સૌના સમાન અધિકારોની માંગ' કરે છે. - આ બધી સ્વહિતાર્થે મથતી વ્યક્તિઓની ગતિવિધિઓ'ની વાત નથી, પરંતુ 'કોઈ ઉચ્ચ મૂલ્યો કે પ્રેરણાથી દોરવાયેલા માનવી'ની વાત છે, 'સમાજનાં હિતોમાં પોતાનાં હિતોને ઓગાળવા' મથતા માનવીની વાત છે. આજે વિકાસ, વિશ્વીકરણ, મુકત બજાર વગેરે બધાનો કસોટીપથ્થર અને મૂલ્યાંકન માટેની ફૂટપટ્ટી આ જ વસ્તુ બનવી જોઈએ. જેમાં આ વસ્તુ ન હોય, તે બધાં મોતી પેલા હનુમાનની જેમ ચાવી - ચાવીને ફેંકી દેવા જેવાં છે.

બીજી એક વાત મને પોપરના આ ઈન્ટરવ્યૂમાં નોંધપાત્ર લાગી, તે એ કે રશિયાના મોડેલની વિરુદ્ધ એમણે લોકશાહી વ્યવસ્થાની જોરદાર અને અનિવાર્ય એવી હિમાયત કરી છે, એ સાચું; પરંતુ તેની સાથોસાથ આ લોકશાહી વ્યવસ્થાની યે મર્યાદા વિશે તેઓ સજાગ છે. લોકશાહી વ્યવસ્થા કેટલી સારી ને ઇચ્છનીય છે, તે પ્રતિપાદિત કરવા પાછળ સમય-શક્તિ ખર્ચવાની હવે ગરજ નથી. આજે તો હવે આ લોકશાહી વ્યવસ્થાની તલસ્પર્શી સમીક્ષા કરીને તેની મર્યાદાઓ, વિકૃતિઓ વગેરે તરફ તથા તેના કાયાકલ્પ તરફ ધ્યાન આપવાનું છે. ■

સ્થળસંકોચને કારણે ઘણા પત્રો/પ્રતિભાવો પૂરે પૂરા આપી શકાયા નથી. આ ઉપરાંત પ્રજ્ઞાબેન પટેલ - ગાંધીનગર, બંકીમભાઈ શેઠ તથા સેવા રુરલ પરિવાર-ઝગડીયા, ઈબ્રાહિમભાઈ ખત્રી-રાજપીપળા, બાબુલાલ ગોર-ભુજ, દિલીપભાઈ નાયક-વડોદરા, ઘનશ્યામભાઈ શાહ-અમદાવાદ, હસમુખભાઈ પટેલ-અમદાવાદ, ઉર્મિલાબેન જોશી-અમદાવાદ, ભદ્રાબેન-વિક્રમભાઈ સવાઈ-અમદાવાદ, બી.એ.પંડ્યા-સુરત, જયેશભાઈ દેસાઈ-આમરોલી, ઘનશ્યામભાઈ-હંસાબેન ભરુચા-મુંબઈ, સુભાષભાઈ મહેતા-મુંબઈ, કેશુભાઈ પટેલ-મુંબઈ વગેરે મિત્રોના પ્રોત્સાહક અભિનંદનો અને શુભેચ્છાઓ મળ્યાં છે, જે પણ સ્થળસંકોચને કારણે અહીં સમાવી નથી શકાયાં. ઘણાંએ રુબરુ કે ફોન પર પણ શુભેચ્છાઓ આપી છે. પ્રકાશભાઈએ ૧ મે ના 'નિરીક્ષક'માં ખોજ માટેની મથામણને પોતાની આગવી શૈલીમાં દિલી આવકાર આપ્યો છે. 'ભૂમિપુત્ર' પરિવાર તેમજ 'દૃષ્ટિ'એ ઉષ્માભર્યો આવકાર આપ્યો છે. આપ સૌના ઉમળકાભર્યા આવકારથી અમારો ઉત્સાહ તો બેવડાયો જ છે, સાથે સાથે જવાબદારીનું ભાન પણ. સૌનો દિલથી આભાર માનીએ છીએ.

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર
# ૧

**- *અનિલ પટેલ***

*Liberty is not a value but the ground of value.*

*- W.H. Auden*

*Freedom is the soil required for the full growth of other values.*

*- C. Bay*

એપ્રિલ ૨૦૦૩માં જનપથ સાથે મળીને સુદર્શન આયંગરે જી.આઈ.ડી.આર. અમદાવાદમાં એક ગોષ્ઠીનું આયોજન કરેલું. ઉદારીકરણ-વિશ્વીકરણનાં સારાં-નરસાં પાસાંની ચર્ચા કરવા ગોષ્ઠી ગોઠવાયેલી. ગુજરાતમાં સ્વૈચ્છિકો વચ્ચે આવી ચર્ચા કદાચ પહેલી વાર ગોઠવાઈ.

જાહેર જીવનના પ્રશ્નો સાથે નિસ્બત ધરાવતા અને ખાસ કરીને ગરીબીના પ્રશ્ને ચિંતિત સ્વૈચ્છિક સંસ્થાઓ અને વિચારકો લગભગ એકી અવાજે ઉદારીકરણ અને વિશ્વીકરણની સખત આલોચના કરે છે. આવા માહોલમાં આ ચર્ચાનું આયોજન થયું તે નવીન હતું અને આવકારદાયક હતું. ઉદારીકરણનું સમર્થન કરતાં અંતે મેં કહ્યું કે જો કારમી ગરીબીને દેશવટો આપવો હોય અને તે અર્થે આર્થિક વિકાસ કરવો હોય તો મુકત બજાર અર્થતંત્ર એ જ ખરો વિકલ્પ આપણી સમક્ષ છે. આર્થિક વિકાસના આપણી સમક્ષ બે જ વિકલ્પો છે, જેને વ્યવહારમાં મૂકી શકાયા છે. એક વિકલ્પ છે, બુદ્ધિપૂર્વકના કેંદ્રીત આયોજનથી ઉત્પાદન લેવું અને તેનું સામાજિક ન્યાયને અનુરૂપ વિતરણ કરવું. બીજો વિકલ્પ રહે છે મુકત બજાર વ્યવસ્થાનો જેમાં સાર્વત્રિક અને સામાન્ય (general) કાયદાઓની મર્યાદામાં રહીને દરેક વ્યક્તિ પોતાના હેતુઓની સિદ્ધિ અર્થે સ્વતંત્ર રીતે પોતાનાં સાધનોનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે અને બજારમાં તેનો વિનિમય કરે. વાસ્તવમાં આ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ રહેતો નથી. ગુજરાતમાં એક ત્રીજા વિકલ્પની ચર્ચા પણ ઠીકઠીક ચાલી છે. ત્રીજો વિકલ્પ ગાંધી-વિનોબા દર્શન આધારિત સર્વોદયી વિકાસનો મુકાયો છે. ગાંધીના ત્રણ પાયાના સિદ્ધાંતોનો આધાર લઈને સાચો સમાજવાદ લાવવા માંગતો આ ત્રીજો વિકલ્પ છે. આ ત્રણ સિદ્ધાંતો : (૧) સૌના ભલામાં મારું ભલું (સર્વોદય) (૨) સૌના કામની કિંમત એક સરખી છે (સામાજિક ન્યાય) (૩) ખેડૂત તરીકેનું જીવન જીવવા જેવું છે (ગ્રામ કેન્દ્રી મર્યાદિત ઉપભોગની વ્યવસ્થા).

આ વિકલ્પનો દાવો છે કે મહત્તમ મનુષ્યોનું મહત્તમ સુખ (Maximum Happiness of Maximum People)ના આદર્શથી પણ આગળ જતો, સૌનું ભલું શોધતો આ શ્રેષ્ઠતર સમાજવાદી આદર્શ છે. વિનોબાજીનું ગ્રામદાન આંદોલન આ વિકલ્પને મૂર્તિમંત કરવાની એક વ્યવહારુ વ્યૂહરચના ગણવામાં આવી છે. લગભગ બે દાયકા સુધી આ અભિયાન મથ્યું, પરંતુ વાસ્તવમાં વધતા કે ઓછા પ્રમાણમાં તે કયાંય સફળ થયું નહીં, તે એક હકકીત છે. આ વ્યૂહરચનાનું જેટલું ઘનિષ્ઠ વિશ્લેષણ અને આલોચના થવી જોઈએ તે થઈ નથી. ક્યાંક આછું પાતળું મૂલ્યાંકન થયું છે.

ગ્રામ કેંદ્રી આ વ્યૂહરચનામાં જમીન ઉપરના ખાનગી માલિકી હક્કોનું સ્વૈચ્છિક વિસર્જન કરીને સર્વાનુમતિથી ગ્રામસભાના સામૂહિક અધિકારો સ્થાપવાનો વિચાર પાયામાં છે. વહેંચીને સરખે ભાગે ખાવાની એક પરિવાર ભાવનાથી આખો સમાજ રસાઈ જાય તેવી નૈતિક ભાવનાને સંકોરવી, સમજાવટના માર્ગે સામૂહિક માલિકી હક્કોને સ્થાપવા અને બજારની માયાજાળમાંથી મુક્ત થવું એ આ દર્શનનો બીજો મહત્ત્વનો સિદ્ધાંત છે. હિંસક ક્રાંતિ તો નહીં જ, પરંતુ રાજ્યની દંડશક્તિ (કાનૂન)ના બળપ્રયોગને પણ આમાં છોડવાનો છે. સમજાવટ દ્વારા સર્વાનુમતિ સાધવાની છે. પણ જો સર્વાનુમતિ ના સધાય તો ? આમ બનવું તો લગભગ અનિવાર્ય જ ગણાવું જોઈએ. આ સૌથી કઠિન સવાલ છોડીને બીજા આનુષંગિક સવાલો જોઈએ. શું ઉત્પાદન લેવું? કેટલું ઉત્પાદન? ન્યાયી વહેંચણીનાં ધોરણો અને માપદંડો કયા? વધારાના ઉત્પાદનનું શું કરવાનું? પેદાશોની કોઈ ન્યાયી ધોરણે વહેંચણી કર્યા પછી દરેક વ્યક્તિની પોતાની આગવી અને ભિન્ન જરૂરિયાતો અને હેતુઓને સિદ્ધ કરવા માટેનાં સાધનો કયા? પોતાને ભાગે આવેલી ખેતપેદાશોના અમુક ભાગનું વેચાણ કરીને સાધનો ઊભાં કરવાનાં? બજાર તો આવીને ઊભું જ રહ્યું. સિવાય કે સર્વાનુમતિથી જમીનની માલિકીનું વિસર્જન કરી દેવાની એક પૂર્વધારણા ઉપર બીજી એક અવાસ્તવિક પૂર્વધારણા કરવામાં આવે કે સર્વાનુમતિથી ગામની દરેક વ્યક્તિ પોતાને ભાગે આવેલી ખેતપેદાશોને અનુરૂપ જ પોતાની માંગોને ગોઠવશે. વ્યવહારમાં તો બીજા પણ આવા કઠિન પ્રશ્નો ઊભા થવાના જ. આ વ્યવસ્થા ઊભી થઈ શકે તેવું પ્રથમદર્શી દૃષ્ટિએ લાગતું નથી. સિદ્ધાંત એક વસ્તુ છે, વ્યવહારમાં તેને અમલી બનાવવાની વ્યવહારુ નીતિ એ બીજી વસ્તુ છે. આવી કોઈ વ્યવહારુ નીતિના અભાવમાં આ સિદ્ધાંતને ત્રીજા વિકલ્પ તરીકે ગણી શકાય નહીં. વળી સૈદ્ધાંતિક રીતે આ વિકલ્પ સમાજવાદી વિકલ્પની ઘણી નજીક જાય છે. કારણ કે સમાજવાદની જેમ જ આ વિકલ્પ પણ ખાનગી માલિકીનું વિસર્જન મુખ્ય ગણે છે. આમ ખાનગી માલિકીના સિદ્ધાંત આધારિત મુક્ત બજાર વ્યવસ્થા અને ખાનગી મિલકતની નાબૂદી આધારિત કેંદ્રીત આયોજનવાળી સમાજવાદી વ્યવસ્થા એમ બે જ વિકલ્પો બચે છે. આ સિવાય બ્રિટીશ લેબર પાર્ટીના વિચારગુરુ તરીકે વિખ્યાત ચિંતક એન્થની ગીડન્સનો ''Third Way'' ત્રીજા રસ્તાને વ્યવહારુ વિકલ્પ રૂપે આગળ કરાયો છે. આમાં બજારના અર્થતંત્રને નાબૂદ કરવાનું નથી. ઉત્પાદન તો તેના આધારે જ કરવાનું છે. કલ્યાણકારી અર્થવ્યવસ્થા (Welfare Economics)ની નવી સુધારેલી આવૃત્તિ તરીકે વિવેચકોએ તેને જોયો છે. તેની ચર્ચા અહીં કરવી નથી. યોગ્ય સ્થળે તેની ચર્ચા કરીશું.

રજૂઆતના અંતે મેં કહ્યું કે વિકાસની તરાહ માટે તો મુક્ત બજાર વ્યવસ્થાનો વિકલ્પ જ એક માત્ર ટકાઉ વિકલ્પ છે. ૨૦મી સદીના અંત સુધીમાં ધીમેધીમે સમજાયેલી માનવની જૈવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈએ તો એમ કહી શકાય કે આ માનવીય પરિસ્થિતિનો તર્ક જ એવો છે જેમાં મુક્ત બજાર વ્યવસ્થાનો વિકલ્પ જ એક માત્ર રેશનલ અને માનવીય વિકલ્પ તરીકે બચે છે.

માનવીય પરિસ્થિતિના તર્કની થીસીસ ઉપર લાંબી ચર્ચાઓ એક નાના વર્તુળમાં થઈ. આ પ્રક્રિયા લગભગ બે વરસ સુધી ચાલી. આખી થીસીસને ચર્ચા-વિચારણાના અંતે શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન પણ કર્યો છે.

'ખોજ'ના પહેલા અંકમાં આ પ્રક્રિયાનો અછડતો ઉલ્લેખ પણ કર્યો છે. 'ખોજ'નો અંક ૬ઠ્ઠી એપ્રિલના રોજ ટપાલમાં રવાના થયો તેના પછી તરત જ ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાત સર્વોદય મંડળની બેઠકોમાં એક બેઠક મુક્ત બજાર વ્યવસ્થા ઉપર થઈ. લગભગ ત્રણ કલાક ચાલેલી આ રસપ્રદ ચર્ચામાં વિવિધ મુદ્દાઓ ઊઠયા : મુક્ત બજાર ખરેખર મુક્ત છે ? પસંદગીની સ્વતંત્રતા ઉપર મુક્ત બજારનો વિચાર ઊભેલો છે. આ પસંદગીની સ્વતંત્રતા ખરેખર છે ખરી? મુક્ત બજારનાં નૈતિક મૂલ્યો છે ? કયા છે ? માર્કેટ અર્થવ્યવસ્થામાં વિકાસનો દર સતત વધતો જ રાખવાનો છે. શું આ શક્ય છે ? આ વિકાસ ટકાઉ હશે ? એક મત એવો પણ રહ્યો કે રાજ્ય સંચાલિત અર્થવ્યવસ્થા અને માર્કેટ વ્યવસ્થાની વચ્ચે કેંદ્રીત આયોજનના બધા અનુભવો પછી પણ પહેલી અર્થવ્યવસ્થા જ આવકાર્ય ગણાવી જોઈએ.

ત્યાર પછી વડોદરામાં 'વંચિતો સુધી વિકાસનાં ફળો' ઉપર એક દિવસની વિચારગોષ્ઠીમાં જવાનું થયું. ગાંધીધામમાં પીવાના પાણીની સમસ્યા ઉપર બે દિવસની ગોળમેજી પરિષદમાં પણ જવાનું થયું. વિવિધ વિષયો અને સંદર્ભમાં ઊપડેલી ચર્ચામાં અનિવાર્યપણે દેશમાં ચાલી રહેલા અડધા-પડધા ઉદારીકરણનો બેક ડ્રોપ સતત મહેસૂસ થયા કર્યો. આ જ સંદર્ભમાં મૂળભૂત માનવઅધિકારો અને સ્વતંત્રતાના વિવિધ મુદ્દાઓ ઊઠતા જ રહ્યા.

છેલ્લાં બે વરસમાં જે લખવાનું થયું અને વિચારપ્રક્રિયા ચાલી તેમાં મારું મુખ્ય ધ્યાન જી.આઈ.ડી.આર.માં છેલ્લે મુકાયેલી એ થીસીસ ઉપર જ રહ્યું : મુક્ત બજાર એ જ માત્ર વિકાસનો સાચો વિકલ્પ છે અને મનુષ્યની સ્થિતિમાં નીહીત્ તર્ક મુક્ત બજારનો જ છે.

આ થીસીસ હજી મને માન્ય છે અને તેનો વિસ્તાર મારે કરવાનો જ છે. પરંતુ જેમ જેમ ચર્ચાઓમાં અને વાંચનમાં ઊંડો ઊતરતો જાઉં છું તેમ તેમ સમજાતું જાય છે કે મુકત બજાર એ કોઈ સાવ સ્વતંત્ર વિચાર નથી - જે આકાશમાંથી ટપકી પડ્યો હોય. બીજી રીતે કહીએ તો આ કાંઈ તકનિકી અર્થશાસ્ત્રમાં સમાઈ જતો એક સીમિત વિચાર નથી. મુક્ત અર્થવ્યવસ્થાનો વિચાર પોતે જ એક બૃહદ્ તાત્ત્વિક વિચારમાં ગોઠવાયેલો છે. ઐતિહાસિક સંદર્ભ જેમાં હું મારી વાત મૂકવા માંગું છું તેમાં પણ મુકત બજારનો વિચાર એક સમગ્ર તાત્ત્વિક દર્શનની અંતર્ગત ઉદ્ભવેલો અને ઉત્ક્રાંતિત થયેલો વિચાર છે. સમગ્ર ચર્ચાનો સંદર્ભ બનતું આ દર્શન બહુ ટૂંકમાં કહીએ તો વ્યક્તિસ્વાતંત્ર્યના વિચારનું છે.

માનવીય સ્વતંત્રતાના અનેક પ્રકારો મનુષ્ય ઇતિહાસમાં ધીમે ધીમે ઊપસ્યા છે. આમાંનો એક પ્રકાર તે વ્યક્તિસ્વાતંત્ર્ય. વ્યક્તિસ્વાતંત્ર્યના પરિપ્રેક્ષ્ય વિના મુકત બજારનો વિચાર અને આચાર ન સમજી શકાય અને મુકત બજાર વગર વ્યક્તિસ્વાતંત્ર્ય બહુ લાંબું ચાલે નહીં. બંને વિચારો એકબીજાના પોઝીટીવ ફીડબેકના સંબંધે બંધાયેલા છે.

સૌ પ્રથમ એક ટૂંકી ચર્ચા સ્વતંત્રતાની વિવિધ વિભાવનાઓની કરી લઈએ, અને એકબીજા વચ્ચેના સંબંધો, જો હોય તો, સમજી લઈએ. મુકત બજારના સિદ્ધાંત અને અમલીકરણ ઉપર દરેકની કઈ અસરો છે તે સમજવા માટે પણ આ મહત્ત્વનું છે, જેથી ચર્ચા જ્યારે વધુ સંકુલ થતી જાય ત્યારે દરેક તાંતણો આપણે અલગ પારખી શકીએ અને ચર્ચા બીજે માર્ગે ફંટાઈ ના જાય અને તેમ થાય તો મૂળ રસ્તે પાછા વળી શકીએ.

## ૧. વ્યક્તિસ્વાતંત્ર્ય (Individual Liberty)

એક એવી સમાજ વ્યવસ્થા જેમાં એક વ્યક્તિ ઉપર બીજી કોઈ વ્યક્તિ કે વ્યક્તિનો સમૂહ પોતાની મનસ્વી ઇચ્છાઓને બળપ્રયોગ કે દંડશક્તિ (coercion)નો ઉપયોગ કરીને લાદી ના શકે. અને તેમનું ધારેલું કરાવી ના શકે. આવી વ્યવસ્થામાં વ્યક્તિ ઉપર નિયંત્રણો ખરાં, પરંતુ આ નિયંત્રણો કોઈ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહની મનસ્વી ઇચ્છાઓનું પરિણામ ના હોય. આ નિયંત્રણો કયા હોય? કેવાં હોય? કેવી રીતે અસ્તિત્વમાં આવ્યાં હોય? તેમાં ફેરફારો કોણ કરે? કેવી રીતે કરે? વિ. મહત્ત્વના પ્રશ્નો છે તેની ચર્ચા કરીશું. આ નિયંત્રણોને અમલી કરવા છેક છેલ્લા ઉપાય તરીકે રાજ્યની દંડશક્તિ (coercion)નો આધાર લેવાનો છે પરંતુ આ દંડશક્તિનું સ્વરૂપ શું હોય, તેમાંથી અળખામણી મનસ્વિતાને ન્યૂનતમ કેવી રીતે કરવાની છે, આ પણ વધુ છણાવટના પ્રશ્નો છે.

આ વ્યવસ્થામાં ગોઠવાયેલી સ્વતંત્રતાને વ્યક્તિસ્વતંત્રતા કહી છે. આપણી ચર્ચાના કેંદ્રમાં આ જ સ્વતંત્રતા છે અને તેને જ મુખ્ય ગણી છે. આ સ્વતંત્રતાને ઘણી વાર નાગરિક સ્વતંત્રતા (Civil Liberty) કહેવાઈ છે પરંતુ રાજકીય સ્વતંત્રતા (Political Liberty) સાથે તેનો ગોટાળો થઈ શકે તેમ હોવાથી તે શબ્દ ટાળ્યો છે.

સ્વતંત્રતા શબ્દની સાથે જ સ્વાભાવિક રીતે એ ભાવ થાય જ કે સ્વતંત્રતા એટલે યથેચ્છ, નિર્બંધ વર્તણૂકની સ્વતંત્રતા. પરંતુ સમાજમાં ગોઠવાયેલી વ્યક્તિ માટે આવી સ્વતંત્રતા પામવી અસંભવ છે. દરેક વ્યક્તિની સ્વતંત્રતાને બીજી વ્યક્તિની સ્વતંત્રતા સાથે સુમેળભરી રીતે ગોઠવવાની છે. બધી જ વ્યક્તિઓની ઇચ્છાઓ, હેતુઓ અને સ્વતંત્રતાનો સમન્વય કરવાનો છે. આ સંદર્ભમાં દરેક વ્યક્તિની સ્વતંત્રતા અન્ય વ્યક્તિઓની સ્વતંત્રતાથી સીમિત થાય જ, તેની ઉપર નિયંત્રણો આવે જ.

આ વાસ્તવિક પરિસ્થિતિમાં વ્યક્તિની સ્વતંત્રતા ઉપર દંડશક્તિ આધારિત નિયંત્રણો ન્યૂનતમ કેવી રીતે કરી શકાય જેથી દરેક વ્યક્તિને ઇચ્છા મુજબ વર્તવાની મહત્તમ સ્વતંત્રતા મળે. આવી સ્વતંત્રતા સિદ્ધ કરવા માટેની નીતિ સામે આ મુખ્ય સવાલ છે.

સ્વતંત્રતાનો આ સૌથી જૂનો અર્થ છે. કમસે કમ યુરોપિયન સમાજનો ઇતિહાસપ્રવેશ આ અર્થમાં સ્વતંત્ર અને પરતંત્ર ભાગમાં વહેંચાયેલા સમૂહોના સમાજ સ્વરૂપે ગ્રીસમાં આશરે અઢી હજાર વર્ષ પહેલાં થયેલો. એક બાજુ ગુલામો જેઓ સંપૂર્ણપણે તેમના માલિકોની મનસ્વી ઇચ્છાઓને તાબેદાર હતા, જેમાં અપવાદ બાદ કરતાં તેમની પોતાની ઇચ્છાનો કોઈ સવાલ જ ના હતો. બીજી બાજુ સ્વતંત્ર લોકોના સમૂહો હતા જેમાં અન્યોની મનસ્વી ઇચ્છાઓથી સ્વતંત્ર રહેવાની ક્ષમતા વધતા-ઓછા પ્રમાણમાં હતી તો ખરી જ. છેક તે સમયથી મનાયું છે કે સ્વતંત્રતા એટલે 'અન્યની મનસ્વી ઇચ્છાઓથી સ્વતંત્ર'.

સ્વતંત્રતાના આ અર્થને મર્યાદિત, સ્થૂળ, સામાન્ય કહેતાં અસંસ્કૃત કહીને નકારવામાં આવ્યો. ત્યાર પછીના કાળના ચિંતકો દ્વારા તેનું વધારે બારીક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સ્વતંત્રતાની વધારે બારીક, શુદ્ધ અને બહોળી વિભાવનાઓ વિકસાવવાના ભરપૂર પ્રયત્નો થયા છે. આનાથી ગોટાળા પણ બહુ મોટા સર્જાયા છે. સૌ પ્રથમ એક વાત સ્પષ્ટ

સમજી લઈએ કે પાછળથી ઉદ્‌ભવેલ સ્વતંત્રતાની વિભાવનાઓનો મૂળ કલાસીક વિભાવના સાથે કોઈ પણ સગાઈનો સંબંધ નથી. બીજી વિભાવનાઓ, મૂળ વિભાવનાની પ્રજાતિઓ (species) નથી.

આ સ્પષ્ટતા કર્યા પછી વ્યક્તિસ્વાતંત્ર્ય એ માનવીઓ વચ્ચેના સંબંધને જ દર્શાવે છે. સ્વતંત્રતા ઉપરનો કાપ એટલે અન્ય માનવીએ તેની ઉપર કરેલી બળજબરી (coercion). માનવી સમક્ષની ભૌતિક તકો જો મર્યાદિત હોય તો તેનો સ્વતંત્રતા સાથે સંબંધ નથી. પર્વતખેડુ કોઈ ફાટમાં ફસાઈ જાય તો તેની સ્વતંત્રતા એક અર્થમાં જોખમાઈ કહેવાય પરંતુ જીવ બચાવવાનો એક રસ્તો ખુલ્લો હોય તો તે સ્વતંત્ર જ કહેવાય. વ્યક્તિની સામે કેટલા વિકલ્પો ખુલ્લા છે તે મુદ્દો અગત્યનો છે જ. પરંતુ વ્યક્તિની સામે જે પણ વિકલ્પો છે તેમાંથી પસંદગી કરવાને તે સ્વતંત્ર છે કે બીજી વ્યક્તિ બળપ્રયોગ કરીને તે વિકલ્પની પસંદગીને અવરોધી શકે છે, તે બીજો મુદ્દો છે.

માનવી સમક્ષના અનિવાર્ય સીમિત વિકલ્પોના સંદર્ભમાં સ્વતંત્રતા વ્યક્તિ માટે નિશ્ચિત નીજી પ્રદેશ (private domain) ધારી લે છે. આ નીજી પ્રદેશમાં વ્યક્તિની સ્વતંત્રતામાં કોઈ દખલગીરી કરી શકતું નથી. વ્યક્તિસ્વાતંત્ર્યને નિયંત્રિત કરતી દંડશક્તિ શું છે તેની સ્પષ્ટતા થયા પછી આ સ્વતંત્રતા વધારે સ્પષ્ટ થશે. આમ કરીએ તે પહેલાં સ્વતંત્રતાની બીજી વિભાવનાઓ કઈ અને વ્યક્તિસ્વતંત્રતાથી કેવી રીતે જુદી પડે છે તે ઉપર એક નજર કરી લઈએ.

## ૨. રાજકીય સ્વતંત્રતા (Political Liberty)

સરકારની પસંદગીમાં, કાયદાની પ્રક્રિયામાં, વહીવટીતંત્રને નિયંત્રણમાં રાખવાની પ્રક્રિયામાં સહભાગી થઈ શકવાની આ સ્વતંત્રતા છે. આ એક પ્રકારની સામૂહિક સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતા ભોગવતો સમૂહ સ્વતંત્ર વ્યક્તિઓનો બનેલો છે એવું હંમેશાં કહી શકાય નહીં. તેથી ઊંધું આવી રાજકીય સ્વતંત્રતા ધરાવતી ના હોય તેવી વ્યક્તિઓ સ્વતંત્ર ના હોય તે જરૂરી નથી. દા.ત. ૧૮ વર્ષથી નીચેની મતાધિકાર ના ધરાવતી વ્યક્તિઓ વ્યક્તિસ્વાતંત્ર્ય ધરાવતી નથી એમ કહી શકાય નહીં.

કોઈ એવો અર્થ કરે કે 'સ્વતંત્રતા તો એ જ કે જેમાં જાહેર કાયદાના ગઠનમાં ભાગ લઈ શકાય, કે જાહેર સત્તામાં ભાગ લઈ શકાય' તો તેમ કહેવાનો તેને હક્ક છે પરંતુ તે જે સ્થિતિ વર્ણવે છે અને જે વ્યક્તિસ્વતંત્રતાની આપણે વાત કરીએ છીએ તે બે સાવ ભિન્ન સ્થિતિઓ છે. બંને સ્થિતિઓને આપણે 'સ્વતંત્રતા'નું એક સરખું નામ આપ્યું છે, તેથી બંને એક સમાન છે કે એકબીજાની અવેજીમાં તે રહી શકે છે તેમ માનવાની ભૂલ કરવા જેવી નથી. બંનેને સરખા ગણવાથી બહુ મોટો ગોટાળો થઈ શકે. કારણ કે કોઈ વ્યક્તિ મત આપીને કે સ્વૈચ્છિક કરાર કરીને ગુલામીનો સ્વીકાર કરી પણ શકે અને કલાસીકલ સ્વતંત્રતાને જતી કરવા તૈયાર થાય પણ ખરી. પણ પછી આ વ્યક્તિઓ આપણે કહી તે અર્થમાં સ્વતંત્ર કહી શકાય નહીં.

આપણા જીવનકાળમાં આપણે અનેક વાર જોયું છે કે લાખો લોકો તેમના મતનો ઉપયોગ કરીને તાનાશાહી બળોને સર્વસત્તા સોંપી દે છે. એ જરૂરી નથી કે સરકારની પસંદગીમાં ભાગ લઈ શકવાની સ્વતંત્રતાના પ્રયોગથી વ્યક્તિસ્વાતંત્ર્ય હંમેશાં સિદ્ધ થાય છે.

રાષ્ટ્રીય સ્વતંત્રતાની ચળવળો આ અર્થમાં સામૂહિક સ્વતંત્રતાની ચળવળો હતી. વ્યક્તિસ્વાતંત્ર્યમાં માનનારાઓએ એ ચળવળોનું સમર્થન પણ કરેલું જે સર્વથા વ્યાજબી હતું પરંતુ રાજકીય સ્વતંત્રતા અને વ્યક્તિસ્વતંત્રતા બે સાવ અલગ વસ્તુ જ છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા સિદ્ધ થયા પછી જ લઘુમતીઓના હક્કો ઘણી વાર નષ્ટ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા સાથે લઘુમતીઓના હક્કો અનિવાર્ય સાથે જતા નથી.

વ્યક્તિસ્વાતંત્ર્ય અને રાષ્ટ્રીય સ્વતંત્રતા માટેની અદમ્ય ઝંખના એક જ પ્રેરણા અને લાગણીમાંથી જન્મતી હોવા છતાં તે બંને જુદાં છે તે ભૂલવું જોઈએ નહીં.

## ૩. અંતરાત્માની (આંતરિક) સ્વતંત્રતા

આ સ્વતંત્રતા વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે સૌથી વધારે ઘનિષ્ઠતા ધરાવે છે, તેથી તે વચ્ચે ગોટાળો પણ વધારે થાય છે. મનુષ્ય પોતાની ઈચ્છાશક્તિ અને બુદ્ધિનો દોરવાયો જ નિર્ણયો લે છે કે પછી તત્ક્ષણ આવેગો કે પ્રેરણાઓનો માર્યો નિર્ણયો લે છે. મનુષ્યનો પોતાનો સંકલ્પ વધારે નિર્ણાયક છે; કે પછી અપપ્રચારની અસર વધારે નિર્ણાયક છે, તે સાથે આ સ્વતંત્રતા જોડાયેલી છે.

અંતરાત્માની સ્વતંત્રતામાં વખતોવખત જોવા મળતી કચાશનો અર્થ એ નથી કે તે વ્યક્તિની ઉપર બળપ્રયોગ થઈ રહ્યો છે કે દંડશક્તિ ઉગામાઈ

રહી છે. જો વ્યક્તિ શાંત ચિત્તે વિચારેલ નિર્ણયને અણીની પળે બદલી નાંખે અને તે જે કરવા માંગતો હતો કે હજી જે કરવા માંગે છે તે ના કરી શકે ત્યારે આપણે કહી શકીએ કે તે તેની ભાવનાઓ અને લાગણીઓનો ગુલામ છે.

ઘણી વાર સાચી માહિતી કે જ્ઞાનના અભાવે, કે વહેમી માન્યતાઓના કારણે પણ તે ખોટા નિર્ણયો લે ત્યારે આપણે કહીએ કે ''જ્ઞાન માનવીને મુકત કરે છે.'' વ્યક્તિ બુદ્ધિપૂર્વક વિકલ્પો વચ્ચેની પસંદગી કરી શકે છે કે તેણે લીધેલા નિર્ણયોને સંકલ્પપૂર્વક વળગી રહી શકે છે કે નહીં તે અને બીજી કોઈ વ્યક્તિ તેની ઉપર તેના નિર્ણયો બળપૂર્વક લાદશે, એ બંને પ્રશ્નો જુદા પ્રકારના છે. અલબત્ત આ બંને સ્થિતિ વચ્ચે સંબંધ હોઈ શકે. જે સ્થિતિમાં એક વ્યક્તિ બળજબરી થતી હોવાનો અનુભવ કરે તે જ પરિસ્થિતિ અન્ય કોઈ વ્યક્તિને સામાન્ય મુશ્કેલી લાગે જેને તે સહેલાઈથી દૂર કરી શકે. વ્યક્તિ તેની સમક્ષની તકોની જાણકારીનો કેટલો ઉપયોગ કરી શકશે તે અમુક અંશે આ બંને પ્રકારની સ્વતંત્રતા ઉપર અવલંબે છે. વૈજ્ઞાનિક નિયતિવાદની ફિલસૂફીએ ''આંતરિક સ્વતંત્રતા''ની શકયતા અને અસ્તિત્વ ઉપર જ મહાપ્રશ્નો ખડા કરીને સ્વતંત્રતાનો છેદ જ ઉડાવી દેવાના પ્રયત્નો કર્યા છે. આના કારણે વ્યક્તિગત જવાબદારીના આધારને જ ખતમ કરવાની કોશિશો કરવામાં આવી છે.

ભૌતિક સુખોની પાછળ સતત દોડતા મનુષ્યે તેમાંથી મુકત થવું જોઈએ અને આધ્યાત્મિક ખોજ દ્વારા સંપૂર્ણ મુકત થવાની જરૂર છે. એવી આધ્યાત્મિક મુક્તિનો પણ મુદો છે અને તે સ્વતંત્રતાને કદાચ આ સ્વતંત્રતાની સાથે લઈ શકાય. પરંતુ તે આપણી ચર્ચાનો વિષય નથી.

## ૪. આર્થિક સત્તા એટલે જ સ્વતંત્રતા

વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે ગૂંચવાડો કરતી સ્વતંત્રતાની આ ત્રીજી વિભાવના પહેલાંની બે વિભાવનાઓ કરતાં ઘણી વધારે ખતરનાક છે. સ્વતંત્રતા એટલે ''મારે જે જોઈએ છે તે મેળવવા માટેની શારીરિક શક્તિ''. આપણી બધી ઇચ્છાઓને પૂર્ણ કરવાની શક્તિ કે આપણી સમક્ષની તકોનો વિસ્તાર ધાર્યા પ્રમાણે વધારવાની શક્તિને પણ સ્વતંત્રતા કહેવામાં આવી છે. ઘણા લોકો જમીનથી અદ્ધર ઊઠવાની શક્તિ, કે પંખીની જેમ ઊડવાની શક્તિ મળે તેવી ભ્રમણા રાખતા હોય છે. ટૂંકમાં તેઓ પરિસ્થિતિમાં ધાર્યા ફેરફારો લાવી શકવાની શક્તિ ઇચ્છતા હોય છે. દરેક સમાજમાં આવી સિદ્ધિ કે શક્તિ મેળવવાની અમુક મનુષ્યોની ઝંખના યુગો જૂની છે.

પરંતુ છેક અત્યાર સુધી ભાગ્યે જ કોઈએ માનવીય સ્થિતિમાં નીહીત્ મર્યાદાઓમાંથી મુક્તિ એટલે કે સર્વજ્ઞતાને વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે ભેળવી છે, અને માંગ ઉઠાવી છે કે એવી કોઈ સામાજિક વ્યવસ્થા હોઈ શકે જે આ સ્વતંત્રતા હાથવગી કરી આપે. સમાજવાદી વિચારધારાએ વિચારપૂર્વક સ્વતંત્રતા એટલે શક્તિ (સત્તા- power)નું સમીકરણ મૂક્યું પછી જ સ્વતંત્રતાના આ વિચારે ખતરો ઊભો કર્યો છે. એક વખત સ્વતંત્રતાનો આવો સર્વાશ્લેષી વિચાર સ્વીકારી લેવાય પછી તેને હાંસલ કરવાના મિથ્યા પ્રયત્નોમાં જરૂર પડે વ્યક્તિસ્વાતંત્ર્યને પણ હોમી દેવાનો વિચાર જન્મી શકે - જન્મ્યો છે.

આ વિચાર આગળ વધ્યો ત્યાર પછી જ સંજોગો ઉપર અંકુશ મેળવવા સામૂહિક સત્તા હાથ કરવાનો વિચાર જન્મ્યો, જેમાં વ્યક્તિસ્વાતંત્ર્ય અપ્રસ્તુત કે બાધારૂપ ગણાયું. સર્વસત્તાવાદમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો ખાત્મો ''સ્વતંત્રતા''ના નામે જ બોલાવવામાં આવ્યો છે. જેમ જેમ વ્યક્તિસ્વાતંત્ર્ય ઘટતું જાય તેમ ''નૂતન સ્વાતંત્ર્ય''ની વાત વધારે ને વધારે કરવામાં આવે છે. પરંતુ આ ''નૂતન સ્વાતંત્ર્ય''નો અર્થ એ જ કરવામાં આવ્યો છે કે બહુમતીના હક્કો વ્યક્તિસ્વાતંત્ર્ય કરતાં સર્વોપરી છે. જાણીતી પરિભાષામાં કહીએ તો ''સમષ્ટિનાં હિતોમાં વ્યક્તિનાં હિતોને ઓગાળી નાંખવાં''. આવા અર્થાન્તરણના કારણે અમેરિકામાં પણ રાષ્ટ્રીય સંસાધન મંડળ છેક ૧૯૩૯ માં કહી શકયું કે આર્થિક સ્વાતંત્ર્યનો અર્થ એ નથી કે વ્યક્તિગત પ્રવૃત્તિ ઉપર કોઈ અંકુશ હોઈ ના શકે. ઊલટાનું દરેક વ્યક્તિને આર્થિક સુરક્ષા આપી શકાય તે માટે સામૂહિક રીતે સર્વાગ્રહી અંકુશો સ્થાપીને વ્યક્તિની પ્રવૃત્તિને ચોક્કસ દિશામાં વાળવાના આદેશો આપી શકાય.

સ્વતંત્રતા એટલે 'માનવી દ્વારા માનવી ઉપરના બળપ્રયોગનો નિષેધ' ના રહેતાં 'માનવીની ઈચ્છાઓને આડે આવતા બધા જ પ્રકારના અવરોધોમાંથી મુક્તિ' એવો બની ગયો. અમેરિકાના જહોન ડુઈ (John Dewey) જેવા વિખ્યાત ''પ્રગતિશીલ'' (અમેરિકન લિબરલ) ચિંતકોથી કહી શકાયું કે ''સ્વતંત્રતા એટલે સત્તા, કોઈપણ ધારેલા હેતુને સિદ્ધ કરી શકવાની સત્તા'', અને સ્વતંત્રતાની માંગ એટલે વાસ્તવમાં સત્તાની માંગ. વ્યક્તિ ઉપર બળપ્રયોગના અભાવને નકારાત્મક સ્વતંત્રતા કહી શકાય, જેનું મૂલ્ય બહુ બહુ તો એક સાધન તરીકે છે જેના વડે સ્વતંત્રતા એટલે કે સત્તાને પામી શકાય. સ્વતંત્રતા એટલે સત્તાનો વિચાર સ્થાયી

થયો એટલે તરત જ સ્વતંત્રતા એટલે સંપત્તિ એવો અર્થ રૂઢ થયો. ત્યાર પછી સ્વતંત્રતાના આ અર્થને સંપત્તિની વહેંચણીની માંગ સાથે જોડી શકવાનું વધારે સરળ બન્યું.

સ્વતંત્રતા અને સંપત્તિ બંને સારી ચીજ છે. આપણામાંના મોટાભાગના તે બંનેની ઈચ્છા રાખે છે. તે બંનેની જરૂર પણ છે. પરંતુ તે બંને સાવ ભિન્ન વસ્તુઓ છે. તે ભુલાવું ના જોઈએ. આપણે ઘણી વખત ''રાજકીય સ્વતંત્રતા'', ''અંતરાત્માની સ્વતંત્રતા''ને વ્યક્તિસ્વાતંત્ર્યના પર્યાય તરીકે જોઈએ છીએ. થોડી કાળજી લઈએ તો મોટો ગોટાળો કે અનર્થ ટાળી શકાય છે. પરંતુ જો ''સ્વતંત્રતા'' એટલે ''સત્તા''નો અર્થ કરીએ તો સહી ના શકાય તેવો મહાઅનર્થ સર્જાય છે.

શબ્દો એક સરખા વાપરીએ માટે તે એકબીજાની અવેજીમાં વાપરી શકાય કે તે બધા જ એકબીજાના પિતરાઈઓ છે તેવું ધારી લેવું ના જોઈએ. આપણે આ દરેક પ્રકારની સ્વતંત્રતાની ઈચ્છા રાખીએ છીએ તેનાં કારણો જુદાં છે. વળી તે દરેકનું હોવું - ના હોવું સાવ જુદી જ અસરો ઊભી કરે છે. આ ચારેયની વિવિધ પ્રમાણમાં પસંદગી કરીને મહત્તમ પ્રમાણમાં સ્વતંત્રતા સિદ્ધ કરી શકીએ છીએ તેમ માનવું પણ ભૂલ ભરેલું છે. આપણે તો હંમેશાં એ નક્કી કરવું જ પડે કે આ જુદા - જુદા પ્રકારની સ્વતંત્રતાઓમાં સૌથી મૂલ્યવાન સ્વતંત્રતા શેને માનીએ છીએ?

ઘણી વાર વ્યક્તિસ્વતંત્રતાની વિભાવનાને નકારાત્મક ગણવામાં આવી છે. તે સાચું પણ છે. પરંતુ તે સાથે શાંતિ, સલામતી કે અવરોધોનો અભાવ એ બધી જ નકારાત્મક વિભાવનાઓ છે. સ્વતંત્રતા એટલે જ અન્ય વ્યક્તિઓ દ્વારા બળપ્રયોગ સામે રક્ષણ. આ સ્વતંત્રતાનું આપણે શું કરીએ છીએ તેની ઉપર તેનાં વિધેયાત્મક પાસાં અવલંબે છે. વ્યક્તિસ્વાતંત્ર્ય નકારાત્મક છે તેથી તેનું મૂલ્ય ઘટતું નથી. તેનું મૂલ્ય સ્પષ્ટરૂપે સમજાવવું હોય તો તેની સરખામણી ગુલામી સાથે કરવી જોઈએ. પુરાણા ગ્રીસમાં જ્યાં વ્યક્તિસ્વતંત્રતાનો સૌ પ્રથમ ઉદય થયો ત્યાં ગુલામીપ્રથા પણ હયાત હતી. એ બે સ્થિતિમાં શું ફરક હતો તેની નક્કર સમજણ ગુલામી પ્રથા ધીમેધીમે નાબૂદ થતી ગઈ તે પ્રક્રિયાને સમજવાથી મળે છે.

ગુલામીની નાબૂદી દરમિયાન બીજી વ્યક્તિ દ્વારા બળપ્રયોગના નિષેધનાં મૂળભૂત તત્ત્વો કયા તેની સારી સમજ આ પ્રથાને ક્રમશઃ નાબૂદ કરતા સત્તાવાર હુકમનામામાંથી મળે છે. ચાર પ્રકારના હક્કો અપાય એટલે સ્વતંત્રતા મળી ગણાતી.

(૧) સમાજના એક રક્ષિત સભ્ય તરીકેનો કાયદેસરનો મોભો.
(૨) કોઈપણ મનસ્વી ધરપકડ સામે રક્ષણ.
(૩) કોઈપણ ઈચ્છિત કામ કરવાનો અધિકાર.
(૪) મનપસંદ સ્થળે જવાનો અધિકાર.

આવા અધિકારો જેને અનાયાસે મળી ગયા હોય તેમને એ સમજવું અઘરું પડે છે કે આવી સ્વતંત્રતા જવલ્લે જોવા મળી છે અને અનન્ય છે. હજી આજે પણ કેટલા દેશોમાં આ સ્વતંત્રતા છે તે વિચારવા જેવો મુદ્દો છે.

છેક ૧૮મી, ૧૯મી સદીમાં પણ અધિકારોની આ યાદી સ્વતંત્રતાની અનિવાર્ય શરતો ગણાઈ હતી. તેમાં એક પાંચમી શરત ઉમેરાઈ નીજી સંપત્તિ ધરાવવાનો અધિકાર. તેની સાથે જ વ્યક્તિને મનસ્વી બળપ્રયોગ સામે રક્ષણ આપતી સ્વતંત્રતાની બધી જ પૂર્વશરતો પૂરી થાય છે.

હવે સવાલ એ થાય છે કે આ રીતે વ્યાખ્યાયિત સ્વતંત્રતા કેમ આટલી મહત્ત્વની છે ?

વ્યક્તિસ્વતંત્રતાનાં આ ધોરણો અને માપદંડો નક્કર છે તેના સંદર્ભમાં બળપ્રયોગ એટલે શું તે નક્કર રીતે સમજાય છે. કોઈપણ બળપ્રયોગ વ્યક્તિને પોતાની બુદ્ધિ કે જ્ઞાનનો યથેચ્છ ઉપયોગ કરીને તેના હેતુઓને કે અપેક્ષાઓને પૂર્ણ કરવા દેતો નથી. બળપ્રયોગ એક દૂષણ છે તે સમજાય છે. કારણ કે કોઈપણ વ્યક્તિ પોતે સ્વતંત્ર રીતે વિચારી શકે છે, તેની સામેની તકોનું અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકે તે વાતને જ તે તોડી નાંખે છે, અને વ્યક્તિ બીજા કોઈના હેતુઓની સિદ્ધિ માટેનું સાધન છે તેમ ઠેરવી દે છે. સ્વતંત્રપણે કૃતિ કરતી કોઈપણ વ્યક્તિ પોતાના જ હેતુઓ માટે મથે છે, પોતાના જ જ્ઞાનનો ઉપયોગ કરીને જોઈતાં સાધનોને પ્રયોજે છે અને તેને પ્રાપ્ત માહિતી-જાણકારીનો ઉપયોગ કરે છે, જેને કોઈ બાહ્યસત્તા તોડી મરોડી શકે નહીં. આમ કહેવામાં એ ગૃહીત છે કે દરેક વ્યક્તિ માટે એક નિશ્ચિત પ્રદેશ છે જેની અંદર બહારની કોઈ સત્તા દખલ કરી શકતી નથી.

નિશ્ચિત પ્રદેશની વિભાવનામાં જ અભિપ્રેત છે કે દરેક વ્યક્તિના નીજી પ્રદેશમાં બાહ્ય બળજબરી થતી અટકાવવા બળપ્રયોગ જરૂરી પણ બને. સામાન્ય રીતે મુક્ત સમાજોમાં આ બળપ્રયોગની લગભગ ઈજારાશાહી રાજ્યને આપવામાં આવી છે. તેની સાથે સાથે રાજ્યને બળનો ઉપયોગ કરવા માટેની સત્તા, પણ બહુ કાળજીપૂર્વક મર્યાદિત કરવામાં આવી

છે. દંડશક્તિનો આધાર ધરાવતી આ સત્તાની મદદથી રાજ્ય દરેક વ્યક્તિના નીજી પ્રદેશને બાહ્ય બળપ્રયોગ સામે રક્ષા આપે છે અને તે સાથે જ નીજી પ્રદેશનું સીમાંકન પણ કરે છે. અલબત્ત એ વાત ઉપર ભાર મૂકવાની ખાસ જરૂર છે કે નીજી પ્રદેશનું સીમાંકન કરવાની સીધી સત્તા રાજય પાસે હોતી નથી. આ સીમાંકન દરેક વ્યક્તિ પ્રચલિત સાર્વત્રિક નિયમોને આધારે જાતે કરી શકે છે. આ નિયમો એ દર્શાવે છે કે જુદી જુદી પરિસ્થિતિમાં રાજ્ય શું કરશે. આ નિયમો રાજ્યસત્તાએ ઘડયા નથી. તે પરંપરાગત રીતે સમાજવ્યાપી પ્રક્રિયામાં ઉદ્ભવેલા છે. અમૂર્ત સાર્વત્રિક નિયમોના આ માળખા દ્વારા દંડશક્તિનો પ્રયોગ અને પહોંચ ન્યૂનતમ કરી નાંખવામાં આવે છે. એમ કહી શકાય કે સાવ નિર્દોષ કરી નાંખવામાં આવે છે. વ્યક્તિ ઉપર રોક લાગે છે આ નિયમોની. આના કારણે મોટાભાગના સંજોગોમાં વ્યક્તિ દંડશક્તિનો સીધો અનુભવ કરતી નથી. તે જો નિયમોનો ભંગ કરે તો જ રાજ્યની દંડશક્તિનો અનુભવ કરે છે. આમ દંડપ્રયોગ સાવ નિવારી શકાતો નથી પરંતુ તેને અગાઉથી નિશ્ચિત અને જાણી-સમજી શકાય તેવી સાર્વત્રિક ફરજોના સ્વરૂપમાં સીમિત કરી નંખાય છે. આ કારણે દંડશક્તિની સૌથી ખરાબ અસરો નિવારી શકાય છે.

દંડશક્તિના અમલની લગભગ આખી પ્રક્રિયા સત્તામાં બેઠલી વ્યક્તિની શુભેચ્છા, કે વિવેકપૂર્ણ ભેદ કરવાની સત્તા (discretion) ઉપર આધારિત ના રહેતાં સામાન્ય, અમૂર્ત નિયમો ઉપર આધારિત થાય છે. આ નિયમોની કોઈ ખાસ વ્યક્તિ ઉપર કયારે શું અસર થશે તેની જાણ અગાઉથી કોઈને થઈ શકતી નથી.

વળી દરેક વ્યક્તિ પોતાના કાર્યનું આયોજન કરે ત્યારે તે આયોજનના જ એક ભાગરૂપે અમૂર્ત નિયમોએ નક્કી કરી આપેલી મર્યાદાઓને અગાઉથી જ સામેલ કરી લઈ શકે છે. જેથી તેનું કાર્ય કોઈની પણ રોક-ટોક વગર કે દરમિયાનગીરી વગર ધારેલ રીતે પાર પાડી શકે છે. સાર્વત્રિક નિયમોમાં અંકિત થયેલી દંડશક્તિ આ રીતે વ્યક્તિને તેના હેતુઓની ખોજ અને પૂર્તિ માટેનું એક ઉપયોગી સાધન પુરવાર થાય છે.

અમૂર્ત સાર્વત્રિક સામાન્ય નિયમોના માળખામાં મહદ્અંશે મર્યાદિત થઈ જતી દંડશક્તિ ઉપર અવલંબિત વ્યક્તિસ્વાતંત્ર્યનો વિચાર સદીઓ જૂનો છે. આ વ્યવસ્થાના કારણે જે તે સમાજમાં તેનાં ઘણાં સારાં પરિણામો જોવાનાં મળ્યાં.

કાળક્રમે બન્યું એવું કે વ્યક્તિસ્વાતંત્ર્યની આ વિશિષ્ટ થિયરીની પાછળ રહેલી સમજ અને ફિલસૂફી ધીરે ધીરે ક્ષય પામી. કારણ કે આવી સ્વતંત્રતા તો હોય જ એવું ધારી લેવાનું સ્વાભાવિક હતું. અને તેની પાછળ રહેલી થિયરી ભૂલી જવાનું પણ એટલું જ સ્વાભાવિક હતું. રહી જવા પામ્યા સંદર્ભ ખોઈ બેઠેલા ''સ્વતંત્રતા'' જેવા શબ્દો. કોઈપણ સમાજવ્યવસ્થામાં નવાનવા પ્રશ્નો ઊભા થાય જ, તે જ રીતે આવી સમાજવ્યવસ્થામાં જ્યારે નવી સમસ્યાઓ ઊભી થઈ ત્યારે ચિંતકોએ ''છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની'' ના ન્યાયે નવા પ્રકારની સમાજવ્યવસ્થા ઊભી કરવાનો વિકલ્પ વિચાર્યો. ''વધારે સારો સમાજ'', ''નવો માણસ'' જેવા વિચારોએ સમાજચિંતકોને ઘેરો નાંખ્યો. આ જ સમયકાળમાં આપણા બૌદ્ધિકો અને વિચારકો પશ્ચિમની સંસ્કૃતિની ગાઢ અસર નીચે આવ્યા. સ્વાભાવિક રીતે આ નવા જોર કરી રહેલા સમાજ નવરચનાના વિચારને તેઓ આપણા પ્રશ્નોના ઉકેલ તરીકે પણ જોવા અને તેનો અમલ કરવા પ્રેરાયા.

વ્યક્તિસ્વાતંત્ર્યના મૂળ વિચારનું પુનરુચ્ચારણ ઘણી વાર થતું પરંતુ આ વિચારનું હાર્દ ભાગ્યે જ સમજાતું. સમાજ સમક્ષના નક્કર પ્રશ્નોને તે કેવી રીતે હલ કરે છે, તેનું વ્યાજબીપણું શેમાં રહેલું છે તેનો ફોડ કયારેય પડાતો નહીં.

મુકત સમાજમાં કઈ અર્થનીતિ અપનાવવી જોઈએ તેની સમજ આ સ્વતંત્રતાની સમજમાં રહેલી છે. સમાજના પ્રશ્નોની સમજ અને ઉકેલ શુદ્ધ તકનિકી અર્થનીતિના માળખામાં સમજી શકાય તેમ નથી. સ્વતંત્રતાની ફિલસૂફીના મૂળભૂત સિદ્ધાંતોના માળખાની વચ્ચે ગોઠવીને જ મુક્ત અર્થનીતિ સમજી શકાય. મુક્ત બજારને સમજવા વ્યક્તિસ્વાતંત્ર્યના ભુલાઈ જવાયેલા સમગ્ર વિચારને નવેસરથી સમજવો પડે. આ એક બહુ વિશાળ ક્ષેત્ર છે. મર્યાદિત અર્થશાસ્ત્રના ગજા બહારની વાત છે. પરંતુ બીજા કોઈપણ ક્ષેત્રના તજજ્ઞ કરતાં અર્થશાસ્ત્રી માટે આ પ્રશ્નની સંકુલતા ગ્રહણ કરવાની પ્રમાણમાં વધારે સહેલી છે. જુદાં જુદાં ક્ષેત્રોના તજજ્ઞો આ વિશાળ પ્રશ્નને પોતાના સીમિત જ્ઞાનની મર્યાદામાં જ જોઈ શકે, અને તે એમ માનીને જ ચાલે કે તેમને સૂઝતો ઉકેલ તે જ પ્રશ્નનો સાચો ઉકેલ છે. દરેક ક્ષેત્રના તજજ્ઞો આમ પોતપોતાના ઉપાયોનો જ આગ્રહ રાખે. અર્થશાસ્ત્રી સારી રીતે સમજે છે કે સમાજમાં જુદી જુદી માંગો અને પુરવઠા વચ્ચે સંકલન સાધવાનું કેટલું મહત્ત્વનું છે. આવું સંકલન સધાય તો જ સંકુલ પ્રશ્નનું સમાધાનકારી નિરાકરણ કરી શકાય તે અર્થશાસ્ત્રના તજજ્ઞને સૌથી સારી રીતે સમજાય છે. તે એ પણ વધારે સહેલાઈથી

સમજી શકે છે કે આ સંકલનનું કામ કોઈપણ માનવીય એજન્સી કરી શકે નહીં. તે સંકલન તો વ્યક્તિઓથી પર, નિયમો આધારિત વ્યવસ્થા જ કરી શકે. આ વ્યવસ્થા જ સમાજમાં ઠેર ઠેર ફેલાઈને પડેલા જ્ઞાનનો સૌથી વધારે ઉપયોગ કરી શકે. કેટલીક બીજી સ્પષ્ટતાઓ કરવા જેવી છે. આ વિચારપ્રક્રિયાની મકસદ સમાજના વિકાસ માટેની કોઈ વિગતસભર બ્લુપ્રિન્ટ ઊભી કરવાની નથી. પરંતુ આ વિકાસ માનવ પહેલ અને સર્જનાત્મકતાથી કેવી રીતે શકય બને અને સરળ બને તે માટેના જરૂરી સૈદ્ધાંતિક માળખાની સમજ કેળવવાનો છે.

વ્યક્તિસ્વતંત્રતા શા માટે ? તેના શું ફાયદા? એવા તળપદા અને સ્થૂળ સવાલોથી સ્વતંત્રતાના ખરા આશિકો અકળામણ અનુભવે તે ધ્યાનમાં છે. તેમને આવા સવાલોમાં જ ઉપયોગિતાવાદની બૂ આવે કે ‘હાજર સો હથિયારની’ તકસાધુતા દેખાય તે પણ સ્વાભાવિક છે. જો કામની હોય તો જ સ્વતંત્રતાનો ખપ એવો નર્યો વ્યવહારુવાદ આમાં જણાય તો તે સામેનો અણગમો સમજી શકાવો જોઈએ.

સ્વતંત્રતા એ તો મૂળભૂત મૂલ્ય છે, તેની સાથે ઊંડી લાગણીઓ સંકળાયેલી છે. સ્વતંત્રતા માટે ફના થઈ જનારા હજારો-લાખો આશિકો માટે આવાં નકરાં બૌદ્ધિક અવલંબનોની કોઈ જરૂર નથી. અને આ વાત પણ બરાબર જ છે કે જો સ્વતંત્રતા માટે દિલમાં આગ ના હોય તો સ્વતંત્રતા ટકી શકે નહીં. આ મૂળભૂત સત્યનો સ્વીકાર કર્યા પછી પણ એ સમજી લેવા જેવું છે કે વાસ્તવમાં થનારી ભૂલો સામે માત્ર આવી ઊંડી લાગણી સલામત માર્ગદર્શન કે રક્ષણ આપી શકે તેમ નથી.

સ્વતંત્રતાના ઉમદા આદર્શનું નામ લઈને તેનો વિકૃત અર્થ કરીને તેનાથી સાવ વિરોધી સ્થિતિનું સર્જન કરનારાઓએ કર્યું છે. ૨૦મી સદીનો ઇતિહાસ તો આવી વિકૃતિઓથી સર્વસત્તાવાદે વેરેલા વિનાશથી ઊભરાય છે. એ પણ કેમ ભુલાય કે સર્વસત્તાવાદ ‘નૂતન સ્વાતંત્ર્ય’નો મોટો ભ્રમ ઊભો કરી શકયો તે વ્યક્તિસ્વતંત્રતાના વિચારને તોડીને કે નબળો પાડીને જ. આ નબળો પાડવાની દલીલો પણ બૌદ્ધિક સ્તરે જ ઉદ્‌ભવેલી, એટલે તેનો સામનો પણ બૌદ્ધિક સ્તર ઉપર જ કરી શકાય.

આ બધામાં એક વાત નિશ્ચિત છે કે સ્વતંત્રતા એ ઘણાં બધાં ઉમદાં મૂલ્યોમાંનું એક મૂલ્ય નથી. તે તો બધાં જ મૂલ્યો માટેની ભોંય છે. સ્વતંત્રતાની માટીમાં જ બીજાં મૂલ્યો સંપૂર્ણપણે ખીલી શકે છે અને વિકસી શકે છે.

વ્યક્તિસ્વાતંત્ર્યની ચર્ચામાં આપણું મુખ્ય ધ્યાન કેંદ્રીત થયું કાનૂની અને આર્થિક સ્વરૂપો ઉપર. આ વ્યાજબી પણ છે. આના કારણે જ સ્વતંત્રતા માત્ર હવામાંના બાચકા ના બની રહેતાં ધરતી ઉપર નક્કર રૂપ લે છે. પરંતુ આ બધાના પાયામાં જે મૂળભૂત મૂલ્ય છે તે બૌદ્ધિક સ્વતંત્રાતાનું છે. આ મૂલ્યમાંથી જ લિબરલ થિયરીની બધી જ પૂર્વધારણાઓ ફૂટે છે.

સમાજના પ્રશ્નોના સફળ ઉકેલો કોઈ પણ વ્યક્તિના મર્યાદિત જ્ઞાનમાંથી મળે નહીં. વધારે સારા ઉકેલો તો વ્યક્તિઓ વચ્ચે થતી વિચારોની મુક્ત આપ-લેમાંથી જ મળે છે. વ્યક્તિઓના આગવા અનુભવોમાંથી નિષ્પન્ન થતા વિચારો વચ્ચે ઘનિષ્ઠ અને આલોચનાત્મક આંતરક્રિયા વગર સત્યની નજીક લઈ જતી થિયરીઓ નિષ્પન્ન થતી નથી. અભિપ્રાયો ધરાવવાના હક્ક વગર આ સત્યશોધનની પ્રક્રિયા રૂંધાઈ જ જાય છે. અને આ સ્વતંત્રતામાંથી જ છેવટે નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે. વળી બૌદ્ધિક સ્વાતંત્ર્યના સ્વીકાર સાથે કર્તૃત્વના હક્કનો પણ સ્વીકાર કરવો જ પડે કારણ કે પ્રશ્નોના નક્કર ઉકેલોની મથામણમાંથી જ બૌદ્ધિક વિકાસને શકય બનાવતી આંતરક્રિયાઓ અસ્તિત્વમાં આવે છે. વળી મુક્ત સમાજમાં મોટાભાગની નવી કૃતિઓ આર્થિક ક્ષેત્રે જોવાની મળે છે. કૃતિ - જ્ઞાન અને બજારને જોડતી અણદીઠી સાંકળ છે.

વ્યક્તિસ્વાતંત્ર્યનો વિચાર અને રચના સૌ પ્રથમ ગ્રેટ બ્રિટનમાં અને ત્યાર પછી અમેરિકામાં વિકસિત રૂપે જોવા મળી એટલે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યની ચર્ચામાં તે મોટો ભાગ રોકે જ. પરંતુ આમ કરવાનું મુખ્ય કારણ ધીમે ધીમે વિકસેલી એ પ્રક્રિયામાં રહેલાં સાર્વત્રિક તત્ત્વોને ઓળખવાનું છે. આવાં તત્ત્વો આપણે બીજી કોઈપણ સભ્યતામાં વધતા ઓછા પ્રમાણમાં જોઈ શકીએ અને વિચારપૂર્વક સંકોરીને તેનું સંવર્ધન કરી શકીએ. વળી એ પણ ખરું જ કે આ વિચાર કાંઈ બ્રિટનની જ દેણગી નથી. ગ્રેટ બ્રિટનમાં સ્વતંત્રતાના વિચાર અને સિદ્ધાંતોએ ધીમે ધીમે મૂળિયાં નાંખ્યાં ત્યારે ઘણાં વરસો સુધી તેની જાણકારી ત્યાં પણ ભાગ્યે જ કોઈને હતી. તે સિદ્ધાંતોના વિકાસમાં પુરાણી ગ્રીક સભ્યતા, ઈટાલિયન રેનેસાં અને ડચ સભ્યતાનો પણ બહુ મોટો ફાળો છે. આગળ જતાં ફ્રાંસ અને જર્મનીએ પોતાનું આગવું પ્રદાન કરેલું છે. આ દેશોમાં શું બન્યું, વ્યક્તિસ્વતંત્રતા અને મુક્તબજારના સિદ્ધાંતો કેવી રીતે એકબીજાની પુષ્ટિ કરતા આગળ વધ્યા તે હવે પછીની ચર્ચા છે. ■



# જંગલ મધ્યે આદિવાસી

*-તૃપ્તિ પારેખ*

## આ લેખ સમૂહમાં જુઓ :

**આદિવાસી અધિનિયમ ૨૦૦૫ :**
ભ્રમણા અને હકીકતો ૨૧

**સુપ્રીમ કોર્ટ, વન કેસ અને આદિવાસીઓની હકાલપટ્ટી** ૨૨

**સાગબારાની કહાણી :**
ઐતિહાસિક અન્યાયનું દૃષ્ટાંત ૨૪

**જંગલના રખેવાળ કોણ :**
આદિવાસી કે વન વિભાગ? ૨૫

**સ્થાનિક લોકોના અધિકારોની સમાપ્તિ :**
અંગ્રેજ અધિકારીઓ વચ્ચેની ચર્ચા ૨૭

**સુરપાણેશ્વર અભયારણ્ય :**
દેખાડવાના અને ચાવવાના જુદા **30**

આ લેખ સમૂહ તૈયાર કરવામાં અંબરીષ, અનિલ પટેલ અને રાજેશે મહત્ત્વનો ફાળો આપ્યો છે.

*-તૃપ્તિ*

## વાઘ વિરુદ્ધ આદિવાસીનો દ્વંદ્વ

છેલ્લા થોડા સમયથી વન્ય પ્રાણીઓ, જંગલો અને આદિવાસીઓને લગતી બાબતો રાષ્ટ્રીય અખબારોમાં છવાઈ ગઈ છે.

જાન્યુઆરીમાં ઈન્ડિયન એક્ષપ્રેસે ધડાકો કર્યો કે રાજસ્થાનના સરિસ્કા અભયારણ્યમાંથી વાઘ અદૃશ્ય થઈ ગયા છે. આ સમાચાર વાંચીને દેશ ચોંકી ઊઠ્યો. '૭૦ના દાયકામાં ઈંદિરા ગાંધીના હૈયે વસી ગયું કે હિંદુસ્તાનમાંથી વાઘ લુપ્ત થવામાં છે. તેમની અંગત રાહબરી નીચે રાષ્ટ્રવ્યાપી ''વાઘ બચાવો'' અભિયાન ચાલુ થયું. સરિસ્કા, રણથંભોર, પલામુ, જેટલાં લગભગ ૨૭ 'વાઘ રિઝર્વ' અસ્તિત્વમાં આવ્યાં, જેનો મુખ્ય ઉદ્દેશ્ય જ વાઘને બચાવી લેવાનો હતો. કરોડો રુપિયાની ફાળવણી કરવામાં આવી. આ અભિયાનના પરિણામે વાઘની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે તેવા સરકારી અહેવાલો બહાર પડ્યા. શહેરોમાં બોલકા વાઘ પર્યાવરણ-વાદીઓની સંખ્યા પણ વધતી ગઈ. અને દેશ અને દુનિયામાં આ અભિયાનની પ્રશંસા થઈ રહી હતી. અને ત્યાં જ સરિસ્કા અભયારણ્યના ફિયાસ્કોના સમાચાર આવ્યા! વાત સરિસ્કા પૂરતી જ મર્યાદિત નથી, રણથંભોર, પલામુ જેવા બાકીના રિઝર્વમાં પણ વાઘની સંખ્યા ખૂબ ઘટી રહી હોવાના અહેવાલ છે. પર્યાવરણ મંત્રાલય અને પર્યાવરણવાદીઓ ભીંસમાં મુકાયા. વડા પ્રધાન મનમોહનસિંહે આખા પ્રકરણની તપાસ સીબીઆઈને સોંપી અને દરેક અભયારણ્યની સ્થિતિનું સ્વતંત્ર ઓડિટ કરાવવાનું તેમજ કરોડો રુપિયા ક્યાં ખર્ચાયા છે તેના પારદર્શી હિસાબ આપવાનું ફરમાન કર્યું.

એવું તે શું બની ગયું કે વાઘ જેવા વાઘ ખતમ થઈ રહ્યા હતા અને કોઈને એનો અંદેશો પણ ન આવ્યો? અનેક તર્ક વિતર્કો કરતા લેખો છપાયા. કોઈએ પર્યાવરણ મંત્રાલયના વધતા પથારામાં વન અને વન્ય પ્રાણીઓ પર પૂરતું ધ્યાન નહીં અપાવાનું કહ્યું, તો કોઈએ વળી આ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો તો નામનાં જ રાષ્ટ્રીય છે, બાકી અમલ તો બધો રાજ્ય સરકારો કરતી હોય છે અને એમની પાસે વન્યપ્રાણીઓ માટે ફુરસદ જ ક્યાં છે ની વાત આગળ કરી. કોઈએ વાઘનો શિકાર કરીને એનાં અંગોની દાણચોરી કરતી માફિયા ટોળીઓની વધેલી પહોંચ અને સાધન સામગ્રી સામે વન વિભાગનાં ટાંચાં સાધનોની વાત કરી. સ્થાનિક લોકો પણ એ દાણચોરોને મદદ કરતા હોવાની વાતો પણ સાંભળવા મળી. પરંતુ વન વિભાગની જાણકારી કે મીલીભગત વગર આ માફિયા ટોળીઓ એમનો મકસદ પાર કરી જ ન શકે એની કોઈ નોંધ જ ન લેવાઈ. બધા વાઘ કાંઈ રાતોરાત તો ખતમ નહીં થઈ ગયા હોય. અને એથી યે આગળ વધીને કહીએ તો વન્ય પ્રાણીઓના રક્ષણ માટે સ્થાનિક લોકોની સંપૂર્ણ બાદબાકી કરતું 'અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો'નું જે મોડેલ અપનાવવામાં

આવ્યું છે તે આપણા દેશની પરિસ્થિતિને કેટલું સુસંગત છે એ સવાલ તો ઉઠાવાયો જ નહીં!

સરિસ્કા પ્રકરણ હજી સળગેલું જ હતું ત્યાં એપ્રિલમાં સમાચાર આવ્યા કે સંસદના બજેટ સત્રમાં જ આદિવાસી મંત્રાલય તરફથી એક ખરડો રજૂ થવાનો છે, જેમાં દેશના ઇતિહાસમાં સૌ પ્રથમ વાર જંગલમાં રહેતા આદિવાસી સમુદાયોના જંગલ જમીન તેમજ ગૌણ વન પેદાશો પરના અધિકારોને માન્યતા આપવામાં આવશે. બસ, હજી તો આ સમાચાર આવ્યા નથી, ત્યાં તો જાણે મોટો પહાડ તૂટી પડ્યો હોય એવી કાગારોળ મચી ગઈ. વન મંત્રાલય અને પર્યાવરણવાદીઓ એની સામે તૂટી જ પડ્યા.

'સરિસ્કા' કેમ બનવા પામ્યું ? એની છાનબીન વિસારે પડી ગઈ. એના બદલે 'આદિવાસી અધિકારો'ના આ ખરડા પર હુમલો બોલાવવાનું વધારે સરળ હતું. આદિવાસીઓ જ જંગલનો નાશ કરી રહ્યા છે અને આ ખરડો તો ૭૦ ટકાથી વધારે જંગલ જમીન આદિવાસીઓને આપી દેશે, આવતી એક પેઢીમાં તો બાકી બચેલી જમીન પણ ખતમ થઈ જશે અને માંડ માંડ બચાવી રાખેલાં જંગલોની લ્હાણી કરી દેવાશે જેવી સાવ વાહિયાત વાતોના મારાથી પ્રચાર-માધ્યમોને ભરી દેવામાં આવ્યાં. વાઘ વિનાશ માટે પણ જાણે આદિવાસીઓ જ કારણભૂત હોય એવું આડકતરું પ્રતિપાદન પાછલા બારણેથી ઘૂસાડી દેવામાં આવ્યું. વાઘના વિનાશ પાછળનાં કારણો શોધીને એનો ઉકેલ કરવાને બદલે ચર્ચાના કેન્દ્રમાં આદિવાસીઓ આવી ગયા. 'વાઘ વિરુદ્ધ આદિવાસી'નો કોઈ જ કાર્યકારણ સંબંધ વગરનો દ્વન્દ્વ ઊભો કરી દેવામાં આવ્યો. આમ પણ કાર્યકારણના સંબંધ વગરની કપોળકલ્પિત વાતોને ભાવનાના વાઘા પહેરાવીને, લોકોની આળી લાગણીઓ ઉશ્કેરીને પોતાનાં રાજકીય - સ્થાપિત હિતોની રોટલી શેકવી એ આપણા દેશમાં ખૂબ સહેલું છે. પરંતુ અહીં આ કામ વન મંત્રાલય તેમજ પર્યાવરણ-વાદીઓએ કર્યું.

એપ્રિલના અંત ભાગમાં આ ખરડાને કાયદા મંત્રાલયે બહાલી આપી દીધેલી. ત્યાર પછી ૪ મે ૨૦૦૫ના રોજ એ કેબિનેટ સમક્ષ રજૂ થવાનો હતો અને પછી તરત સંસદમાં રજૂ થશે એવી અપેક્ષા હતી. એ દરમિયાન ત્રીજી મે એ કોંગ્રેસના સાંસદ શ્રી કરણસિંહની આગેવાની હેઠળના સાંસદોના 'વાઘ બચાવો' જૂથની એક મીટીંગમાં રાહુલ ગાંધીએ હાજરી આપી. એમ કહેવાય છે કે એમાં એને સમજાવવામાં આવ્યું કે આદિવાસીઓને જમીનો આપવાના આ કાયદાથી 'વાઘ અભયારણ્યો' પર નકારાત્મક અસર પડશે અને ઇંદિરા અને રાજીવ ગાંધીએ શરૂ કરેલા કામ પર પાણી ફરી વળશે. ત્યાર પછી ખબર નહીં શું ચક્રો ચાલ્યાં કે જથી મેની કેબીનેટની બેઠકના એજન્ડામાંથી આ ખરડો નીકળી ગયો. એના બીજે દિવસે આ ખરડાની તરફેણ કરનાર ૫૦થી ૬૦ જેટલા કોંગ્રેસી સાંસદો શ્રીમતી સોનિયા ગાંધીને મળ્યા ત્યારે એમને સાંત્વના આપવામાં આવી કે સરકારનો આ ખરડાને ટેકો ચાલુ જ છે. વડા પ્રધાન કચેરીનો તો આ ખરડાને ટેકો હતો જ. ડાબેરી પક્ષો પણ એ માટે પ્રતિબદ્ધ હતા. અને ભાજપના પ્રમુખ શ્રી અડવાણીએ પણ પોતાના પક્ષનો ટેકો જાહેર કર્યો હતો. તેમ છતાં બજેટ સત્રમાં એ ખરડો રજૂ જ નહીં થઈ શક્યો. તેના થોડા દિવસમાં જ શ્રીમતી સોનિયા ગાંધીએ એમ જણાવ્યું કે પર્યાવરણવાદીઓની કેટલીક વાતોમાં તથ્ય લાગે છે અને આ ખરડા પર ફેરવિચારણા કરવાની જરૂર છે. આમ વન વિભાગ અને પર્યાવરણવાદીઓએ મચાવેલા હોબાળાને કારણે અને ખોટી માહિતીઓ ઉપર ચલાવેલા અપપ્રચારને કારણે ઊઠેલા વિવાદના વમળમાં આ ખરડો ફસાઈ ગયો છે અને હાલ તો એનું ભાવિ હવામાં અધ્ધર લટકી રહ્યું છે.

## આદિવાસી અધિનિયમ ૨૦૦૫

વનમંત્રાલય અને પર્યાવરણવાદીઓમાં આવો મોટો ઊહાપોહ જગાવનાર આ ખરડામાં ખરેખર છે શું?

આ ખરડાનો ઉદ્દેશ્ય સદીઓથી આદિવાસીઓને થયેલા ''ઐતિહાસિક અન્યાય''ને સુધારવાનો છે. તે આદિવાસીઓના જંગલો પરના પરંપરાગત અધિકારોને માન્યતા આપે છે. એમાં જંગલ જમીન પર ૧૯૮૦ પહેલાંથી ખેતી કે રહેઠાણ માટે વ્યક્તિગત કે સામૂહિક કબજો ધરાવતા હોય તેમને એનો અધિકાર, વાંસ સહિતની ગૌણ વન પેદાશો વાપરવાનો અને વેચવાનો અધિકાર, ચરિયાણનો અધિકાર, કોઈ પણ પ્રકારની વિવાદી જમીન પરનો અધિકાર, પટ્ટા કે લીઝ પર મળેલ જમીન પર માલિકી હક્કનો અધિકાર, વન વસાહતનાં ગામોને રેવન્યુ ગામોમાં તબદીલ કરવાનો અધિકાર, જૂની વસાહતોના સેટલમેન્ટનો અધિકાર, જીવ વૈવિધ્યને લગતો બૌદ્ધિક સંપત્તિનો અધિકાર, પરંપરાગત વન સંસાધનોના વ્યવસ્થાપનનો અધિકાર, વગેરે અધિકારોનો સમાવેશ થાય છે. જમીન પરના અધિકારો વારસાગત રહેશે, પણ એ જમીન વેચવાનો તેમને અધિકાર નહીં હોય. જમીન પતિ-પત્નીના સંયુકત નામે કુટુંબને મળશે, અને કુટુંબદીઠ વધારેમાં વધારે (અને નહીં કે ઓછામાં ઓછી) ૨.૫ હેકટરની મર્યાદામાં અપાશે. ઉપરોકત અધિકારો ધરાવનાર કોઈ પણ વ્યક્તિ સ્થાનિક વન સંસાધનો, જીવ વૈવિધ્ય કે વન્ય પ્રાણીને કે કુદરતી ઊગેલાં ઝાડોને હાનિ પહોંચાડે એવી કોઈ પ્રવૃત્તિ કરશે તો ગ્રામસભા એ સામે શિક્ષાત્મક પગલાં ભરશે. ઉપરોકત અધિકારો ચકાસવાની અને અંકે કરવાની પ્રક્રિયા ગ્રામસભા શરુ કરશે અને એની ઉપર અપીલની કાર્યવાહી સબ ડિવિઝનલ કમિટિ તેમજ જિલ્લા કક્ષાની સમિતિ કરશે.

## વન મંત્રાલયની બે મોઢાની વાતો

સવાલ એ છે કે આ ખરડામાં એવું તે શું છે, જેને કારણે વન મંત્રાલય અને પર્યાવરણવાદીઓ આ ખરડાનો આટલો વિરોધ કરે છે? હકીકત તો એ છે કે આ ખરડામાં એવી એકે વાત નથી જે સૈદ્ધાંતિક રીતે વન મંત્રાલયની ખુદની નીતિ અને પરિપત્રોમાં સ્વીકારાઈ ના હોય. ૧૯૫૨ની વનનીતિથી વિપરિત ૧૯૮૮ની નવી વનનીતિ આદિવાસીઓના પરંપરાગત અધિકારો અને હિતોના રક્ષણ પર ભાર આપે છે અને આદિવાસીઓને વન સંસાધનો પર પહેલો હક્ક આપવાની વાત કરે છે. એટલું જ નહીં, એ એવું પણ સ્વીકારે છે કે આદિવાસીઓની સક્રિય ભાગીદારી વગર વન ઉછેર અને સંવર્ધન શક્ય નથી.

પાછળ ને પાછળ ૧૯૯૦માં મંત્રાલયે ૬ પરિપત્રો બહાર પાડ્યા, જેમાં આદિવાસીઓના વિવાદી દાવાઓ, ૧૯૮૦ પહેલાંનાં ખેડાણો તથા સરકાર દ્વારા પટ્ટે કે લીઝ પર આપવામાં આવેલી જમીનો નામે કરવાના તથા વનગામોને મહેસૂલી ગામોમાં ફેરવવા અંગેના આદેશો આપ્યા. (અંગ્રેજોના સમયમાં વન વિભાગે ઊંડાણનાં જંગલોમાં વેઠ કરવા માટે આદિવાસીઓને જ્યાં વસાવેલા તે વનગામો. આદિવાસીઓને ખેતી તેમજ આવાસ માટે થોડી થોડી જમીનો આપેલી, પરંતુ એની માલિકી વન વિભાગે પોતાના હસ્તક જ રાખેલી. આ ગામોમાં આજે પણ આદિવાસીઓને વન વિભાગની દયામાયા પર જ જીવવું પડે છે. એમના માટે તો હજી આઝાદી આવી જ નથી.)

આ પરિપત્રોમાં મંત્રાલયે સ્પષ્ટ જણાવ્યું કે આદિવાસીઓના અધિકારો અંકે થયા નથી અને તેથી તેમનામાં અસંતોષની ભાવના જન્મી છે અને આવી પરિસ્થિતિ લાંબો સમય ચાલુ રહે એ હિતાવહ નથી. પરંતુ આ પરિપત્રોમાં અધિકારો કે દાવાની ચકાસણી કે નોંધણીની

## આદિવાસી ખરડો : ભ્રમણા અને હકીકતો

વન વિભાગ અને પર્યાવરણવાદીઓએ ભ્રમણાઓ અને અપપ્રચારનો મારો ચલાવ્યો છે. એ ભ્રમણાઓ અને તેની સામેની હકીકતો શું છે ?

**ભ્રમણા -**

*દેશની ૮ કરોડ આદિવાસી વસતીના ૨ કરોડ કુટુંબોને પ્રતિ કુટુંબ ૨.૫ હેક્ટર જંગલ જમીનના ધોરણે કુલ ૫ કરોડ હેક્ટર જમીનની લહાણી કરાશે. દેશના ૬.૮ કરોડ હેક્ટરના કુલ જંગલ વિસ્તારની ૭૦ ટકા જમીન આપી દેવાની થશે. જંગલોને મળતું કાયદા હેઠળનું રક્ષણ દૂર થશે અને જંગલો નાશ પામશે.*

**હકીકત -**

આદિવાસીઓના વર્ષો જૂના કબજા હેઠળની જમીનો જ આપવાની છે અને એ પણ વધારેમાં વધારે કુટુંબ દીઠ ૨.૫ હેક્ટરની મર્યાદામાં. ખુદ વન મંત્રાલયે સંસદમાં તા. ૧૬-૮-૨૦૦૪ના રોજ આપેલા આંકડા મુજબ કુલ ગેરકાયદેસર ખેડાણ હેઠળની જમીન ૧૩.૪૩ લાખ હેક્ટર છે, જે કુલ જંગલ વિસ્તારના ૨ ટકા જેટલી જ છે, અને નહીં કે ૭૦ ટકા.

**ભ્રમણા -**

*આદિવાસીઓનો વિકાસ કરવામાં રાજ્ય નિષ્ફળ રહ્યું તેને ભરપાઈ કરવા માટે હવે માલિકી હક્કો આપવા માગે છે.*

**હકીકત -**

એ હકીકત છે કે માલિકી હક્કો જ વિકાસની જનની છે. વિકાસના કે કલ્યાણના નામે ઉપરથી થોડા ટુકડા ફેંકવાથી ન તો વિસ્તારનો વિકાસ થાય કે ન તો લોકોનો. વિકાસ કે કલ્યાણ માટે આદિવાસીઓ માટે સબસીડીઓનું ગાજર લટકતું રાખવાથી તો આદિવાસીઓને ઊલટા પાંગળા બનાવી દેવાયા છે. એને બદલે માલિકી હક્કોના આધારે અને બાવડાના જોર પર પોતાનો અને પોતાના વિસ્તારનો આર્થિક વિકાસ તેઓ જાતે કરે અને ગરિમાપૂર્વક જીવન જીવે એ સારું નથી ?

**ભ્રમણા -**

*આદિવાસીઓએ એ નક્કી કરવાનું છે કે એમણે ૨૧મી સદીમાં જવાનું છે કે પથ્થરયુગમાં રહેવું છે? આ ખરડો જમીનો પરના માલિકી હક્કો આપીને પોતાની ''પરંપરાગત જીવનશૈલી'' અને ગામડાની ગારાની ઝૂંપડીઓ સાથે જકડી રાખે છે. એમને જો પસંદગી કરવાનું કહેવામાં આવે તો તેઓ પોતાની જમીનના બદલામાં શહેરમાં નળના પાણી, લાઈટ અને રંગીન ટીવીવાળા આરામદાયી એપાર્ટમેન્ટ ખરીદવાનું વધુ પસંદ કરશે.*

**હકીકત -**

છેલ્લું વિધાન સાચું હોય તો પણ એ સવાલ તો ઊભો જ રહે છે કે શું અત્યારે એમને એવો કોઈ વિકલ્પ આપવામાં આવ્યો છે? હકીકત તો એ છે કે પોતાની માલિકીની જમીન તેમજ વન સંસાધનો પરની માલિકી મળે અને એમાંથી બે પૈસા કમાય પછી જ પાણી, લાઈટ કે રંગીન ટીવીવાળા આરામદાયી એપાર્ટમેન્ટમાં રહેવાનું સ્વપ્ન તેઓ જોઈ શકશે. અત્યારે તો જંગલ બચાવવાના નામે એમને કૂવા, રસ્તા, વીજળી, શાળા જેવી પ્રાથમિક જરૂરિયાતથી પણ વંચિત રાખવામાં આવે છે. પોતાની પરંપરાગત જીવનશૈલી ટકાવી રાખીને માંગણા તરીકે નહીં ગરિમાપૂર્વક જીવવું હોય તો પણ એમને માલિકી હક્કે જમીન મળે એ જરૂરી છે. પસંદગીનો અવકાશ પણ એમાં જ રહેલો છે. ■

કોઈ વિગતવાર પ્રક્રિયા આપવામાં આવી નહીં. રાજ્ય સરકારોએ આ પરિપત્રોનો અમલ ન કર્યો અને મંત્રાલયે એ અંગે કોઈ પગલાં પણ ન લીધાં. આ પરિપત્રોની જાહેરાત સુધ્ધાં થઈ નહીં. સરવાળે, એ ફાઈલોમાં ઊંડે દટાયેલા કાગળના ટુકડા માત્ર બનીને રહી ગયા. આદિવાસીઓના અધિકારોની વાત ઊંડે જઈને ધરબાઈ ગઈ.

ફેબ્રુઆરી ૨૦૦૪ના પરિપત્રોમાં વનગામોને મહેસૂલી ગામોમાં ફેરવવાનો આદેશ દોહરાવ્યો અને ખેડાણો નિયમિત કરી આપવાની ૧૯૮૦ની કટ-ઓફ-ડેટ ૧૯૯૩ સુધી લંબાવી. આ પરિપત્રોમાં તેમજ ડિસેંબર ૨૦૦૪ના નવા પરિપત્રમાં તેમજ સુપ્રીમ કોર્ટમાં જુલાઈ ૨૦૦૪માં કરેલ સોગંદનામામાં મંત્રાલયે જણાવ્યું કે અંગ્રેજોના સમયમાં તેમજ સ્વતંત્ર ભારતમાં પણ વિવિધ કારણોસર આદિવાસી-ઓના અધિકારો / દાવાઓની ચકાસણી કે નોંધણી થઈ નથી અથવા ખૂબ અધૂરી થઈ છે, તેથી પોતાના બાપદાદાની જમીન પર જ તેમને 'દબાણદાર' ગણવામાં આવી રહ્યા છે. આમ, તેમને 'ઐતિહાસિક અન્યાય' થયો છે (જુઓ સાગબારાની કહાણી). વન મંત્રાલયે તો ત્યાં સુધી જણાવ્યું કે તે આદિવાસીઓને 'ચોર' કે 'દબાણદાર' માનતું નથી.

પર્યાવરણવાદીઓએ પણ વનમંત્રાલયના આ પરિપત્રોનો ક્યારેય વિરોધ કર્યો નથી. તો પછી આ જ વાતોના અમલ માટે ઘડાયેલા આ આદિવાસી ખરડાનો વનમંત્રાલય અને પર્યાવરણવાદીઓ ક્યા કારણોસર વિરોધ કરે છે તે સમજાતું નથી.

વક્રોક્તિ તો એ છે કે એક વાત એવી કહેવાઈ રહી છે કે વનમંત્રાલયના પરિપત્રો આદિવાસીઓને અધિકારો આપે જ છે તો પછી આ નવા અધિનિયમની શી જરૂર છે? જ્યારે હકીકત તો એ છે કે આ અધિનિયમ ઘણાં કારણોસર મહત્ત્વનો અને જરૂરી છે. એક, આ અધિનિયમ છે, માત્ર પરિપત્ર કે નીતિ નથી. બીજું, વન મંત્રાલયના પરિપત્રોએ અંકે કરવાની પ્રક્રિયા કે રૂપરેખા સ્પષ્ટ રીતે ક્યારેય આપ્યાં નથી. જેથી એમનો અમલ પણ ખાસ થયો નથી અને જ્યાં થયો છે ત્યાં પણ અધૂરો પધૂરો. આ અધિનિયમના નિયમોમાં દાવાઓની ચકાસણીની સ્પષ્ટ રૂપરેખા સમાવી લેવામાં આવી હોવાનું કહેવાય છે. ત્રીજું, વનમંત્રાલયના પરિપત્રોમાં દંડની પાવતીઓને જ પુરાવા તરીકે માન્ય રખાઈ છે. જ્યારે આ અધિનિયમ એ ઉપરાંત અન્ય સરકારી રેકોર્ડ તેમજ સ્થળ તપાસ અને લોકોના જવાબ વગેરે પણ ધ્યાનમાં લેશે એમ જણાવાયું છે. ચોથું, આ ખરડો અભયારણ્યો અને રાષ્ટ્રીય વન ઉદ્યાનો જેવા આરક્ષિત વિસ્તારોના આદિવાસીઓના અધિકારોને પણ માન્યતા આપવાનું ઠરાવે છે.

અલબત્ત, આ ખરડો પસાર થાય તો આદિવાસીઓને થયેલા ઐતિહાસિક અન્યાયને તો કદાચ અમુક અંશે સુધારશે, પરંતુ એનાથી આગળ વધીને, આદિવાસીઓ અને જંગલ એમ બન્નેના વિકાસની પૂર્વશરત એવા વન વ્યવસ્થાપનના કોઈ હક્કો આપતો નથી. વર્ષો જૂના કબજા હક્કોને નિયમિત કરી આપતો આ ખરડો જ વન મંત્રાલય અને પર્યાવરણ-વાદીઓમાં આટલા મોટા પાયા પરની પ્રતિક્રિયા જન્માવતો હોય, તો આદિવાસી / સ્થાનિક લોકોને જંગલો પરના હક્કો આપી એમને વન સંવર્ધનના કામમાં જોતરવાની તેમની તૈયારી કેટલી હશે? અને એ વિના જંગલો અને વન્ય પ્રાણીઓ બચશે ખરાં? ■

## સુપ્રીમ કોર્ટ, વન કેસ અને આદિવાસીઓની હકાલપટ્ટી

છેલ્લાં દસ વર્ષથી સુપ્રીમ કોર્ટમાં ટી. એન. ગોદાવર્મન નામના માજી જમીનદારે દાખલ કરેલો કેસ ચાલી રહ્યો છે. એ 'વન કેસ' તરીકે જાણીતો છે. જમીનદારી નાબૂદી બાદ સરકાર હસ્તક થયેલી અને જંગલ જમીનમાં ફેરવાઈ ગયેલી પોતાના બાપદાદાની જમીન પરથી એમણે ઉછેરેલાં લાખો ઝાડોને આડેધડ કપાતાં જોઈને દુઃખી ગોદાવર્મને ૧૯૯૫માં આ કેસ દાખલ કરેલો. સુપ્રીમ કોર્ટે પાછળથી એમાં દેશના બધા જંગલ વિસ્તારોને આવરી લીધા. પર્યાવરણ, વન અને આરક્ષિત વિસ્તારોને લગતા અનેક પ્રશ્નો પર વ્યાપક અસર પાડતા હુકમો કર્યા છે. ધીરે ધીરે કરતાં આજે એવી સ્થિતિ પેદા થઈ છે કે વન વિસ્તારને લગતો કોઈ પણ નિર્ણય સુપ્રીમ કોર્ટની મંજૂરી વગર લઈ શકાતો નથી. દેશના બધા વન વિસ્તારોનો વહીવટ અને પર્યાવરણને સાચવવાના સંત્રીનું કામ વન મંત્રાલયને બદલે જાણે કે ન્યાયતંત્રના હાથમાં આવી ગયું છે.

ડિસેમ્બર ૧૯૯૬માં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે વૃક્ષો હોય એવી કોઈ પણ જમીનને 'જંગલ' ગણવામાં આવશે અને ઝાડ કાપવા પરના પ્રતિબંધો આ તમામ 'જંગલો'ને લાગુ પડશે. અને આખા દેશમાં વન પેદાશો આધારિત ઉદ્યોગો અને વન પેદાશોની હેરાફેરી તેમજ ઝાડોની કાપણી વગેરેને આવરી લેતા વ્યાપક હુકમો કર્યા. આ હુકમોને કારણે ઉત્તર-પૂર્વી રાજ્યોના અર્થતંત્ર પર ઘણી નકારાત્મક અસરો પડી.

૨૦૦૧ના નવેમ્બરમાં કોર્ટ સમક્ષ 'કોર્ટના મિત્ર' (*amicus curie*) એ જંગલ જમીનો પર થતી 'ગેરકાયદેસર' ખેતી (દબાણો)નો અને એનાથી થતા જંગલ વિનાશનો મુદ્દો ઊભો કર્યો.

ફેબ્રુઆરી ૨૦૦૨માં સુપ્રીમ કોર્ટે દેશનાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા, કર્ણાટક, આસામ, મહારાષ્ટ્ર, તામીલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેરાલાના મુખ્ય સચિવોને પોતપોતાનાં રાજ્યોમાં આવા દબાણનું પ્રમાણ કેટલું છે અને એને દૂર કરવા માટે શું પગલાં ભરવામાં આવ્યાં છે એની વિગતો આપતા સોગંદનામા દાખલ કરવાની સૂચના આપી.

વન મંત્રાલયને તો આ પ્રશ્ને 'ભાવતુ'તું ને વૈદે કીધું' જેવું થયું. સુપ્રીમની નિસ્બતનો લાભ લઈને વન મંત્રાલયે માત્ર ૯ રાજયોને બદલે બધાં જ રાજ્યોને બધાં જ દબાણો તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપતો પરિપત્ર મે ૨૦૦૨માં બહાર પાડ્યો. આ પરિપત્રમાં વન મંત્રાલયે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશોનો હવાલો આપ્યો છે. અલબત્ત, અહીં નોંધવું જોઈએ કે સુપ્રીમ કોર્ટે આજ દિન સુધી દબાણો ખાલી કરાવવાનો આદેશ આપ્યો નથી. આ પરિપત્ર બહાર પાડતી વખતે વન મંત્રાલય પોતાના જ ૧૯૯૦ના પરિપત્રોને જાણે કે ભૂલી ગયું! ૨૦૦૨ના આ પરિપત્રથી રાજ્યોના વન વિભાગોને પણ આદિવાસીઓને હટાવવાની મનખા પૂરી થતી લાગી. આસામ, ઓરિસ્સા અને મહારાષ્ટ્રમાં ૨૦૦૨ના જુલાઈ મહિનાના વરસતા વરસાદમાં હાથીઓની મદદથી ઝૂંપડાઓ તોડી પાડવાનું અને આદિવાસીઓને ખદેડવાનું અભિયાન ચાલુ થયું. મધ્યપ્રદેશમાં ગયા વર્ષે તથા ચાલુ વર્ષે પણ ઝૂંપડાં બાળવાનું અને આદિવાસીઓને ખાલી કરાવવાનું ચાલુ રહ્યું. ગુજરાતમાં પણ ડાંગમાં પરિસ્થિતિ ખરાબ હતી. ૧૬-૮-૨૦૦૪ના રોજ સંસદમાં ખુદ વન મંત્રાલયે આપેલા આંકડા મુજબ મે ૨૦૦૨ થી ઓગસ્ટ ૨૦૦૪ સુધીમાં ૧.૫૨ લાખ હેકટર પરથી દબાણો ખાલી કરાવવામાં આવ્યાં. સુપ્રીમ કોર્ટે નીમેલી કેન્દ્રીય સશક્ત સમિતિ એ જરૂર પડે ગોળીબાર કરીને પણ દબાણો ખાલી કરાવવાની ભલામણ કરતો અહેવાલ આપ્યો, જે સદ્‌ભાગ્યે કોર્ટમાં મૂકાયો નથી!

જુલ્મો પર જુલ્મોની ઝડી વરસી રહી હતી. વિરોધનો વંટોળ ઊઠયો. લાખો કરોડો આદિવાસીઓ પોતાના બાપદાદાની ભૂમિ છોડીને અચાનક જાય કયાં ? અને કયા વાંક ગુને ? દેશભરમાંથી ઊઠેલા જોરદાર વિરોધને કારણે વન મંત્રાલય થોડું મોળું પડ્યું. ઓક્ટોબર ૨૦૦૨માં ફરીથી પરિપત્ર જારી કર્યો કે ૧૯૮૦ પહેલાંના દબાણદાર ખેડૂતોનાં દબાણો તો નિયમિત કરવાનાં જ છે, અને ૧૯૮૦ પછીનાં દબાણોને ખાલી કરાવવાં, પણ એમને 'સ્થળ' પર જ (in situ) વૃક્ષ ઉછેર પ્રવૃત્તિમાં જોતરીને પુનઃસ્થાપિત કરવા જરૂરી છે.

આ પરિપત્ર છતાં સુપ્રીમની તલવાર હજી લટકતી જ હતી. આખા પ્રશ્ને દેશભરમાંથી અવાજ ઊઠવો શરૂ થયો. આદિવાસીઓ વચ્ચે કામ કરતાં સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓનું એક દેશવ્યાપી સંગઠન- કેમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નીટીને નામે રચાયું. ગુજરાતનાં પણ ૪૫ જેટલાં સંગઠનો - સંસ્થાઓએ 'આદિવાસી મહાસભા'નું ગઠન કર્યું, જે દેશવ્યાપી સંગઠનમાં જોડાયું. આર્ચમાંથી અમે પણ એમાં ભળ્યાં. આદિવાસીઓના અધિકારો અંકે કરવાને બદલે એમને હટાવવાની પ્રક્રિયા સામે કેમ્પેઈને વિવિધ રજૂઆતો કરી, સુપ્રીમમાં અને કેન્દ્રીય સમિતિ સામે યાચિકાઓ દાખલ કરી. સભા, સરઘસો જેવા અનેક કાર્યક્રમો પણ હાથ ધરાયા. આખી કાર્યવાહીની કાયદેસરતા અને બંધારણીયતા, ગંભીરતા અને નૈતિકતાના સવાલો સપાટી પર આવ્યા. પરિસ્થિતિ ધીરે ધીરે બદલાતી જતી હતી. કેન્દ્ર સરકાર અને વન મંત્રાલય પર દબાણ વધતું જતું હતું. ફેબ્રુઆરી ૨૦૦૪માં વનમંત્રાલયે ૧૯૯૩ સુધીનાં ખેડાણો નામે કરવાના તેમજ વન ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવાને લગતા બે પરિપત્રો બહાર પાડ્યા. પરંતુ, લોકસભાની ચૂંટણી આવી રહી હતી, એટલે આ તો રાજકીય લાભ મેળવવા માટે કરાઈ રહ્યું છે એવી રજૂઆત સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી અને કોર્ટે એના અમલ સામે મનાઈ હુકમ આપ્યો.

કેન્દ્રની નવી યુપીએ સરકાર સમક્ષ પણ કેમ્પેઈન તરફથી આદિવાસીઓને થયેલા અન્યાય નિવારવા માટે સાતત્યપૂર્ણ રજૂઆતો થતી રહી. બીજી બાજુ યુપીએ સરકારના સાઝા ન્યૂનતમ કાર્યક્રમમાં પણ આદિવાસીઓને અધિકારો આપવાની વાત સામેલ હતી. સોનિયા ગાંધીના પ્રમુખપદ હેઠળની રાષ્ટ્રીય સલાહકાર સમિતિના કેટલાક સભ્યોએ પણ મદદ કરી અને નવેમ્બર ૨૦૦૪ના પહેલા અઠવાડિયામાં વડા પ્રધાન મનમોહનસિંઘ સાથે તેમજ વનમંત્રાલયના સચિવો અને મુખ્ય વન અધિકારીઓ સાથે મીટીંગો થઈ. વન અધિકારીઓએ ૧૯૯૩ સુધીનાં ખેડાણોને માન્યતા આપવાની વાત દોહરાવી અને ત્યાં સુધી કહ્યું કે આદિવાસીઓને અમે દબાણદાર ગણતા જ નથી. શ્રી મનમોહનસિંઘે ખેડાણો ઉપરાંત વન ગામોમાં તથા અભયારણ્યોમાં રહેતા લોકોના અધિકારોના પ્રશ્નને ઘણી ગંભીરતાપૂર્વક લીધો અને એ નિવારવા માટે આદિજાતિ મંત્રાલયના નેજા હેઠળ સમિતિ બનાવવાની સૂચના આપી. એ સમિતિની કાર્યવાહીના પરિણામ રૂપે જ આ ખરડો બન્યો છે. ■

# સાગબારાની કહાણી - ઐતિહાસિક અન્યાયનું દૃષ્ટાંત

સાગબારા તાલુકો પૂર્વે મહારાષ્ટ્રની સીમાને, દક્ષિણે સુરત અને પશ્ચિમે દેડિયાપાડાને અડીને આવેલ નર્મદા જિલ્લાનો ઊંડાણનો પછાત આદિવાસી તાલુકો છે. આઝાદી પૂર્વે પૂરા તાલુકા પર વસાવા ચીફટનનું રાજ હતું. જમીનો બધી ચીફટનની માલિકીની હતી, પરંતુ સ્થાનિક આદિવાસીઓ એનો ભોગવટો કરતા હતા.

સાગબારા તાલુકાનાં તમામ ગામોની બધી જમીનો ચીફટનને તે સમયની મુંબઈ સરકારે વરિષ્ઠ ધારણ કરનાર તરીકે ફાળવી આપી. આ ગામોના આદિવાસી ખેડૂતો વર્ષોથી એ જમીનોમાં ખેતી કરતા હતા અને એ માટે ચીફટન તરફથી એમને સનદો પણ આપવામાં આવેલી. ત્યાર બાદ રાજ્ય સરકારશ્રીએ સાગબારા એસ્ટેટ રેગ્યુલેશન એકટ, ૧૯૬૨ હેઠળ એ જમીનો પોતાને હસ્તક કરી લેવા તેમજ જે આદિવાસીઓ ખેતી કરતા હોય એમને એના પર કાયમી માલિકી હક્ક આપવાનો નિર્ણય કરેલો. ચીફટન અને રાજ્ય સરકારશ્રી વચ્ચે એ અંગે ઘણાં વર્ષો સુધી કેસ પણ ચાલેલો જેના અંતે એ તમામ જમીનો રાજ્ય સરકાર હસ્તક આવી ગઈ હતી. પરંતુ તેમ છતાં લગભગ ૩૪ ગામોમાં આદિવાસી ખેડૂતો જે જમીન ખેડતા હતા તે એમના નામે કરવામાં નહીં આવી અને તમામ જમીનો સરકારી પડતર કે ખરાબા તરીકે રેવન્યુ દફતરે નોંધાઈ. આમ છતાં આદિવાસીઓ જમીન તો ખેડતા જ હતા અને એ બદલ તલાટીને ફરતીનું મહેસૂલ પણ ચૂકવતા હતા. એના પુરાવા પણ રેવન્યુ દફતરે મળી રહે છે.

૧૯૭૫માં વન વિભાગે સાગબારા તાલુકાનાં બધાં ગામોના તમામ સરકારી પડતર સર્વે નંબરોને કોઈ પ્રાથમિક ચકાસણી કર્યા સિવાય અનામત જંગલ બનાવવાના ઉદ્દેશ્યથી ભારતીય વન અધિનિયમની કલમ-૪ મુજબ જાહેરનામું બહાર પાડ્યું. વન અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે હક્કો અને બીજી તપાસ માટે ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરની પણ નિમણુંક થઈ.

સેટલમેન્ટ ઓફિસરે ગામેગામ સ્થળ તપાસ કરી અને હક્ક હિતોની ચકાસણી કરી. એમાં આ જમીનોમાં ઘણા લોકો વર્ષોથી ખેતી કરતા હોવાનું જણાવ્યું. એ જમીનોની એમણે માપણી પણ કરી અને કોણ કયારથી ખેડે છે તેની યાદીઓ પણ બનાવી. આ તમામ ખેડૂતો કલમ-૪નું જાહેરનામું બહાર પડયું તેનાં વર્ષો પહેલાંથી ખેતી કરતા હતા. આમ ખરેખર તો એમણે આ તમામ જમીનો ખેડૂતોના નામે કરી આપવાની અને તેને સૂચિત અનામત જંગલમાંથી બાકાત કરવાની ભલામણ કરવી જોઈતી હતી. પરંતુ તેમ ન કરતાં સાવ મનમાની રીતે કેટલાકને નામે કરી આપવાની, કેટલાકને જંગલની અંદર જંગલ ખાતાના ખાતેદાર તરીકે ખેતી કરવા દેવાની અને બાકીનાને જમીનો ખાલી કરાવવાની ભલામણ કરી. વન અધિનિયમના અમલની પ્રક્રિયામાં આદિવાસીઓના અધિકારોનું હનન કઈ રીતે થાય છે તેનો આ દાખલો છે. વક્રોક્તિ તો એ છે કે જે થોડા ઘણા લોકોની જમીનો નામે કરવાની ભલામણ કરી હતી, તેમને પણ આજે ૨૫ વર્ષ વહી ગયા છતાં હજી જમીનો મળી નથી!

વાત અહીં જ અટકતી નથી. ૧૯૯૨ના ઠરાવ અનુસાર ૧૯૮૦ કે ત્યાર પહેલાંથી જંગલ જમીન ખેડનારાઓને જમીન નામે કરી આપવાની જે કાર્યવાહી થઈ તેમાં પણ સાગબારાના આ ખેડૂતો પૈકી મોટાભાગનાને કોઈ જમીન મળી નહીં. કારણ એ કે એ પ્રક્રિયામાં જંગલ ખાતાની દંડની પાવતીને જ આધાર માનવામાં આવી. આ ખેડૂતો તો પહેલેથી તલાટીને ફરતીનું મહેસૂલ ભરતા આવેલા હતા, એટલે એમની પાસે તો જંગલ ખાતાના દંડની પાવતી ક્યાંથી હોય? સેટલમેન્ટ ઓફિસરના અહેવાલોમાં સ્પષ્ટપણે આ તમામ ખેડૂતો ૧૯૭૫ના કલમ ૪ના જાહેરનામા પહેલાંથી જમીન ખેડતા હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, વન વિભાગ હસ્તકના રેકર્ડમાં જ આ તમામ ખેડૂતો ૧૯૮૦ પહેલાંથી ખેતી કરતા હોવાનું જણાઈ આવે છે. અને છતાં આ રેકર્ડ અવગણવામાં આવ્યો અને વર્ષોથી જમીન ખેડતા આ આદિવાસીઓને દબાણદારનું બિરુદ મળ્યું. એ જમીનો ખાલી કરાવવા માટે અવાર નવાર એમના પર દબાણ થાય છે. ૩૪ ગામોના આશરે ૨૦૦૦થી વધુ આદિવાસી ખેડૂતોને માથે અન્યાયની તલવાર તોળાઈ રહી છે.

જિલ્લા અને વર્તુળ કક્ષાના અધિકારીઓએ આ પ્રશ્નને સહાનુભૂતિપૂર્વક લીધો. પરંતુ ગાંધીનગર કક્ષાએ વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ આવ્યો નહીં. થાકી હારીને છેવટે આર્ચ અને આદિવાસીઓએ ગુજરાત હાઈકોર્ટમાં એપ્રિલ ૨૦૦૫માં ઘા નાખી. જાણીતા કાયદાવીદ અને સીનીયર વકીલ શ્રી ગિરીશ પટેલે આ કેસ હાથમાં લીધો છે. કોર્ટે પીટીશન દાખલ કરી અને વન વિભાગને જમીનો ખાલી ના કરાવવાનો મનાઈ હુકમ આપ્યો છે.

આજે જ્યારે આદિવાસી અધિકાર ખરડા પર આટલો જોરશોરથી વિરોધ થઈ રહ્યો છે, ત્યારે સાગબારાનો આ કિસ્સો એ હકીકત બહાર લાવે છે કે પુરાવા હોવા છતાં આદિવાસીઓ અધિકારોથી કેવી રીતે વંચિત રહે છે. ■

# જંગલના રખેવાળ કોણ -
## આદિવાસી કે વન વિભાગ?

જંગલો અને વન્ય પ્રાણીઓનો વિનાશ અને આદિવાસીઓ એમના પરંપરાગત અધિકારોથી વંચિત થઈ રહ્યા છે એ બન્ને ઘટના વચ્ચે દેખીતો ન હોય એવો પણ ઊંડો સંબંધ છે. એ બન્ને એવી વન વ્યવસ્થાપન વ્યવસ્થાનો ભોગ બન્યા છે, જેણે વન વિભાગને એકહથ્થુ સત્તાનાં સૂત્રો સોંપ્યાં અને છતાં, કદાચ તે જ કારણે, નિષ્ફળ ગઈ છે. આ એ વ્યવસ્થા છે, જેને અંગ્રેજોએ ''વૈજ્ઞાનિક વ્યવસ્થાપન''ના નામે પ્રસ્થાપિત કરેલી, અને સ્વતંત્ર ભારતે જેને 'ટકાઉ વ્યવસ્થાપન'ના નામે હોંશભેર ચાલુ રાખી છે. જે આદિવાસીઓ અને વન વિસ્તારમાં રહેતા સમુદાયો જંગલો અને વન્ય પ્રાણીઓના સારામાં સારા રખેવાળ બની શકે એમ હતા, એમને આ વ્યવસ્થાએ દુશ્મન ગણી લીધા છે અને પોતાના જ વિસ્તારમાં પારકા બનાવી દીધા છે.

દેશનો કુલ નેંધાયેલ વન વિસ્તાર (recorded forest area) ૭.૬૫ કરોડ હેકટરનો છે. તે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩ ટકા જેટલો છે. આ બધા વિસ્તારો વનવિભાગની માલિકી અને નિયંત્રણ હેઠળ છે. આમ વન વિભાગને દેશનો મોટામાં મોટો જમીનદાર ગણી શકાય. માનવામાં ન આવે પણ આઝાદી પછી વન વિભાગના નિયંત્રણ હેઠળનો આ વિસ્તાર વધતો ગયો છે. ૧૯૫૦-૫૧માં દેશનો કુલ નોંધાયેલ વન વિસ્તાર ૫.૩૮ કરોડ હેક્ટરનો હતો. આમ છેલ્લાં ૫૦ વર્ષમાં એમાં ૨.૨૭ કરોડ હેકટરનો, એટલે કે ૪૨ ટકાનો વધારો થયો છે. આ વધારો મુખ્યત્વે ખાનગી વનોનું રાષ્ટ્રીયકરણ કરીને તેમજ સરકારી માલિકીની રેવન્યુ પડતર જમીનોને વન વિભાગ હસ્તક લઈ લેવાને કારણે થયો છે.

અલબત્ત, નોંધાયેલ વન વિસ્તાર ૭.૬૫ કરોડ હેકટરનો છે એનો અર્થ એ નથી કે એ બધી જમીનો જંગલથી આચ્છાદિત છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા છેલ્લાં કેટલાંક વર્ષોથી સેટેલાઈટ ઈમેજીસના આધારે દર બે વર્ષે દેશનાં જંગલોની સ્થિતિ શું છે તેનો કયાસ કાઢે છે. ૧૯૯૯ના એના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે દેશમાં હકીકતમાં જંગલ વિસ્તાર (forest cover) કુલ ૬.૨૪ કરોડ હેકટરનો જ છે અને એમાં ગાઢાં કહી શકાય એવાં (૪૦ ટકાથી વધારે વૃક્ષોની ઘટા - canopy ની ઘનતા) બંધ જંગલો (closed forest) તો ૩.૭૭ કરોડ હેકટરમાં જ આવેલાં છે. બાકીનો વિસ્તાર પાંખાં (૧૦ થી ૪૦ ટકાની ઘનતા) અથવા તો ખુલ્લાં જંગલો (open forest) હેઠળ છે. આવાં જંગલોને degraded forest પણ કહે છે. આમ, દેશના કુલ નોંધાયેલ વન વિસ્તાર (૭.૬૫ કરોડ હેકટર)માંથી અડધોઅડધ વિસ્તાર સાવ બિસ્માર હાલતમાં છે - જે કાં તો પાંખાં જંગલ ધરાવે છે અથવા તો સાવ બોડો થઈ ગયો છે.

### આવું કેમ થયું?

જંગલો ખતમ થઈ રહ્યાં છે એનાં કારણોની ચર્ચામાં સામાન્ય રીતે વસતી વધારો, જંગલમાં તેમજ આસપાસ રહેતા લોકોનું જંગલ પરનું વધેલું ભારણ, બળતણની વધતી માંગ, વધતી ખેતી, ગેરકાયદેસર કટાઈ વગેરે પર જ ભાર મૂકવામાં આવે છે. અને કેન્દ્રીકૃત વન વ્યવસ્થાપનનું મોડેલ પોતે જ આ વિનાશ માટે જવાબદાર હોઈ શકે એ અંગે કોઈ વિચાર જ થતો નથી. એટલું જ નહીં, એક સામાન્ય છાપ એવી પણ છે કે જે જંગલો બચ્યાં છે એ પણ, વન વિભાગના ભ્રષ્ટાચારનો સવાલ હોવા છતાં, એનાં નિયંત્રણોને કારણે જ બચ્યાં છે. એને હટાવી દેવામાં આવે કે સ્થાનિક લોકોને વન વ્યવસ્થાપનની જવાબદારી સોંપવામાં આવે તો તો રહ્યાં સહ્યાં જંગલો પણ નાશ પામશે. તેથી આ પ્રશ્નના ઉકેલની ચર્ચામાં સ્વાભાવિકપણે લોકોનું ભારણ ઓછું કરવાની અને એ માટે વન વિભાગને વધુ સત્તા, નાણાં, સ્ટાફ અને શસ્ત્રો આપવાની જ વિચારણા થાય છે. મુખ્ય પ્રશ્ન બાજુ પર રહી જાય છે અને ઉકેલની ચર્ચા માર્ગ ચાતરી જાય છે.

### સહિયારાં સંસાધનોની કરુણાંતિકા

આ આખી ચર્ચામાં એક અગત્યની વાત ભુલાઈ ગઈ છે કે જંગલો અને વન્ય પ્રાણીઓ પુનઃપ્રાપ્ય (renewable) સંસાધનો છે, અને એનો ટકાઉ ઉપયોગ અને સંવર્ધન બન્ને સાથે સાથે થઈ શકે છે. ૧૯મી સદીની મધ્યમાં અંગ્રેજોએ દાખલ કરેલ વન વિભાગ અને વન અધિનિયમ પાછળનો રેશનાલ જ આવા વૈજ્ઞાનિક વ્યવસ્થાપનનો હતો, જેથી રાજ્યને લાંબા ગાળા સુધી નિયમિત ઈમારતી લાકડું અને રેવન્યુ મળી રહે અને જંગલો પણ સચવાઈ રહે. ધારણા એ હતી કે સ્થાનિક લોકોના હાથમાં જ જો જંગલો રહેવા દેવામાં આવે તો તેઓ લાંબા ગાળાનાં

હિતો ધ્યાનમાં રાખવાને બદલે ટુંકા ગાળાના લાભ મેળવવા જંગલો ભેલાડી મારશે.

આજે પણ આ જ વાત કહેવાઈ રહી છે અને એમાં સહિયારાં સંસાધનોની કરુણાંતિકા (tragedy of the commons) ની નવી દલીલ પણ ઉમેરાઈ છે. એનો મુખ્ય સાર એ છે કે જંગલ, ચરિયાણ જમીન વગેરે સહિયારા ઉપયોગની મિલકતોનું કોઈ રણી ધણી હોતું નથી, એનો ઉપયોગ કરનાર દરેક વ્યક્તિને એના લાભ તો પૂરેપૂરા મળે છે, પરંતુ એના પરિણામે સંસાધનના ઘસારાના લીધે જે કિંમત ચૂકવવાની થાય તે બધા વચ્ચે વહેંચાઈ જાય છે. આમ દરેક એનો વહેલામાં વહેલી તકે વધારેમાં વધારે લાભ લઈ લેવાની પેરવીમાં હોય છે અને એમાંથી પછી છેવટે એ સંસાધન વધારે પડતા ઉપભોગનું શિકાર બનીને ખતમ થઈ જાય છે અને સર્જાય છે સહિયારાં સંસાધનોની કરુણાંતિકા! ગેરેટ હાર્ડિન નામના જીવવિજ્ઞાનીએ ૧૯૬૮માં સૌપ્રથમ આ વાત રજૂ કરેલી. રાજ્ય પોતે આવાં સંસાધનો પોતાના હસ્તક લઈને એનું વ્યવસ્થાપન કરે, તો આવી કરુણાંતિકા અટકાવી શકાય અને લાંબા સમય સુધી સંસાધનનો ટકાઉ ઉપભોગ સુનિશ્ચિત કરી શકાય એવો તર્ક આથી મજબૂત બન્યો.

આ દલીલની પૂર્વધારણા એ છે કે સ્થાનિક સમુદાયોના નિયંત્રણ હેઠળનાં çìèÝëßëçççëÔÞùopen access ની પરિસ્થિતિથી પીડાય છે, એટલે કે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ જાતની રોકટોક વિના એમાં જે કરવું હોય તે કરી શકે છે. પરંતુ હકીકતમાં વ્યવહારમાં આમ હોતું નથી અને કોણ ક્યારે શું કરી શકે, કેટલો ઉપયોગ કરી શકે વગેરે બાબતો અંગે અનેક જાતની ઔપચારિક અને અનૌપચારિક નીતિઓ અને નિયમો બનેલા હોય છે અને એનો ભંગ કરનારને એની કિંમત પણ ચૂકવવી પડતી હોય છે. આમ ગેરેટ હાર્ડિને જેનું વર્ણન કરેલું એવાં સહિયારાં સંસાધનો તો એના મનની થીયરેટીકલ કન્સ્ટ્રક્ટ જ હતી. હકીકતમાં તો એ સહિયારી સંપત્તિમાં તો નિયમ વિરુદ્ધ બકરી વધારનાર ભરવાડે કે નાવ વધારનાર માછીમારે એની કિંમત ચૂકવવી પડતી હોય છે. આમ આ સહિયારી મિલકતોમાં જેણે જે કરવું હોય તે કરવાની છૂટ હોતી નથી, પરંતુ ઘણાં નીતિ નિયમોથી નિયંત્રિત હોય છે.

ઊલટાનું આ સહિયારાં સંસાધનોને કરુણાંતિકાથી બચાવવા માટે રાજ્ય જ્યારે એને પોતાને હસ્તક લઈ લે છે, ત્યારે સ્થાનિક લોકો એને નિયંત્રિત કરવાની પોતાની પરંપરાગત સાખ અને સત્તા ગુમાવી દે છે અને એ રીતે open access ની સ્થિતિ પેદા થાય છે. વર્ષો જૂની પરંપરાઓ તૂટી પડે છે, અને રાજ્ય એનું સ્થાન લઈ શકતું નથી. એટલું જ નહીં, અત્યાર સુધી એ સંસાધનને પોતાનું માનીને કાળજીથી સાચવતા લોકોને એ તો હવે એમનું નથી પણ રાજ્યનું છે એમ કહેવામાં આવે છે અને એ રીતે એમને એનાથી અળગા કરી દેવામાં આવે છે.

આપણા દેશનો છેલ્લાં દોઢસો વર્ષનો વન વ્યવસ્થાપનનો ઈતિહાસ આ જ વાતની સાક્ષી પૂરે છે.

## વન વ્યવસ્થાપનનો ઈતિહાસ

ઓગણીસમી સદીના મધ્ય સુધીમાં તો અંગ્રેજોએ મોટા પાયે વૃક્ષોની, ખાસ કરીને, સાગનાં વૃક્ષોની કટાઈનું કામ જ કર્યું - શરૂઆતમાં એની નૌકાસેનાની જરૂરિયાત પૂરી કરવા માટે અને પાછળથી રેલવે લાઈનના સ્લીપરો નાખવા માટે. એ આડેધડ કટાઈનાં પરિણામોથી ચિંતિત થઈને પછી વનોને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન હેઠળ લાવવાની વિચારણા થવા માંડી. ૧૮૬૪માં જર્મન ફોરેસ્ટર ડેટ્રીચ બ્રાન્ડિસની ભારતના પ્રથમ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ તરીકે નિમણુક થઈ અને એમને તાલિમબદ્ધ વન વિભાગની સ્થાપના કરીને દેશના વન વ્યવસ્થાપનને વૈજ્ઞાનિક આધાર પૂરો પાડવાનું કામ સોંપાયું. સાથે સાથે જ ત્યારના અંગ્રેજ શાસકોએ બધા વન વિસ્તારોને પોતાના હસ્તક લઈ લેવાનો શકવર્તી નિર્ણય લઈ લીધો. આમ કરવાની એને સત્તા છે કે નહીં એ અંગે અંગ્રેજ અધિકારીઓમાં ખાસ્સી રસપ્રદ ચર્ચા ચાલેલી. પરંતુ અંતે બેડેન પોવેલે રજૂ કરેલ પક્ષ વિજયી રહ્યો. આમ ભારતના મોટાભાગના વિસ્તારોના વિજયી રાજા તરીકે આ જંગલો અંગ્રેજ રાજ્યની માલિકીનાં થાય એ સ્વાભાવિક અને કાયદેસર છે એવું સ્વીકારાયું. એમાં એ હકીકત બાજુ પર મુકાઈ ગઈ કે જંગલો રાજાની માલિકીનાં ગણાતાં એ ખરું, પણ વ્યવહારમાં તો ગામોના સ્થાનિક સમુદાયો જ પોતાની સીમનાં જંગલોનો ઉપભોગ કરતા અને સાચવતા અને રાજા તરફથી ભાગ્યે જ એમાં કોઈ દખલ થતી.

૧૮૭૮માં વન વ્યવસ્થાપન માટેનો પ્રથમ સર્વાંગી કાયદો બન્યો, જે અંગ્રેજ હકૂમત હેઠળના બધા વિસ્તારોમાં લાગુ પડાયો. એને સંશોધિત કરીને ૧૯૨૭માં વધારે વ્યાપક બનાવવામાં આવ્યો. આજ દિન સુધી આ જ કાયદો અમલમાં છે. આ કાયદામાં સ્થાનિક સમુદાયોના અધિકારો સમાપ્ત કરી દેવામાં આવ્યા. એમાં ત્રણ પ્રકારનાં જંગલો - 'અનામત જંગલો', 'આરક્ષિત જંગલો' અને 'ગ્રામ જંગલો'ની સ્થાપના કરવાની જોગવાઈ છે. અનામત જંગલો તથા આરક્ષિત જંગલો જાહેર કરતી વખતે સ્થાનિક લોકોના અધિકારોની તપાસ કરીને એની નોંધ કરવાની અને અનામત જંગલોના કિસ્સામાં તેને સેટલ કરવાની પ્રક્રિયા આપવામાં આવી છે, પણ અનેક કારણોસર વ્યવહારમાં એ મોટાભાગના કિસ્સાઓમાં અમલી બની નથી. મોટાભાગના જંગલ વિસ્તાર અનામત

## સ્થાનિક લોકોના અધિકારોની સમાપ્તિ :

### અંગ્રેજ અધિકારીઓ વચ્ચેની ચર્ચા

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજો માટે શાહી નૌકાસેનાની જરૂરિયાત પૂરી કરવા માટે સાગી લાકડાનો એકધારો અને સતત પુરવઠો મળતો રહે એ અત્યંત જરૂરી બની ગયું હતું. અંગ્રેજોમાં એક સામાન્ય સમજણ હતી કે સ્થાનિક લોકોને સાગી ઝાડોની કોઈ કિંમત નથી અને એમની પાસે જ જો જંગલો રહેવા દેવામાં આવશે તો તેઓ જોતજોતામાં એને ભેલાડી મારશે. સાચવણીની 'વૈજ્ઞાનિક' રીતો અને પગલાં દાખલ કરીને એમને સાગનો વણથંભ્યો જથ્થો મેળવવો હતો. એને માટે સરકારે જંગલો પર લાંબા ગાળાની લીઝ લેવી, સાગી લાકડું ખરીદવું કે વિશાળ જંગલ વિસ્તારોને પોતાને હસ્તક કરી લેવા એમ ત્રણ વિકલ્પો હતા. એમાંથી ક્યો વિકલ્પ પસંદ કરવો એ અંગે તે સમયના અંગ્રેજ અધિકારીઓમાં મતમતાંતરો પ્રવર્તતા હતા. અને એ વિશે એમની વચ્ચે ખાસ્સા લાંબા સમય સુધી રસપ્રદ ચર્ચાઓ ચાલેલી.

મદ્રાસના ગવર્નર મનરોનું સ્પષ્ટ માનવું હતું કે જંગલો ભલે રાજાઓની માલિકી નીચે હતાં, પરંતુ તેના પર સ્થાનિક લોકો અબાધિત ભોગવટો ભોગવતા અને સરકાર એમના એ હક્કો છીનવી ના શકે. એટલું જ નહીં, એમનું એમ પણ માનવું હતું કે 'વેપારીઓ અને ખેડૂતો એટલા તો સારા ધંધાદારીઓ હતા કે જો નફો મળવાનો હોય તો સાગનું વાવેતર સુધ્ધાં કરશે. એમને પ્રોત્સાહન આપવા માટે કોઈ નિયંત્રણોની જરૂર નથી. જો સારી કિંમત મળતી હશે, તો ખાનગી ઈમારતી લાકડું વધશે જ, અને વેપાર અને ખેતી કોઈ જ જાતની પરેશાની વગર આગળ વધી શકશે'. આ વાત વન અધિકારી રીબેનટ્રોપે પોતાના ૧૮૯૦માં લખેલા પુસ્તક 'ફોરેસ્ટ્રી ઈન બ્રિટીશ ઈન્ડિયા'માં નોંધી છે. મનરો આમ સ્થાનિક લોકોના અધિકારો ખૂંચવી લઈને સરકાર વન વિસ્તારો પોતાના હસ્તક કરી લે એના વિરોધી હતા. એમના જેવા અધિકારીઓનો એક વર્ગ અઢારમી સદીમાં ઈંગ્લેંડમાં પનપેલા ઉદારમતવાદી વિચારોની અસર નીચે હતો અને સ્થાનિક લોકોના અધિકારોને પડાવી લેવાની વિરુદ્ધ હતો.

બીજે છેડે બેડેન-પોવેલ હતા. એમની દલીલ સાવ સીધી હતી - ભારતની પ્રચલિત પરંપરા મુજબ જંગલ વિસ્તારો રાજાની માલિકીના જ ગણાતા અને એક રાજા બીજા રાજા સામે હારી જાય ત્યારે જંગલ જમીન સહિતની તમામ મિલ્કતો જીતેલા રાજાની માલિકીની બની જતી. એ જ રીતે વિજેતા રાજા તરીકે હવે અંગ્રેજો એમના શાસન હેઠળના પ્રદેશોના જંગલ વિસ્તારોના માલિક ગણાય. એટલે એ પોતા હસ્તક કરી લેવામાં કશું ખોટું નથી. અને આમ પણ સ્થાનિક લોકો તો એને ભેલાડી મારશે એવી વાત પણ હતી. બેડેન પોવેલે રજૂ કરેલો આ મત જ પ્રભાવી રહ્યો અને એના આધારે લોકોના પરંપરાગત અધિકારોને બાજુ પર હડસેલી દઈને જંગલો પર અંગ્રેજ સરકારની માલિકી સ્થાપી દેવાનો નિર્ણય લેવાયો. એનાં મૂળિયાં બ્રિટનમાં તે જ કાળમાં ઉદારમતવાદી વિચારધારાની સાથે ને સાથે જ વિકસી રહેલા અને વધારે પ્રભાવી રહેલા મર્કેન્ટાલીઝમાં જોઈ શકાય.

ભારતીય વન સેવાના પિતા ગણાતા જર્મન ફોરેસ્ટર ડેટ્રીચ બ્રાન્ડિસ ભારત આવ્યા ત્યાર પહેલાં તો વન વિસ્તારો અંગ્રેજ સરકાર હસ્તક લઈ લેવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. તેમનું કામ તો વન વિભાગની સ્થાપના કરીને 'વૈજ્ઞાનિક' વન વ્યવસ્થાપનનો પાયો નાંખવાનું હતું. તેઓ કડક અને શિસ્તબદ્ધ વન વિભાગ હસ્તકના શાસન અને નિયંત્રણના અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનના હિમાયતી હતા. બ્રાન્ડિસે ઘડેલા વન વિભાગનું માળખું, નિયમો અને નીતિઓ આજના વન વિભાગને મળેલ વારસો છે. બ્રાન્ડિસ તેના પુસ્તક 'ફોરેસ્ટ્રી ઈન ઈન્ડિયા', ૧૮૯૭ માં જણાવે છે કે રાજ્યે કાયદો બનાવીને બધી જ વનસંપત્તિ પર જનહિતાય નિયંત્રણ રાખવું જોઈએ. પરંતુ સાથે સાથે તેઓ સ્થાનિક લોકોની સાવ બાદબાકી કરી દેવાના પણ હિમાયતી નહોતા. ભારતની સ્થિતિ જોતાં સરકારે બને ત્યાં સુધી અગત્યના જંગલ વિસ્તારોને જ પોતાને હસ્તક લેવાની કોશિશ કરવી જોઈએ, જ્યાં સ્થાનિક લોકોના અધિકારોનો પ્રશ્ન ના હોય. એ સિવાયના બાકીના વિસ્તારોમાં ગામ સમુદાયોના વહીવટ હેઠળનાં ગ્રામ-વનોની સ્થાપના કરવા પર એમણે ભાર આપેલો. આ ગ્રામવનો લોકોને લાકડાં અને ઘાસચારો તો સીધેસીધાં પૂરાં પાડશે જ; સાથે એ ગામની આવકનો મોટો સ્રોત બની શકશે જેનાથી રસ્તા, પુલો, શાળા, વગેરેનાં બાંધકામ તેમજ સમારકામ થઈ શકશે. અને લોકોને સીધો ફાયદો થતો હોવાથી તેઓ જંગલોનું રક્ષણ અને સાચવણી પણ કરશે. ફ્રાંસ, જર્મની અને ઈટાલીમાં વ્યાપકપણે આ રીતે સ્થાનિક સમૂદાયોના નિયંત્રણવાળી વન વ્યવસ્થાપન વ્યવસ્થાનો પણ એમણે હવાલો આપેલો. વન અધિનિયમમાં ગ્રામ વનોની સ્થાપનાની જોગવાઈ પણ રાખવામાં આવી હતી. પરંતુ કમનસીબી એ છે કે બ્રાન્ડિસે પ્રબોધેલો કડક વન વિભાગ પોતાના નિયંત્રણો સાથે આજે ચાલુ છે, પણ એણે પ્રબોધેલી ગ્રામ વનોની જોગવાઈ (ઉત્તરાંચલ અને આસામના કેટલાક વિસ્તારોને બાદ કરતાં) ક્યારેય અમલમાં ન આવી અને લોકો દોઢ સદીથી ગ્રામ વનો વિનાના જ રહ્યા છે. ■

તેમજ આરક્ષિત જંગલ તરીકે જાહેર કરાયા અને સ્થાનિક લોકોની જરૂરિયાતો પૂરી પાડવાના ઉદ્દેશ્યવાળી ગ્રામ જંગલોની જોગવાઈ તો કાગળ પર જ રહી. આમ, કલમના એક ગોદે સ્થાનિક સમુદાયોના બધા અધિકારો કોઈ પણ જાતના સેટલમેન્ટ વગર જ ખતમ થઈ ગયા. અગાઉ કહ્યું તેમ આનું પરિણામ એ આવ્યું કે જે સ્થાનિક સમુદાયો વર્ષોથી જંગલો સાચવતા આવેલા હતા તેઓ એનાથી વિખૂટા પડી ગયા. જેઓ જંગલોના સૌથી સારા મિત્ર બની શકે એમ હતા તેમને દુશ્મન ગણી લેવામાં આવ્યા. ધીમે ધીમે એવી સ્થિતિ ઊભી થઈ જેમાં વન વિભાગનું મુખ્ય કાર્ય જ જાણે જંગલોને સ્થાનિક લોકોથી અળગાં રાખવાનું અને બચાવવાનું, એટલે કે સ્થાનિક લોકો પરના ચોકીપહેરાનું થઈ ગયું. વનોની માવજત અને સંવર્ધનનાં કાર્યો બાજુ પર હડસેલાઈ ગયા. આ કાયદાના અમલ સામે આદિવાસી તેમજ અન્ય વિસ્તારોમાં લોકોએ અનેક બળવા કર્યા, પણ એ દાબી દેવાયા અને કાળક્રમે લોકો પાસે એને સ્વીકારવા સિવાય કોઈ છૂટકો ના રહ્યો. પરંતુ સાથે સાથે તેઓ જંગલોની સાચવણી તરફ ઉદાસીન પણ થઈ ગયા. લોકો જેને પોતાનાં સંસાધનો માનતા અને માવજત કરતા, તે એમને પોતાનાં લાગતાં મટી ગયાં. જંગલો હવે વન વિભાગની માલિકીનાં થઈ ગયાં હતાં, એટલે બહારનાં તત્ત્વો સામે એને બચાવવાની એમની સત્તા અને ક્ષમતા પણ ખલાસ થઈ ગયાં. ટૂંકમાં અત્યાર સુધી જે નિયંત્રિત સહિયારાં સંસાધનો હતાં, તે રાજ્ય હસ્તક આવતાં, બધાં માટે ખુલ્લાં એવાં open access જંગલો બની ગયાં.

વળી, ભારતમાં અને દુનિયાભરમાં લાંબા ગાળાના, શાંતિપૂર્વકના સતત કબજા બાદ માલિકી હક્ક મેળવવાની સદીઓથી પ્રસ્થાપિત થયેલી ઐતિહાસિક પ્રક્રિયા રહી છે. અંગ્રેજોએ જંગલોને સરકાર હસ્તક કરવાની વન વ્યવસ્થા ગોઠવીને જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓને આ ઐતિહાસિક પ્રક્રિયાનો લાભ લેવામાંથી એક ઝાટકે વંચિત કરી દીધા.

## આઝાદી પછીની સ્થિતિ

સ્વતંત્ર ભારતે પણ વન વ્યવસ્થાપનની અંગ્રેજોએ પ્રસ્થાપિત કરેલી વ્યવસ્થા જ ચાલુ રાખી, ફરક માત્ર એ પડ્યો કે અંગ્રેજોના સમયની લશ્કરી તેમજ રેલવેની જરૂરિયાતોને બદલે હવે દેશના ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી કાચો માલ પૂરો પાડવા પર ભાર અપાયો. કેટલાયે ઉદ્યોગોને સાવ પાણીના મૂલે વાંસ તેમજ અન્ય વનપેદાશો આપી દેવાના પરવાના આપવામાં આવ્યા. સ્થાનિક લોકોની બાદબાકીની નીતિ અકબંધ રહી. ૧૯૫૨ની વન નીતિમાં જણાવ્યું કે : જંગલો એ રાષ્ટ્રની સંપત્તિ છે અને એમાં કે એની આસપાસ રહેતા લોકોનો એના પર પહેલો અધિકાર હોવાની વાત રાષ્ટ્રીય હિત માટે નુકસાનકર્તા છે - કોઈ ગામ જંગલની નજીક હોય એ તો આકસ્મિક ઘટના છે, એનાથી કંઈ આખા દેશના રાષ્ટ્રીય મિલકત ઉપરના અધિકાર પર અવળી અસર ના પડવા દેવાય. (આ જ વાતને બધા વિસ્તારોનાં બધાં કુદરતી સંસાધનો પર લાગુ પાડવામાં આવે તો શું થાય? )

જંગલોને સૌથી મોટું નુકસાન ૧૯૬૦ થી ૧૯૮૦ના દાયકાઓ દરમિયાન વન વિભાગે પોતે વર્કિંગ પ્લાનોના પ્લાન્ટેશન વર્તુળો અંતર્ગત મોટા પાયે બધાં ઝાડોની જે મૂળસોતી કટાઈ (clear felling) કરી એનાથી થયું. આ એક અત્યંત મહત્ત્વાકાંક્ષી યોજના હતી. ગણતરી એ હતી કે ઈમારતી લાકડાંની વધતી માંગને પહોંચી વળવા માટે અનેક પ્રકારનાં વૃક્ષોવાળાં મિશ્રિત જંગલોમાંથી બધાં વૃક્ષો મૂળ સહિત કાપી નાખવાં અને એ જમીનો પર પછી ઝડપથી ઊગતાં સાગનાં વૃક્ષોનું પ્લાનટેશન કરવું. દેશભરમાં લાખો હેકટરમાં પથરાયેલ સૌથી સારાં જંગલોનો સફાયો થઈ ગયો. અને પ્લાન્ટેશનો કાં તો કરવામાં જ ન આવ્યાં, કાં નિષ્ફળ ગયાં. પરિણામે વિશાળ વિસ્તારો બોડા અને વેરાન બની ગયા.

જાણીતા ફોરેસ્ટર શ્રી જે. બી. લાલે ભારતના વન વ્યવસ્થાપનના આ આખા પ્રકરણને 'ecological tragedy' અને 'subordination of ecology to economics' તરીકે વર્ણવ્યું છે. પરંતુ હકીકત તો એ છે કે એ માત્ર ઈકોલોજીકલ ટ્રેજેડી જ નહીં પરંતુ ઈકોનોમિક ટ્રેજેડી પણ છે. લાંબા ગાળા સુધી નિયમિત લાકડું મળતું રહેશે તે ઉદ્દેશ્ય પણ સફળ ન થયો. ૧૯૮૦ સુધીમાં તો એટલી કાગારોળ મચી ગઈ કે વૃક્ષકટાઈ પર જ પ્રતિબંધ મૂકી દેવો પડ્યો.

## ૧૯૭૦ પછીના નીતિગત ફેરફારો

પર્યાવરણના રક્ષણનો પ્રશ્ન દેશ-દુનિયાના ફલક પર છવાઈ રહ્યો હતો. ભારતમાં પણ આડેધડે થઈ રહેલા વૃક્ષછેદન સામે વિરોધ ઊઠવા માંડયો, જેણે 'ચિપકો આંદોલન'માં સારામાં સારી અભિવ્યક્તિ મેળવી. નીતિગત ફેરફારો આવવા માંડ્યા. ૧૯૭૨માં વન્ય પ્રાણી અધિનિયમ અમલમાં આવ્યો. ૧૯૭૬માં વન વિભાગ કૃષિ મંત્રાલયના ભાગ રૂપે ના રહેતાં સ્વતંત્ર દરજ્જો પામ્યો અને વન અને પર્યાવરણ મંત્રાલયના શ્રીગણેશ થયા. ૧૯૭૮માં 'વન'ના વિષયને રાજ્ય સરકારોની યાદીને બદલે સંયુક્ત યાદીમાં (concurrent list) મૂકવામાં આવ્યો. કેન્દ્રીય વન મંત્રાલયે ધીમે ધીમે સત્તા કેન્દ્રીકૃત કરવા માંડી. ૧૯૮૦માં 'વન (સંરક્ષણ) અધિનિયમ' આવ્યો, જેણે ૫ હેકટરથી વધુ જંગલ વિસ્તારને બિનજંગલમાં ફેરવવા માટે કે વનીકરણ સિવાયની કોઈ પણ પ્રવૃત્તિ કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી અનિવાર્ય બનાવી. વૃક્ષછેદનની પ્રવૃત્તિ પર અનિશ્ચિતકાલીન રોક મૂકી દેવામાં આવી. આમ જંગલો,

વન્ય પ્રાણીઓ અને પર્યાવરણ અંગે શરૂ થયેલી ચિંતાના પરિણામે વન વ્યવસ્થાપન વધારે કેન્દ્રીકૃત બનાવવામાં આવ્યું, આરક્ષિત વિસ્તારો ઊભા કરાયા, વૃક્ષછેદન પર સંપૂર્ણ રોક લગાવવામાં આવી અને લોકોની બાદબાકી ચાલુ જ રહી.

## આરક્ષિત વિસ્તારો

વન્ય પ્રાણી અધિનિયમ હેઠળ દેશના ૫ ટકા વિસ્તારને વન્ય જીવોના રક્ષણ, જતન અને વૃદ્ધિ માટે આરક્ષિત વિસ્તારો (Protected Areas), એટલે કે અભયારણ્યો અને રાષ્ટ્રીય વન ઉદ્યાનોમાં સમાવી લેવાનો નિર્ધાર કરવામાં આવ્યો. આજ સુધીમાં દેશમાં કુલ ૬૦૦ જેટલા આરક્ષિત વિસ્તારોમાં ૧.૫૬ કરોડ હેકટર જમીન આવરી લેવામાં આવી છે, જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૪.૭૫ ટકા જેટલી થાય છે. આ આરક્ષિત વિસ્તારોમાં તો સ્થાનિક સમુદાયોની સંપૂર્ણ બાદબાકી કરી દેવામાં આવી. ત્યાં સુધી કે ગૌણ વન પેદાશો પણ એકઠી ના કરી શકે. આરક્ષિત વિસ્તારોની સ્થાપનાની પ્રક્રિયામાં લોકોના અધિકારોની તપાસ કરીને એને સંપાદિત કરવાની જોગવાઈ હતી, પરંતુ પાછળથી આ અધિનિયમમાં ૧૯૯૧માં સુધારો દાખલ કરવામાં આવ્યો કે જો અનામત જંગલના વિસ્તારને જ આરક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરાતો હોય તો એમ માની લેવું કે આ અધિકારોનું સેટલમેન્ટ થઈ ગયું છે, એટલે નવેસરથી તપાસની જરૂર નથી. આમ કલમના એક જ ગોદે સ્થાનિક સમુદાયોના બધા અધિકારો સમાપ્ત કરી દેવામાં આવ્યા. રાષ્ટ્રીય વન ઉદ્યાનોમાંથી લોકોને સંપૂર્ણપણે હટાવવાની વાત છે, જ્યારે અભયારણ્યોની આસપાસ લોકો રહી તો શકે, પણ જંગલને અડકી ના શકે. મોટાભાગના કિસ્સામાં સ્થાનિક સમુદાયોના અધિકારોને સંપાદિત કરીને એમનો બીજે પુનર્વાસ કરવાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. 'એમણે રહેવાનું તો ત્યાં જ, પણ એમના અધિકારો બધા સમાપ્ત થઈ જાય, અને એનાથી ત્રાસીને પછી જાતે સ્થળાંતર કરી જાય તો તે એમની મરજી' જેવો cynical અભિગમ અપનાવાયો હોવાનું જણાય છે. અને આ બધું વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે જરૂરી છે એટલે જ કરાયું છે એવું પણ નથી. સ્થાનિક સમુદાયો ગૌણ વનપેદાશો એકઠી કરે કે ઘરવપરાશ માટે બળતણ કે ઘાસચારો લે એની માત્રા કંઈ બધે એટલી નથી હોતી કે એનાથી વન્ય પ્રાણીઓને નુકસાન થાય. પરંતુ સિધ્ધાંતતઃ આ નહીં કરવું એવો બ્લેન્કેટ પ્રતિબંધ છે. વન કેસના એક હુકમમાં સુપ્રીમ કોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે આ વિસ્તારોમાંથી ઘાસનું તણખલું કે મૃત કે સડી જતાં ઝાડ પણ દૂર કરવાં નહીં.

બીજી બાજુ, બહારનાં માતબર હિતોની પૂર્તિ કરવા માટે સહેલાઈથી રસ્તા શોધી કઢાયા. તેલની પાઈપલાઈનો હોય, ખાણો માટેની લીઝ કે પેપર મિલને મફતના ભાવે વાંસ પૂરા પાડવાના હોય, એ બધાને મંજૂરી આપી દેવામાં આવે. એટલું જ નહીં, વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે આમ કરવું જરૂરી છે એવો બચાવ પણ કરાય અને એ બચાવને ઉચ્ચ અદાલતો મંજૂરીની મહોર પણ મારી આપે. (જુઓ સુરપાણેશ્વર અભયારણ્ય)

આવાં બેવડાં ધોરણો હોય ત્યાં સરિસ્કા અને અન્ય અભયારણ્યોમાંથી વાઘ કે વૃક્ષો અદૃશ્ય થઈ જાય એમાં નવાઈ ખરી?

૧૯૮૮ની વનનીતિમાં સ્થાનિક લોકોનાં હિતો અને જરૂરિયાતનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો. સાથે સાથે વન ઉછેર અને સંવર્ધનમાં એમની ભાગીદારી પણ અનિવાર્ય ગણવામાં આવી અને કહેવાયું કે 'આદિવાસીઓ અને જંગલો વચ્ચેના પરસ્પરાવલંબિત સંબંધોને જોતાં બધી જ એજન્સીઓનું પ્રાથમિક કામ આદિવાસી લોકોને જંગલોના સંરક્ષણ, સંજીવન અને વિકાસમાં જોડવાનું અને જંગલોની અંદર અને આસ-પાસ રહેતા લોકોને અર્થપૂર્ણ રોજગાર આપવાનું હોવું જોઈએ.' ૧૯૯૦માં વન મંત્રાલયે 'સહભાગી વન વ્યવસ્થાપન' (JFM) ની નીતિ બહાર પાડી. આ નીતિ અંતર્ગત વન સંરક્ષણ સમિતિના દરેક સભ્યને ઘાસ, ઝાડની ડાળીઓ અને ગૌણ વનપેદાશો પર પૂરો ભોગવટાનો અધિકાર અને લાકડાના વેચાણનો નિયત ભાગ (ગુજરાતમાં ૫૦ ટકા) પર અધિકાર મળે. પરંતુ, આ બાબત માત્ર નીતિ કે પરિપત્ર રૂપે જ રહી અને એને કાયદાનું પીઠબળ મળ્યું નહીં. એટલું જ નહીં, નીતિગત સ્તરે પણ વનોના વ્યવસ્થાપનમાં વન વિભાગનું નિયંત્રણ યથાવત્ છે અને સ્થાનિક સમૂદાયોને સ્વતંત્ર રીતે કામ કરવાની કોઈ ગુંજાઈશ નથી, જેની વિગતે ચર્ચા આગામી અંકોમાં કરીશું.

વન વિભાગને તમામ સત્તા આપતું હાલનું કેન્દ્રીકૃત વન વ્યવસ્થાપનનું મોડેલ જંગલો, વન્ય પ્રાણીઓ અને આદિવાસીઓ એ ત્રણેનાં હિતોને સાચવવામાં સરિયામ નિષ્ફળ ગયું છે. તેથી એ જ મોડેલને વધારે મજબૂત કે વધારે કાર્યક્ષમ બનાવવાથી સ્થિતિમાં કોઈ ફેર નહીં પડે. ઊલટાનું એનાથી તો પરિસ્થિતિ વધારે વણસશે અને સંઘર્ષો વધશે. જરૂર છે એને બદલવાની અને એને સ્થાને સ્થાનિક સમુદાયો અને આદિવાસીઓને વન વ્યવસ્થાપનના સંપૂર્ણ અધિકારો આપતી વ્યવસ્થા લાવવાની. આમ થશે તો જ વનો, વન્ય પ્રાણીઓ, આદિવાસીઓ અને દેશ એ તમામનાં હિતો સચવાશે, એમનો વિકાસ થશે અને તમામ માટે win-winની સ્થિતિ ઊભી થશે. આ માત્ર થિયરેટીકલ કલ્પના નથી, પરંતુ વ્યવહારમાં પણ નણાઈ ચૂકેલી બાબત છે. દેશ અને દુનિયામાં સ્થાનિક સમુદાયો હસ્તકની વન અને વન્ય પ્રાણીઓની વ્યવસ્થાપન વ્યવસ્થા કારગર રીતે ચાલતી હોવાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. એની વિગતો આગામી અંકોમાં જોઈશું ■

## સુરપાણેશ્વર અભયારણ્ય : ચાવવાના અને બતાવવાના જુદા

નર્મદા યોજનાથી ડૂબમાં જતી કુલ ૧૧,૦૦૦ હેક્ટર, બોડા ડુંગરો ધરાવતી, જંગલ જમીનની સામે પર્યાવરણવાદીઓ અને વન મંત્રાલયના દબાણને લીધે ૨૫,૦૦૦ હેક્ટરના ડુમખલ રીંછ અભયારણ્યના વિસ્તારને વધારીને ૬૧,૦૦૦ હેક્ટર કરવામાં આવ્યો અને એને ૧૯૮૯માં સુરપાણેશ્વર અભયારણ્ય તરીકે જાહેર કર્યો. ત્યારે નર્મદા જિલ્લાના (ત્યારના ભરુચ) દેડિયાપાડા અને રાજપીપળા તાલુકાનાં આશરે ૧૦૦ જેટલાં ગામોની આદિવાસી પ્રજાને તો એની જાણ સુધ્ધાં નહોતી કરી અને ભવિષ્યમાં એમના પર શું વીતવાનું છે એનો અંદેશો માત્ર એમને નહોતો. ધીમે ધીમે કરતાં ગૌણ પેદાશો એકઠી કરવાથી માંડીને જંગલ જમીન ખેડવા સુધીના એમના અધિકારો ઝૂંટવાતા ગયા. ૧૯૯૨ના ઠરાવ મુજબ ૧૯૮૦ પહેલાંનાં નામે થવા પાત્ર ખેડાણોને નિયમિત કરવા સામે પ્રતિબંધ આવી ગયો. આજે ટીમરૂ પાન સુદ્ધાં લોકો લઈ શકતા નથી. એમના પરના કેસો વધતા ગયા. એમના આર્થિક અને નાગરિક હક્કો ખૂંચવાતા ગયા. રસ્તા, વીજળી જેવાં વિકાસનાં કામો તો બંધ થઈ જ ગયાં, પણ સહભાગી વન વ્યવસ્થા કે જળસ્રાવ વિકાસ યોજના જેવી જમીન - જંગલ વિકાસ યોજનાઓ પર પણ પ્રતિબંધ આવી ગયો. પોતાની જ ભૂમિ પર તેઓ જાણે કે બીજા વર્ગના નાગરિક બની ગયા!

૧૯૬૦માં સરકારે સેન્ટ્રલ પલ્પ મિલ (હાલમાં જે. કે. મિલ હસ્તક) સાથે કરેલા લીઝ કરાર મુજબ ૨૦૦૦ની સાલ સુધી પ્રત્યેક વર્ષે નહીંવત રોયલ્ટી (૧૯૬૦માં રૂપિયા ૫ પ્રતિ ટન હતી, જે ૧૯૯૧માં વધીને રૂા. ૧૧૧ પ્રતિ ટન થઈ) ચૂકવીને લાખો ટન વાંસ કાપી લઈ જવાની મિલને છુટ આપવામાં આવેલી. લીઝ હેઠળનો અમુક વિસ્તાર ૧૯૮૯માં અભયારણ્ય બન્યો. સ્વાભાવિક અપેક્ષા હોય કે વન્ય પ્રાણી જાળવણી માટે પેઢીઓથી ત્યાં જ વસતા આદિવાસીઓના હક્કો છિનવી લેતો વન વિભાગ લીઝ તો રદ કરી જ નાખશેને? ૧૯૮૦ના વન સંરક્ષણ અધિનિયમમાં તો એની સ્પષ્ટ જોગવાઈ છે. પણ, ના, મિલને વાંસ કાપવાની પરવાનગી ચાલુ રહી. પહેલાં એવો કાંઈક તર્ક રજૂ કરાયો, જે ગુજરાત હાઈકોર્ટે પણ માન્ય રાખ્યો, કે ભઈ, સરકારે કરેલા કરારનું પાલન તો કરવું જ પડે ને! કાંઈક કાચું કપાયાનો ખ્યાલ આવતાં પાછળથી વન વિભાગે એવી દલીલ ચાલુ કરી કે વાંસ તો ઘાસ છે અને વન્ય જીવોની જાળવણી માટે વાંસ કાપવા જરૂરી છે. (અને લાખો ટન વાંસ મિલને આપવા પણ?)

લોકોએ અને આર્ચે સ્થળ પર અને હાઈકોર્ટમાં પીટીશન કરીને વિરોધ કર્યો. વિરોધ ૯૪ થી ૯૮ સુધી ચાલ્યો. સીબીઆઈના એમને દોષિત ઠેરવતા રિપોર્ટને હાઈકોર્ટે માત્ર ટેકનિકલ કારણોસર ફગાવી દીધો! અને ૧૯૯૮માં 'વાંસ ખાતાકીય રાહે જ કપાશે' એવી સરકારની બાંહેધરી માનીને કાયદાકીય મુદ્દાને અડક્યા પણ વગર ત્રણ વર્ષ જૂનો કેસ કાઢી નાખ્યો. ટનબંધી વાંસ મિલને મળતા રહ્યા.

પણ વાત અહીં અટકતી નથી. નવેમ્બર ૨૦૦૦માં લીઝની અવધિ પૂરી થતી હતી. તે પહેલાં ફેબ્રુઆરી ૨૦૦૦માં સુપ્રીમ કોર્ટે કોઈપણ અભયારણ્યમાંથી મૃત કે પડેલું લાકડું કે ઘાસ સુધ્ધાં હટાવવા સામે પ્રતિબંધ મૂકી દીધેલો, તેમ છતાં ગુજરાત સરકારે લીઝને જાન્યુઆરી ૨૦૦૧માં બીજાં દસ વર્ષ માટે લંબાવી. સાથે સાથે જ સુપ્રીમમાં સોગંદ પર પણ જણાવ્યું કે આદેશનો અમલ બરાબર થાય છે! લીઝ લંબાવ્યાની સામે આર્ચે ફરીથી ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરી, જેમાં સરકારે આ સોગંદનામાનો હવાલો આપીને દાવો કર્યો કે સુપ્રીમ કોર્ટે પણ સરકારની આ વાત સામે વાંધો લીધો નથી. કેન્દ્ર સરકારે અલબત્ત પોતે કરેલી એફીડેવીટમાં સ્વીકાર્યું કે વાંસ કટાઈને વન્ય જીવના હિતની પ્રવૃત્તિ ના ગણી શકાય અને ગુજરાત સરકારે આવી કામગીરી શરૂ કરતા પહેલાં સુપ્રીમ કોર્ટની મંજૂરી લેવી જોઈતી હતી. બસ, હાઈકોર્ટનો આ પીટીશન સાંભળી લેવાનો ઉત્સાહ એકદમ મંદ પડી ગયો. ત્યારથી આજ દિન સુધી કેસ સુનાવણી માટે આવ્યો નથી, કે કોર્ટે કાયદાના ભંગ સામે કોઈ જ આલોચના કરી નથી. તેથી આર્ચે સુપ્રીમ કોર્ટે નીમેલી કેન્દ્રીય સશક્ત સમિતિ સામે ફરિયાદ કરી. સમિતિએ, અલબત્ત, વાંસ કાપવા સામે મનાઈ હુકમ આપ્યો, પરંતુ ગુજરાત સરકારે અદાલતના કરેલા અનાદર અને કાયદાના ભંગ સામે કે લીઝ અંગે કોઈ પગલાં લીધાં નહીં! મજાની વાત એ છે કે આ સમિતિ ત્રણ વન અધિકારીઓ અને બે પર્યાવરણવાદીઓની બનેલી છે. કાયદાના ભ્રામક આવરણ નીચે આરક્ષિત વિસ્તારોમાં વન્ય જીવોના નામે ચાલતા નાટકનો સુરપાણેશ્વર અભયારણ્ય એ દાખલો માત્ર છે અને અહીં જણાવેલ વિગતો તો એકદમ દેખીતી highlights માત્ર છે. વિગતો ધ્યાનથી જોઈએ તો ખ્યાલ આવે કે અભયારણ્યોમાં જે નાટકો ચાલે છે તેમાં વાંસ કે ઝાડ કે વન્ય પ્રાણીઓ બચી શકે ખરાં ? ■

# સમાચારની સાથે સાથે

## અડવાણી - જિન્હા - સંઘ પરિવાર : ભારત - પાકિસ્તાન સુમેળ

***- અનિલ પટેલ***

'ખોજ' પ્રેસમાં જવામાં જ છે ત્યાં અડવાણીએ પાકિસ્તાનમાં રાજકીય ભૂકંપ સર્જ્યો છે. અખબારોમાં અડવાણી, જિન્હા અને સંઘ છવાઈ ગયા. છે. શત્રુઓ માટે અનામત આયુધો વિહિપે, શિવસેનાએ અડવાણી ઉપર છોડ્યાં છે. તેમને દેશદ્રોહી કહેવાયા છે, લાલ 'મહેમુદ' અડવાણી પણ કહેવાયા છે. પાકિસ્તાનમાં પ્રથમ 'બાબરી ધ્વંસ'નો ખેદ કર્યો, ત્યાર પછી જિન્હાનાં સેક્યુલર કથનો ટાંકીને સંઘપરિવારને હચમચાવી મૂક્યો છે. ડાબેરીઓ અને શરદ પવાર પણ ચોંક્યા છે અને સાબદા થઈ ગયા છે. અડવાણીને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે.

આ નૂકતેચીની પછી સ્વીકારવું પડે કે ઢળતી સંધ્યાએ અડવાણીએ જબરજસ્ત નૈતિક તાકાત અને લાંબી દૃષ્ટિ બતાવી છે. મહામુત્સદ્દી અડવાણીનાં ઉચ્ચારણો તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' કહેવાય. બે પ્રજાઓ જયારે સુલેહ થવાના સંકેતો આપી રહી છે ત્યારે અડવાણીએ જીવનભરના બોલ બાજુ ઉપર મૂકીને બે દેશો વચ્ચેના સમાધાનનો મહા જુગાર ખેલ્યો છે. અને રાજકીય કારકિર્દી હોડમાં મૂકી છે. આને લોકસમર્થન મળશે?

કરાંચી ખાતેના તેમના ઐતિહાસિક પ્રવચનમાં જિન્હાને પોરસાવ્યા અને પ્રથમ બંધારણ સભાના તેમના પ્રવચનને ટાંક્યું : ''સમય વીતતાં તમને સમજાશે કે હિન્દુ - હિન્દુ મટી જશે, મુસલમાન - મુસલમાન મટી જશે, ધાર્મિક શ્રધ્ધાના અર્થમાં નહીં કારણ કે એ દરેકની અંગત શ્રધ્ધાનો વિષય છે પરંતુ એક રાજકીય અર્થમાં તમે બધા રાજ્યના એક નાગરિક છો તે અનુભવશો''. આ તો શુદ્ધ સેક્યુલારીઝમ જ! નવાઈ લાગે પણ સંઘ પરિવારનો વિરોધ જિન્હાને સેક્યુલર કહ્યાનો છે, જાણે કે સેક્યુલારીઝમનું મૂલ્ય સ્વીકાર્ય હોય!

સાચું છે જિન્હાએ ધર્મના નામે ભાગલા પડાવ્યા, હિંદુ - મુસલમાન કોમો વચ્ચે વેર વધાર્યું. ગાંધીજીને 'હિંદુ નેતા' સતત કહ્યા. જિન્હામાં ધર્મઝનૂન ના હતું, છતાં બે ધર્મો વચ્ચે વેરનો અગ્નિ પ્રગટાવ્યો. આ જિન્હાનો મેળ 'સેક્યુલર' જિન્હા સાથે ના પડે. તેમનું વધારે ઊપસી આવતું પાસું તો કોમવાદી રાજકારણીનું જ.

ઈન્ડિઅન એક્સપ્રેસ (૮ જૂન) માં પ્રતાપ ભાનુ મહેતાએ ભાગલાના ઐતિહાસિક સંદર્ભની ચર્ચામાં કહ્યું : ચળવળ દરમિયાન હિંદુ બહુમતી વચ્ચે મુસલમાન લઘુમતીના હક્કો સાચવણીનો કુટ પ્રશ્ન ઊભો થયો. બહુમતી - લઘુમતી હક્કોના માળખામાં જ કોમોના સામૂહિક હક્કોની ચર્ચા હંમેશાં ચાલી. સમાધાનના અભાવમાં ભાગલા અને 'દ્વિરાષ્ટ્ર'ની થિયરી આમાં અભિપ્રેત હતી. ગાંધીજીએ આ થિયરી માનેલી નહીં. જિન્હાએ એનો જ ઉપયોગ કર્યો. એ માળખામાં જ બહુમતીવાદના ખતરા સામે લઘુમતીને રક્ષણ આપવું કેવી રીતે? તેની સામેની આડશો વ્યક્તિસ્વાતંત્ર્યની ખાતરી આપતા 'કાયદાના રાજ્ય'ના વિચારમાં છે. વ્યક્તિના જીવન, સ્વતંત્રતા અને મિલકતના હક્કોની સુરક્ષાનો વિચાર ચર્ચાનો મુખ્ય મુદ્દો બન્યો જ નહીં.

જિન્હા, ગાંધી, સરદાર, નહેરૂ ઈંગ્લેન્ડમાં જ કાયદો ભણેલા. કાયદાના રાજ્યની થિયરીઓ અને વ્યવહારની બારીક આંટીઘૂંટીથી પૂરા માહિતગાર - તજજ્ઞો જ. પરંતુ રાષ્ટ્રવાદના ચઢતા પૂરમાં સંસ્થાનવાદી બ્રિટીશ પ્રથા સ્વીકારે? વળી ઈંગ્લેન્ડમાં તે વિચાર ઉપર હુમલા થઈ રહ્યા હતા. હિંદુસ્તાનની અજાણી ભોમકામાં તેની માવજત કરવા બંને પક્ષો તૈયાર નહીં. ભાગલા પડ્યા જ. હિંસા પ્રસરી. ધર્મ આધારિત 'બે રાષ્ટ્ર'ની થિયરી ખોટી અને ખતરનાક છે. પરંતુ પરિસ્થિતિનો તર્ક 'બે રાષ્ટ્ર'નો હતો. બંને પક્ષોએ પ્રદાન કર્યું. કોંગ્રેસનું ઓછું, જિન્હાનું વધારે. સંઘ પરિવારનો 'અખંડ ભારત'નો સિદ્ધાંત ખતરનાક હતો અને છે. મુસલમાન વિરોધી છે. તેનું પરિણામ ફાસીવાદમાં આવે. ગાંધીના 'દ્વિરાષ્ટ્ર'ના વિરોધ અને સંઘ પરિવારના વિરોધ વચ્ચે મેળ નથી. 'દ્વિરાષ્ટ્ર'ના કોંગ્રેસ વિરોધની વચ્ચે પાકિસ્તાનનો જન્મ થયો, એટલે તાર્કિક રીતે તેની વૈધતા ઉપર તલવાર લટકે છે. પાકિસ્તાનને બીક છે કે ભારતે ભાગલા સ્વીકાર્યા નથી, તે પાકિસ્તાનને ગળી જશે. કોંગ્રેસ માટે આ સાચું નથી, પરંતુ સંઘ પરિવારની તો એ નેમ છે. કોંગ્રેસ તે કાળના તર્કની કેદી છે એટલે વૈધતાનો પ્રશ્ન લટકતો રાખ્યો છે.

અડવાણીએ ભારત - પાકિસ્તાન મૈત્રીને રુંધતી આ રેશમની ગાંઠને એક ઝાટકે કાપી નાખી છે. સંઘ પરિવારનો આધાર જ તોડી નાંખ્યો છે. વિરોધનો વંટોળ ઊઠે જ ને? પરંતુ રાષ્ટ્રહિતને સર્વોપરી ગણીને અડવાણીએ એક રાજપુરુષ તરીકે સ્થાન પણ નિશ્ચિત કર્યું છે. સંઘ પરિવાર માટે એક મહાસંકટ - દેશ માટે એક મહા અવસર સર્જ્યો છે. હવે કયા અંકો ખૂલે છે તે જોવાનું રહે છે. (અડવાણીએ પ્રમુખપદનું રાજીનામું ખેંચી લીધું છે, પરંતુ ગાંઠ તો કપાઈ જ ગઈ છે.) ■



ફ્રેડરિક હાયેક (૧૮૯૯-૧૯૯૨)

# વ્યક્તિવાદ અને સમૂહવાદ

*- ફ્રેડરિક હાયેક*

*The socialists believe in two things which are absolutely different and perhaps even contradictory : freedom and organisation.*

*- Elie Halevy*

[વીસમી સદી જબરજસ્ત ઊથલપાથલો અને તનાવોની સદી રહી. તેણે બે વિશ્વયુદ્ધો જોયાં. બે છળાવી મૂકતા સર્વસત્તાવાદ--જમણેરી અને ડાબેરીના ઊદય અને અસ્ત જોયાં. આ ઊથલપાથલો અને સંઘર્ષની પાછળ બે વિચારધારાઓ - મુક્ત બજાર અને વ્યક્તિસ્વાતંત્ર્યને પોષતી લિબરલ વિચારધારા અને તેનાથી ઊંધી સામ્યવાદી-સમાજવાદી વિચારધારા વચ્ચેનો તુમુલ સંઘર્ષ પણ જોયો. આ ઘટનાઓના શરૂઆતથી અંત સુધીના વિચક્ષણ સાક્ષી અને મૌલિક વિશ્લેષક બે -ફ્રેડરિક હાયેક અને કાર્લ પોપર. બંન્ને વિયેનાના અને જીવનભરના ગાઢ મિત્રો. ફ્રેડરિક હાયેક (૧૮૯૯-૧૯૯૨)નું આ વિચારસંઘર્ષમાં બેનમૂન પ્રદાન. લિબરલ વિચારના પાયામાં રહેલી માનવ-સ્વતંત્રતાના પ્રખર સમર્થક અને જિંદગીભરના યોદ્ધા રહ્યા. સમાજવાદી વિચારનું હાયેક અને તેમના ગુરુ વોન માઈઝીસથી ચઢિયાતું વેધક અને તલસ્પર્શી વિશ્લેષણ શોધ્યું જડે તેમ નથી. સમાજવાદી વિચારનાં પૂર યુરોપ-અમેરિકામાં ફરી વળ્યાં, ત્યારે તેનો સાતત્યપૂર્વક અને નિષ્ઠાપૂર્વક વિરોધ તેમણે કર્યો અને લિબરલ વિચાર પૃષ્ઠ ભૂમિકામાં ધકેલાઈ ગયો ત્યારે તેના મૂળ તત્ત્વને હિંમતપૂર્વક વળગી રહ્યા અને બૌદ્ધિકોના ઉપાલંભોનું નિશાન બન્યા.

ઈતિહાસમાં ઊંડે છુપાયેલી ગહન અને દુર્બોધ ફિલસૂફીમાં મંડાયેલું આ દર્શન સામાન્ય જન સમજી શકે તેવી લોકભોગ્ય શૈલીમાં મૂકવાનું કાર્ય હાયકે કર્યું તેમના શકવર્તી પુસ્તક 'Road to Serfdom' (૧૯૪૪)માં. બીજું વિશ્વયુદ્ધ પૂરું થવામાં હતું, નાઝી જર્મનીનું પતન નિશ્ચિત હતું અને તેની તોલે આવે તેવો સ્ટાલીની સર્વસત્તાવાદ પૂર્વમાં ઉદય પામી રહ્યો હતો અને આ દુઃસ્વપ્ન જેવી ભૂતાવળો સંસ્કૃત અને મુક્ત યુરોપમાં કેવી રીતે છવાઈ ગઈ તે કોયડાનો ઉકેલ શોધ્યો જડતો નહોતો, ત્યારે Road to Serfdom માં એનો વિશદ્ ઉકેલ દર્શાવ્યો. કહેવાય છે કે આ પુસ્તકે યુરોપમાં સામ્યવાદી આગેકૂચને ખાળી. આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર તૃપ્તિ કરી રહી છે. એની ઝાંખી કરાવતું એક પ્રકરણ - Individualism and Collectivism અહીં આપીએ છીએ. -સં.]

સમાજવાદની સંકલ્પનાને લગતા ગૂંચવાડાને આપણે સૌથી પહેલાં દૂર કરવો પડશે. સામાજિક ન્યાય, વધુ સમાનતા અને સલામતીના આદર્શો માત્ર સમાજવાદનું અંતિમ ધ્યેય છે એવું માનવામાં આવે છે, પરંતુ એનો અર્થ એવી ખાસ પદ્ધતિ એવો પણ થાય છે, જેના દ્વારા મોટાભાગના સમાજવાદીઓ આ ધ્યેયો સુધી પહોંચવાની આશા રાખે છે અને ઘણા સક્ષમ લોકો માને છે કે માત્ર આ પદ્ધતિઓ દ્વારા જ એ ધ્યેયો પૂરેપૂરાં અને ઝડપથી પામી શકાશે. આ અર્થમાં સમાજવાદનો અર્થ છે ખાનગી સાહસોની નાબૂદી, ઉત્પાદનનાં સાધનો પરની ખાનગી માલિકીનો અંત અને 'આયોજિત અર્થકારણ'ની વ્યવસ્થાનું નિર્માણ, જેમાં નફા માટે કામ કરનાર સાહસિકનું સ્થાન કેન્દ્રીય આયોજન મંડળ લે છે.

એવા ઘણા લોકો છે જેઓ પોતાને સમાજવાદી ગણાવે છે, જોકે તેઓ માત્ર તેનાં અંતિમ ધ્યેયોમાં જ ઉત્કટ શ્રદ્ધા ધરાવે છે, અને એ કેવી રીતે મેળવી શકાશે એ અંગે નથી કોઈ નિસ્બત ધરાવતા કે નથી કોઈ સમજણ ધરાવતા, અને માત્ર એ અંગે નિશ્ચિત છે કે કોઈ પણ કિંમતે એ પામવાં પડશે. પરંતુ, જેમના માટે સમાજવાદ એક આશા માત્ર

નહીં, પણ વ્યવહારુ રાજકારણ છે, એમને માટે આધુનિક સમાજવાદની લાક્ષણિક પદ્ધતિઓ એટલી જ અગત્યની છે જેટલાં એનાં ધ્યેયો છે. બીજી બાજુ, ઘણા લોકો એવા છે, જેમને મન સમાજવાદનાં અંતિમ ધ્યેયોનું મૂલ્ય સમાજવાદીઓથી બિલકુલ ઊતરતું નથી હોતું, પરંતુ સમાજવાદીઓએ પ્રબોધેલી પદ્ધતિઓમાં તેમને બીજાં મૂલ્યો પર ખતરો દેખાય છે તેથી તેઓ સમાજવાદને ટેકો કરવાનો ઈનકાર કરે છે. આમ, સમાજવાદ અંગેનો વિવાદ ઘણું કરીને એનાં સાધનો અંગેનો છે, નહીં કે સાધ્યો અંગેનો - જો કે સમાજવાદનાં વિવિધ ધ્યેયો એકી સાથે હાંસિલ થઈ શકે એમ છે કે નહીં, તે સવાલ તો રહે જ છે.

ગૂંચવાડો ઊભો કરવા માટે આટલું પર્યાપ્ત છે. અને જેઓ સાધનોને વખોડી નાખે છે તેઓ ધ્યેયોનો પણ અનાદર કરે છે એવું માનવાની સામાન્ય આદતથી તો આ ગૂંચવાડો ઓર વધે છે. પણ વાત આટલેથી અટકતી નથી. સમાજવાદી સુધારાના સૌથી મોટા ઓજાર રૂપ 'આર્થિક આયોજન'ને બીજા ઘણા હેતુઓ માટે વાપરી શકાય એમ છે એ હકીકતથી તો પરિસ્થિતિ વધારે જટિલ બને છે. આવકની વહેંચણી સામાજિક ન્યાયના હાલના વિચારોને અનુરૂપ કરવા માગતા હોઈએ, તો આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્રીય સંચાલન કરવું જ પડે. તેથી, નફા માટેના ઉત્પાદનને સ્થાને 'ઉપયોગ માટે ઉત્પાદન'ને લાવવાની માંગ કરનારા સૌ 'આયોજન' ઇચ્છે છે. પરંતુ, આપણને અન્યાયી લાગે તે રીતે પણ જો આવકની વહેંચણી કરવી હોય, તો પણ આવું આયોજન ઓછું અનિવાર્ય નથી. જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે આ વિશ્વની સારી સારી વસ્તુઓ કોઈ ખાસ જાતિવાદી કુલીનવર્ગ પાસે, કે કોઈ પક્ષના કે ઉમરાવ વર્ગના સભ્યો પાસે જવી જોઈએ, તો પણ આપણે એ જ પદ્ધતિઓ અપનાવવી પડે જે સમતાવાદી વહેંચણી માટે જરૂરી છે.

સમાજવાદ શબ્દને એના ધ્યેયોને બદલે એની પદ્ધતિઓ માટે વાપરવો કે ઘણા લોકોને માટે જે શબ્દ અંતિમ ધ્યેય હોય તે શબ્દનો ઉપયોગ કોઈ ખાસ પદ્ધતિ માટે કરવો કદાચ ઉચિત ના દેખાય. અનેક ધ્યેયો માટે જે પદ્ધતિ વાપરી શકાતી હોય, એને માટે સમૂહવાદ શબ્દ વાપરવો અને સમાજવાદને એનો એક પ્રકાર ગણવો કદાચ વધારે ઇચ્છનીય ગણાય. જોકે, મોટાભાગના સમાજવાદીઓ માટે સમૂહવાદનો માત્ર એક જ પ્રકાર સાચા સમાજવાદનું પ્રતિનિધિત્વ કરે છે. તેમ છતાં એ યાદ રાખવું જ પડે કે સમાજવાદ એ સમૂહવાદનો જ એક પ્રકાર છે અને તેથી જે કાંઈ સમૂહવાદ માટે સાચું છે તે બધું જ સમાજવાદને પણ લાગુ પડે છે. સમાજવાદીઓ અને ઉદારમતવાદીઓના વિવાદના મુદ્દા સમૂહવાદનાં બધાં જ સ્વરૂપોમાં સમાન એવી પદ્ધતિઓ અંગેના છે અને નહીં કે કોઈ વિશેષ ધ્યેયો અંગેના, જેને હાંસિલ કરવા સમાજવાદીઓ એને પ્રયોજવા માંગતા હોય. અને ધ્યેય ગમે તે હોય પણ એને માટે પ્રયોજાતી સમૂહવાદની પદ્ધતિઓથી પેદા થતાં પરિણામો સાથે આપણને લેવાદેવા છે. એ ના ભુલાવું જોઈએ કે સમાજવાદ જ સમૂહવાદ કે 'આયોજન'નો સૌથી અગત્યનો પ્રકાર ભલે ન હોય, પરંતુ એ સમાજવાદ જ છે જેણે ઉદારમતવાદી (લિબરલ) લોકોને, આર્થિક જીવન પરનાં એ જ નિયંત્રણોને તાબે થવા પ્રેર્યાં છે જેને તેમણે એક વાર ફગાવી દીધેલાં. આદમ સ્મિથના શબ્દોમાં 'સમાજવાદ જ સરકારોને એવી સ્થિતિમાં મૂકે છે, જેમાં તેમણે પોતાને ટકાવી રાખવા માટે અત્યાચારી અને જાલિમ બનવું જ પડે'.

જો આપણે સમૂહવાદ શબ્દનો ઉપયોગ, આયોજનનું ધ્યેય જે કાંઈ પણ હોય, પણ બધા જ પ્રકારના 'આયોજિત અર્થકારણ'ને સમાવી લે એવો કરવા માટે સંમત થઈએ, તો પણ એક સરખા રાજકીય શબ્દોની સંદિગ્ધતાથી પેદા થતી મુશ્કેલીઓ ખતમ થઈ જતી નથી. જો આ શબ્દને આપણે વહેંચણીના સ્વીકૃત આદર્શોને પામવા માટે જ વાપરીએ છીએ એમ સ્પષ્ટ કરીએ, તો એનો અર્થ કંઈક વધુ સ્પષ્ટ બને. પરંતુ, કેન્દ્રીય આર્થિક આયોજનના વિચારની જે અપીલ છે તે ઘણું કરીને તેના અર્થની અસ્પષ્ટતાને કારણે જ છે, તેથી એ જરૂરી છે કે એનાં પરિણામો ચર્ચતાં પહેલાં આપણે એના સ્પષ્ટ અર્થ વિશે સંમત થઈ જઈએ.

'આયોજન'ની લોકપ્રિયતા ઘણું કરીને એ હકીકતને આભારી છે કે દરેક વ્યક્તિ ઇચ્છે છે કે આપણે આપણા સમાન પ્રશ્નોને શક્ય એટલા બુદ્ધિગમ્ય રીતે નિપટાવવા જોઈએ અને એમ કરવા માટે આપણે શકય એટલું બધું જ દૂરંદેશીપણું વાપરવું જોઈએ. આ અર્થમાં, પ્રારબ્ધવાદી ન હોય તેવી દરેક વ્યક્તિ આયોજનકાર હોય છે, અને પ્રત્યેક રાજકીય કાર્ય આયોજનનું કાર્ય હોય છે (કે હોવું જોઈએ), અને તફાવત માત્ર સારા કે ખરાબ, ડાહ્યા અને દીર્ઘદૃષ્ટિવાળા કે મૂર્ખ અને ટૂંકી દૃષ્ટિના આયોજન વચ્ચે જ હોઈ શકે. માણસો કેવી રીતે વર્તે છે અને પોતાના કારોબારનું કેવી રીતે આયોજન કરે છે તેનો અભ્યાસ કરવાનું જેનું કામ છે એવો અર્થશાસ્ત્રી તો છેલ્લી વ્યક્તિ હશે, જે આવા સામાન્ય અર્થવાળા આયોજનનો વિરોધ કરે. પરંતુ, આયોજિત સમાજ માટે ઉત્સુક લોકો આ શબ્દને આ અર્થમાં નથી વાપરતા, અથવા આવક કે સંપત્તિની વહેંચણી કોઈ ખાસ ધોરણને અનુરૂપ જો આપણે ઇચ્છતા હોઈએ તો આપણે આયોજન કરવું જ પડે એવા અર્થમાં પણ નથી વાપરતા. આધુનિક આયોજનકારોના મતે, અને એમના હેતુ માટે, સૌથી વધુ બુદ્ધિગમ્ય કાયમી માળખાં ઘડવાં પણ પૂરતાં નથી, જેની અંદર

પોતાની વ્યક્તિગત યોજના મુજબ જુદા જુદા માણસો પોતાની વિવિધ પ્રવૃત્તિઓ કરી શકે. એમના મતે આવું ઉદારમતવાદી આયોજન એ આયોજન જ નથી - એ ખરેખર એવું આયોજન પણ નથી જે કોની પાસે શું હોવું જોઈએ એ અંગેના કોઈ ખાસ વિચારોને સંતોષવા માટે ઘડવામાં આવેલું હોય. આપણા આયોજનકારો તો માંગે છે સમાજનાં સંસાધનોને ખાસ ધ્યેય માટે ચોક્કસ રીતે 'સભાનપણે સંચાલિત' કઈ રીતે કરાય તેવું ગોઠવી આપતા એક માત્ર આયોજન મુજબનું અર્થવ્યવસ્થાનું કેન્દ્રીય સંચાલન.

આમ, આધુનિક આયોજનકારો અને તેમના વિરોધીઓ વચ્ચેનો વિવાદ એ નથી કે સમાજની શકય એટલી વિવિધ સંસ્થાઓ (organisations) માંથી બુદ્ધિગમ્ય રીતે પસંદગી કરવી જોઈએ કે નહીં. વિવાદ એ પણ નથી કે આપણા રોજબરોજના કારોબારનું આયોજન કરવા માટે આપણે વ્યવસ્થિત વિચારણા અને દૂરદર્શિતા અપનાવવાં જોઈએ કે નહીં. વિવાદ એ કરવાનો ઉત્તમોત્તમ માર્ગ કયો છે એ બાબતનો છે. પ્રશ્ન એ છે કે આ હેતુ માટે દંડાત્મક સત્તાના ધારકે એવી પરિસ્થિતિ પેદા કરવા પૂરતા જ પોતાને સીમિત રાખવા જોઈએ કે જેની અંદર વ્યક્તિઓના જ્ઞાન અને અભિક્રમને ઉત્તમ અવકાશ મળી રહે, જેથી કરીને *તેઓ* સફળતાપૂર્વક આયોજન કરી શકે, કે પછી એ છે કે આપણાં સંસાધનોના બુદ્ધિગમ્ય ઉપયોગ માટે સભાનપણે બનાવવામાં આવેલી 'બ્લુપ્રિન્ટ' મુજબ આપણી બધી જ પ્રવૃત્તિઓનું સંચાલન અને આયોજન થઈ શકે. બધા જ પ્રકારના સમાજવાદીઓએ આ બીજા પ્રકારના આયોજન માટે 'આયોજન' શબ્દને પચાવી પાડ્યો છે. અને હવે એ આ અર્થમાં જ સામાન્ય રીતે સ્વીકારાઈ ગયો છે. પરંતુ જોકે એનો અર્થ આપણા કારોબારને નિપટાવવાનો આ જ એક માત્ર બુદ્ધિગમ્ય રસ્તો છે એવું સૂચવવા માટે કરવામાં ભલે આવે છે, પરંતુ એનાથી એવું ખસૂસ પુરવાર થતું નથી. આ મુદ્દો રહે જ છે, જે અંગે આયોજનકારો અને ઉદારમતવાદીઓ અસહમત છે.

આ પ્રકારના આયોજન સામેના વિરોધને બિનહસ્તક્ષેપ (*laissez faire*) ના જડ વલણ સાથે જોડી દેવામાં ન આવે એ જરૂરી છે. ઉદારમતવાદી દલીલ માણસના પ્રયત્નોને કોઓર્ડિનેટ કરવા માટેના સાધન તરીકે સ્પર્ધાનો શક્ય એટલો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની તરફેણ કરે છે અને સ્થિતિ જેમ છે તેમ જ છોડી દેવાની એ દલીલ નથી. એ એવી પ્રતીતિ પર ઊભી છે કે જ્યાં અસરકારક સ્પર્ધા ઊભી કરી શકાતી હોય, ત્યાં વ્યક્તિગત પ્રયત્નોને માર્ગદર્શન આપવાનો એ બીજા બધા કરતાં વધુ સારો માર્ગ છે. એ નકારતી નથી, એટલું જ નહીં, ભાર મૂકે છે કે સ્પર્ધા લાભદાયી રીતે કામ કરી શકે એ માટે સંભાળપૂર્વક વિચારેલું કાનૂની માળખું જરૂરી છે, અને એવું પણ માને છે કે હાલના કે ભૂતકાળના કાનૂની નિયમો ગંભીર ક્ષતિઓથી મુકત નથી. વળી, એને પણ એ નકારતી નથી કે જ્યાં અસરકારક સ્પર્ધા માટે જરૂરી શરતો ઊભી કરવી અશકય હોય, ત્યાં આર્થિક પ્રવૃત્તિને માર્ગદર્શન આપવાની બીજી કોઈ પદ્ધતિઓનો આશરો લેવો જોઈએ. પરંતુ, આર્થિક ઉદારવાદ વ્યક્તિગત પ્રયત્નોને સંયોજવા માટે સ્પર્ધાને સ્થાને બીજી કોઈ ઊતરતી કક્ષાની પદ્ધતિઓ અપનાવવાનો વિરોધ કરે છે. અને એ સ્પર્ધાને શ્રેષ્ઠ માત્ર એ કારણે નથી માનતો કે સ્પર્ધા મોટાભાગના સંજોગોમાં જાણીતી પદ્ધતિઓમાં સૌથી વધુ કાર્યક્ષમ પદ્ધતિ છે, પણ ખાસ તો એટલા માટે કે એ જ એક માત્ર પદ્ધતિ છે જેના લીધે સત્તાની દંડાત્મક કે મનમાની દખલ વગર આપણે આપણી પ્રવૃત્તિઓને અરસ પરસ નિપટાવી શકીએ છીએ. હકીકતમાં, સ્પર્ધાની તરફેણની એક દલીલ જ એ છે કે એમાં 'સભાન સામાજિક નિયંત્રણ'ની જરૂર રહેતી નથી અને એ વ્યક્તિઓને એ નક્કી કરવાનો મોકો આપે છે કે કોઈ પણ ધંધાના ભવિષ્યના લાભો એની સાથે જોડાયેલા ગેરલાભો અને જોખમોની ભરપાઈ કરી શકે એટલા પર્યાપ્ત છે કે નહીં.

સામાજિક વ્યવસ્થા માટે સ્પર્ધાના સિધ્ધાંતનો સફળતાપૂર્વકનો ઉપયોગ સમાજની આર્થિક બાબતોમાં કેટલાક પ્રકારના દંડાત્મક હસ્તક્ષેપોનો નિષેધ કરે છે, પરંતુ એના કાર્યને મદદરૂપ થઈ શકે એવા બીજા ઘણા હસ્તક્ષેપોને સ્વીકારે છે અને કેટલાંક પ્રકારનાં સરકારી કાર્યોને તો જરૂરી પણ ગણે છે. પરંતુ એની નકારાત્મક જરૂરિયાતો - ખાસ કરીને જ્યાં દંડાત્મક સત્તા વાપરવી જ ના જોઈએ એ મુદ્દા - પર જ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, અને એ માટે પૂરતાં કારણો પણ છે. સૌ પ્રથમ તો એ જરૂરી છે કે બજારમાં વ્યક્તિઓને (પક્ષકારોને) લેવડદેવડમાં જે ભાવે લેનાર કે વેચનાર મળી શકે એ ભાવે વેચવા કે ખરીદવાની છૂટ હોવી જોઈએ, અને કોઈપણ વ્યક્તિ જે કાંઈપણ પેદા કરી શકે કે વેચી શકે એમ હોય તો તેને ઉત્પન્ન કરવા, વેચવા કે ખરીદવાને સ્વતંત્ર હોવી જોઈએ. અને એ અત્યાવશ્યક છે કે જુદા જુદા ધંધાઓમાં દાખલ થવાની શરતો બધા માટે સમાન હોવી જોઈએ અને કોઈપણ વ્યક્તિઓ કે જૂથો દ્વારા આ પ્રવેશને ખુલ્લા કે પ્રચ્છન્ન બળ દ્વારા રૂંધવાના કોઈપણ પ્રયત્નને કાયદાએ સાંખી લેવો ના જોઈએ. કોઈપણ ચીજની કિંમત કે જથ્થાને નિયંત્રિત કરવાનો કોઈપણ પ્રયાસ સ્પર્ધાની એ જ ક્ષમતાને ખલાસ કરી નાંખે છે જેના દ્વારા વ્યક્તિગત પ્રવૃત્તિઓનું અસરકારક સમાયોજન (કોઓર્ડિનેશન) થાય છે, કારણ કે એવા સંજાગોમાં કિંમતના ફેરફારો સંબંધિત પરિસ્થિતિના તમામ ફેરફારોની નોંધ લઈ શકતા નથી અને એ રીતે વ્યક્તિનાં કાર્યો માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી શકતા નથી.

અલબત્ત, ઉત્પાદનની અમુક પદ્ધતિઓ પર લાદવામાં આવેલાં નિયંત્રણોને આ વાત લાગુ પડતી નથી, પરંતુ આવા કિસ્સાઓમાં પણ એ જરૂરી છે કે એ નિયંત્રણો બધા જ સંભવિત ઉત્પાદકોને સમાન રીતે લાગુ પડતાં હોય અને કિંમત કે જથ્થાને નિયંત્રિત કરવા માટે આડકતરી રીતે પણ વાપરવામાં આવતાં ના હોય. જો કે ઉત્પાદનની પદ્ધતિઓ પરનાં આવાં નિયંત્રણો વધારાનો ખર્ચ થોપે છે. એટલે કે કોઈ ચોક્કસ ઉત્પાદન માટે વધારાનાં સંસાધનો વાપરવા જરૂરી બનાવતું હોય, તો પણ એ આવકાર્ય હોઈ શકે. અમુક ઝેરી પદાર્થો વાપરવા પર પ્રતિબંધ મૂકવો, કે એના ઉપયોગમાં ખાસ સાવચેતી રાખવી, કામ કરવાના કલાકો પર મર્યાદા મૂકવી કે અમુક સ્વાસ્થ્ય સગવડો આવશ્યક બનાવવી - આ બધું સ્પર્ધાની જાળવણી સાથે પૂરેપૂરું સુસંગત છે. અહીં એક માત્ર પ્રશ્ન એ છે કે કોઈપણ કિસ્સામાં એ જે સામાજિક કિંમત થોપે છે એના કરતાં લાભ વધારે છે કે નહીં. વળી, સામાજિક સેવાઓની વ્યાપક વ્યવસ્થા સાથે પણ સ્પર્ધા અસંગત નથી, જ્યાં સુધી આ સેવાઓ વિશાળ ફલક પરની સ્પર્ધાને બિનઅસરકારક બનાવી દેવા માટે ઘડવામાં આવી ન હોય.

એ શોચનીય છે, જો કે સમજાવવું અઘરું નથી, કે સ્પર્ધા સફળતાપૂર્વક કામ કરી શકે એ માટેની સકારાત્મક જરૂરિયાતો પર ભૂતકાળમાં આવા નકારાત્મક મુદ્દાઓ કરતાં પણ ઓછું ધ્યાન અપાયું છે. સ્પર્ધા સારી રીતે કામ કરી શકે એ માટે નાણાં, બજાર અને માહિતીના આદાન પ્રદાનનાં માધ્યમો જેવી સંસ્થાઓની પૂરતી વ્યવસ્થા જરૂરી છે - જેમાંની કેટલીક વ્યવસ્થાઓ ખાનગી સાહસો દ્વારા કયારેય પૂરતા પ્રમાણમાં પૂરી ના પાડી શકાય - પરંતુ સૌથી વધુ તો એ યોગ્ય કાનૂની વ્યવસ્થા પર ખૂબ આધારિત છે, એવી કાનૂની વ્યવસ્થા જે સ્પર્ધાને જાળવી રાખવા તથા એ શકય એટલી ફાયદાકારક રીતે કામ કરે એ માટે ઘડવામાં આવી હોય. એટલું કોઈ સંજોગોમાં પૂરતું નથી કે કાયદાએ ખાનગી માલિકીના સિદ્ધાંતને અને કરારના સ્વાતંત્ર્યને માન્યતા આપવી જોઈએ; પણ જુદી જુદી વસ્તુઓ પર લાગુ પડાતા માલિકીના અધિકારની સ્પષ્ટ વ્યાખ્યા પર ઘણું બધું અવલંબે છે. સ્પર્ધાત્મક વ્યવસ્થા કાર્યક્ષમ રીતે ચાલી શકે એવી બનાવે એવા કાનૂની સંસ્થાકીય માળખાનો વ્યવસ્થિત અભ્યાસ અવગણાયો છે; અને એવી બળૂકી દલીલો કરી શકાય કે અહીં ઘણી ત્રુટિઓએ, ખાસ કરીને કોર્પોરેશન અને પેટન્ટના કાયદાઓ સાથે સંકળાયેલી ત્રુટિઓએ સ્પર્ધાને વધુ ખરાબ રીતે કામ કરતી બનાવી દીધી છે, એટલું જ નહીં, ઘણાં ક્ષેત્રોમાં સ્પર્ધાને જ ખતમ કરી નાખી છે.

છેલ્લે, અમુક ક્ષેત્રો નિઃશંકપણે એવાં છે, જ્યાં કાયદાની કોઈ પણ વ્યવસ્થા સ્પર્ધા અને ખાનગી માલિકી અર્થપૂર્ણ રીતે કામ કરી શકે એવી સ્થિતિ પેદા કરી શકતી નથી. જેમ કે પોતાની મિલકતના ઉપયોગથી પેદા થતી સેવાઓના લાભો અને એના ઉપયોગથી બીજાને થતી હાનિની બધી નુકસાની એનો માલિક જ ભોગવે. દાખલા તરીકે, જ્યાં અમુક સેવાઓના ભોગવટાને કિંમત ચૂકવવા સાથે જોડવો અવ્યવહારુ હોય, ત્યાં સ્પર્ધા એ સેવાઓ ઊભી નહીં કરે; અને એ જ રીતે, જ્યારે મિલકતના અમુક ઉપયોગથી બીજાને થતા નુકસાનની વસૂલી તે મિલકતના માલિક પાસેથી લઈ ના શકાતી હોય, ત્યાં પણ કિંમતની વ્યવસ્થા બિનઅસરકારક બની જાય છે. આ બધા દાખલાઓમાં ખાનગી ગણતરીમાં લેવાતી વસ્તુઓ અને સામાજિક કલ્યાણને અસર કરતી વસ્તુઓ વચ્ચે ભિન્નતા છે; અને જ્યારે જ્યારે આવી ભિન્નતા અગત્યની બની જાય છે, ત્યારે ત્યારે આવી સેવાઓ ઊભી કરવા માટે સ્પર્ધા સિવાયની કોઈ બીજી રીત શોધવી પડે. જેમ કે રસ્તા પરનાં માર્ગદર્શક પાટિયાં કે કેટલાક સંજોગોમાં ખુદ રસ્તાઓની જોગવાઈ માટે દરેક વ્યક્તિગત ઉપભોકતા પૈસા ભરી શકે એમ નથી હોતો. એવી જ રીતે વનવિનાશ કે ખેતીની અમુક પદ્ધતિઓની નુકસાનકારક અસરો કે કારખાનાંઓના ધુમાડા કે અવાજ જે તે મિલકતના માલિક પૂરતા કે એવી વ્યક્તિઓ પૂરતા મર્યાદિત રહેતા નથી, જેઓ અમુક નક્કી વળતર માટે આવું નુકસાન સહી લેવા તૈયાર હોય. આવા દાખલાઓમાં બજારકિંમત દ્વારા સધાતા નિયમનનો કોઈ પર્યાય આપણે શોધવો જ પડે. જ્યાં સ્પર્ધા બરાબર કામ ના કરી શકતી હોય એવી પરિસ્થિતિઓમાં આપણે સરકાર દ્વારા સીધા નિયમનનો વિકલ્પ કદાચ અપનાવવો પડે, પરંતુ એ હકીકત એ પુરવાર નથી કરતી કે જ્યાં સ્પર્ધા કામ કરી શકતી હોય ત્યાં પણ એને દબાવી દેવી જોઈએ.

સ્પર્ધા શકય એટલી વધુ અસરકારક બને એવી પરિસ્થિતિ પેદા કરવી, જ્યાં એને અસરકારક બનાવી શકાય એમ ના હોય ત્યાં એની પૂર્તિ કરવી, એવી સેવાઓ પૂરી પાડવી, જે આદમ સ્મિથના શબ્દોમાં ''આખા સમાજ માટે ભલે સૌથી વધુ લાભદાયી હોય, છતાં એવા પ્રકારની હોય, જેનો નફો વ્યક્તિ કે વ્યક્તિઓનાં નાનાં જૂથોને થયેલા ખર્ચને કદાપિ ભરપાઈ કરી શકે એમ ન હોય'' - આ બધામાં રાજ્યની વિશાળ અને નિઃશંક ભૂમિકા બનેલી રહે છે. રાજ્યે કશું જ કરવાનું ના હોય એવી વ્યવસ્થાનો બુદ્ધિગમ્ય બચાવ ના થઈ શકે. બીજી કોઈપણ વ્યવસ્થામાં હોય એવું જ બુદ્ધિમત્તાપૂર્વક રચેલું અને સતત સાનુકૂળ બનતું કાનૂની માળખું અસરકારક

સ્પર્ધાત્મક વ્યવસ્થા માટે પણ જરૂરી છે. એ સારી રીતે કામ કરી શકે એ માટેની સૌથી અગત્યની પૂર્વશરત છેતરપીંડી અને બનાવટ (અજ્ઞાનતાનો લાભ લેવા સહિતની) સામે રક્ષણ આપવાની છે, જે પણ કાનૂની કાર્યવાહી માટેનો મોટો આધાર પૂરો પાડે છે, જે હજી પૂરેપૂરી હાંસિલ કરી શકાઈ નથી.

સ્પર્ધા ફળદાયી રીતે કામ કરી શકે એ માટે યોગ્ય માળખું બનાવવાનું કામ હજુ ચાલુ જ હતું, ત્યાં તો બધે જ રાજ્યો સ્પર્ધાને સ્થાને સાવ જુદા જ અને એકદમ વિરોધી સિધ્ધાંત તરફ વળ્યાં. સવાલ હવે સ્પર્ધાને કામ કરતી કરવાનો અને એની પૂર્તિ કરવાનો ના રહ્યો, પણ એને પૂરેપૂરી હટાવી દેવાનો જ રહ્યો. આ અંગે એકદમ સ્પષ્ટ થઈ જવાની જરૂર છે : આયોજન તરફની આધુનિક આગેકૂચ એક રીતે સ્પર્ધા સામેની છે અને સ્પર્ધાના બધા જ જૂના વેરીઓ એક ઝંડા નીચે ભેગા થઈ ગયા છે. અને જોકે હાલમાં આ ઝંડા નીચે આવેલાં બધાં જ પ્રકારનાં હિતો ઉદારમતવાદી યુગે ધોઈ નાખેલા પોતાના વિશેષાધિકારોને પ્રસ્થાપિત કરવા મથી રહ્યાં છે, તેમ છતાં આયોજન માટેના સમાજવાદી પ્રચારે જ ઉદારમતમાં માનનારા લોકોના મનમાં પણ સ્પર્ધા સામેનો વિરોધ જન્માવ્યો છે અને સ્પર્ધાને રૂંધવાનો કોઈપણ પ્રયત્ન જે તંદુરસ્ત સંશય પેદા કરતો હતો એ સંશયને અસરકારક રીતે ઢીલો કરી નાખ્યો છે. હકીકતમાં સ્પર્ધા તરફના આ સમાન વૈમનસ્ય અને એને સ્થાને આયોજિત અર્થવ્યવસ્થા લાવવાની સમાન ઈચ્છા જ ડાબેરી અને જમણેરી સમાજવાદીઓને જોડે છે. જોકે મૂડીવાદ અને સમાજવાદ શબ્દો હજુ પણ સામાન્ય રીતે સમાજના ભૂતકાળનાં અને ભવિષ્યનાં સ્વરૂપો વર્ણવવા માટે વાપરવામાં આવે છે, છતાં તે આપણે જે સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ એના સ્વરૂપને સમજાવવાને બદલે છુપાવે છે.

જો કે આપણે જે ફેરફારો જોઈ રહ્યા છીએ તે બધા જ આર્થિક પ્રવૃત્તિના સર્વાશ્લેષી કેન્દ્રીય સંચાલન તરફ ઢળે છે, છતાં સ્પર્ધા સામેની સાર્વત્રિક લડાઈ સૌ પ્રથમ તો એથી પણ વધારે ખરાબ પરિસ્થિતિ ઊભી કરશે, એવી સ્થિતિ જે ન તો આયોજકોને કે ન ઉદારમતવાદીઓને સંતોષી શકશે : એવા પ્રકારના ઉદ્યોગનું સંઘવાદી સંગઠન કે કોર્પોરેશન, જેમાં સ્પર્ધાને તો વધતા ઓછા અંશે દબાવી જ દેવામાં આવે છે, પણ આયોજનને પણ જુદા જુદા ઉદ્યોગોની સ્વતંત્ર ઈજારાશાહીઓના હાથમાં છોડી દેવામાં આવે છે. જ્યારે લોકો સ્પર્ધા સામેના વિરોધમાં એકજૂટ હોય પણ એ સિવાય બહુ જૂજ બાબતોમાં સંમત થતા હોય તેનું આ અનિવાર્ય હોય એવું પહેલું પરિણામ છે. એક પછી એક ઉદ્યોગમાંથી સ્પર્ધાને ખતમ કરવાથી આ નીતિ ગ્રાહકોને સંગઠિત ઉદ્યોગોના કામદારો અને મૂડીપતિઓની સંયુક્ત ઈજારાશાહીની દયામાયા પર છોડી દે છે. ઔદ્યોગિક ઈજારાશાહી દ્વારા આવું સ્વતંત્ર આયોજન હકીકતમાં આયોજન તરફી દલીલ જે મેળવવા ધારે છે એનાથી સાવ અવળી જ અસર પેદા કરશે. એક વાર એ તબક્કે પહોંચી જવાય પછી સ્પર્ધા તરફ પાછા વળવાનો એક માત્ર વિકલ્પ રાજ્ય દ્વારા ઈજારાશાહીઓ પરના નિયંત્રણનો જ રહે છે. એવું નિયંત્રણ જેને પ્રભાવી બનાવવું હોય તો એને ઉત્તરોઉત્તર વધારે ને વધારે સર્વાંગી અને વિસ્તૃત બનાવવું પડે.

આર્થિક પ્રવૃત્તિના સંપૂર્ણ કેન્દ્રીય સંચાલનનો વિચાર મોટાભાગના લોકોને હજુ પણ ચિંતિત કરે છે, એ કારણે નહીં કે એ કામ અત્યંત મુશ્કેલ છે, પણ વધારે તો એ કારણે કે એકમાત્ર કેન્દ્રમાંથી બધું જ સંચાલિત કરવાનો વિચાર જ ડર જન્માવે છે. તેમ છતાં જો આપણે એ સ્થિતિ તરફ ઝડપથી આગળ વધી રહ્યા હોઈએ તો એ ઘણું કરીને એ કારણે કે મોટાભાગના લોકો હજુ એવું માને છે કે ''આણ્વિક'' (atomistic) સ્પર્ધા અને કેન્દ્રીય સંચાલન વચ્ચેનો **મધ્યમ માર્ગ** શોધવો શકય હોવો જ જોઈએ. આપણું ધ્યેય મુક્ત સ્પર્ધા મુજબનું આત્યંતિક વિકેન્દ્રીકરણ પણ ના હોવું જોઈએ કે એકમાત્ર આયોજનનું સંપૂર્ણ કેન્દ્રીકરણ પણ ના હોવું જોઈએ, પણ બન્ને રીતોનું ન્યાયોચિત મિશ્રણ હોવું જોઈએ. આ વિચાર પહેલી નજરે દેખીતી રીતે જ વધુ સ્વીકાર્ય લાગે છે અથવા સમજુ લોકોને વધુ અપીલ કરે છે. પરંતુ આવી બાબતોમાં સામાન્ય બદ્ધિ ઘણી વાર થાપ આપી જાય છે. સ્પર્ધા સાથે થોડે અંશે નિયમન (regulation) હોઈ શકે છે, પરંતુ સ્પર્ધા સાથે આયોજનને જોડવાથી તો તે ઉત્પાદન માટેના અસરકારક માર્ગદર્શક તરીકે કામ કરતી જ મટી જાય છે. એવી જ રીતે, 'આયોજન' એવી દવા નથી, જે થોડી માત્રામાં લેવાથી, પૂરી લેવાથી જે અસરની આપણે અપેક્ષા રાખી હોય, એટલી અસર કરી શકે. જો સ્પર્ધા અને કેન્દ્રીય આયોજન અપૂર્ણ હોય, તો બન્ને કંગાળ અને બિનકાર્યક્ષમ સાધનો બની જાય; તેઓ સમાન પ્રશ્નને સુલઝાવવા માટેના વૈકલ્પિક સિદ્ધાંતો છે, અને એ બન્નેને ભેગાં કરવાથી બેમાંથી એકે કામ નહીં કરી શકે અને બેમાંથી કોઈપણ એક પર સાતત્યતાપૂર્વકનો આધાર રાખવાથી જે પરિણામ આવી શકે તેના કરતાં પણ વધુ ખરાબ પરિણામ આવે. અથવા, બીજી રીતે કહીએ તો આયોજન અને સ્પર્ધાને ભેગાં કરવાં જ હોય તો એ સ્પર્ધા માટેના આયોજન તરીકે કરી શકાય, નહીં કે સ્પર્ધાની વિરુદ્ધના આયોજન તરીકે. ■

*- અનુવાદ તૃપ્તિ પારેખ*

# ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો?

*- સુદર્શન આયંગર, નિમિષા શુકલ*

કહ રહીમ કૈસે નિભે બેર કેર કો સંગ
વે ડોલત રસ આપને ઈનકે ફાટત અંગ

આર્થિક વિકાસના તીવ્ર ઝપાટામાં નૈસર્ગિક સંસાધનોનો બેફામ ઉપયોગ થવાથી વનસ્પતિ અને જીવસૃષ્ટિને અસ્તિત્વનો ખતરો છે તેવી વાત ચર્ચાના ફલક પર મૂકાઈ અને પર્યાવરણ તથા વિકાસવાદીઓ વચ્ચે વૈચારિક જંગ ગહન બન્યો. આ વિચારમંથનના પરિપાકરૂપે 'ટકાઉ વિકાસ' (Sustainable Development)ની વિભાવનાએ જન્મ લીધો. આ લેખમાં આ કહેવાતા ટકાઉ વિકાસના સંદર્ભે ચર્ચા માટે કેટલાક મુદ્દા વિકસાવ્યા છે.

ટકાઉ વિકાસમાં અભિપ્રેત છે કે માનવસમાજે કરેલો વિકાસ લાંબા ગાળા સુધી સતત ચાલતો રહે તે ઇચ્છનીય છે. જો આ પ્રશ્ન માત્ર વિકાસનો જ હોત, તો અર્થશાસ્ત્રીઓ પાસે તેનો ઉત્તર છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં માનવ સતત વિકાસ કરતો જ રહ્યો છે અને આ દૃષ્ટિએ વિકાસ ટકાઉ છે. પરિણામે પ્રશ્ન ઉત્ક્રાંતિની ચાલી રહેલી પ્રક્રિયામાં થતા વિકાસ અંગેનો નથી પરંતુ મનુષ્ય સમાજના આર્થિક વિકાસના સંદર્ભમાં ઊભો થયેલો જણાય છે. કૃષિના અર્થશાસ્ત્રથી તેલના અર્થશાસ્ત્ર તરફની હરણફાળના કારણે કુદરતી સંસાધનોના ઉપયોગમાં અસાધારણ વધારો જણાયો છે. ઔદ્યોગિક ક્રાંતિ અને ઔદ્યોગિકીકરણે આર્થિક વૃદ્ધિની પ્રક્રિયાને ઝડપી બનાવી. આવક અને વપરાશમાં થયેલા વધારાના કારણે મનુષ્યના જીવનધોરણની ભૌતિક સુખાકારીમાં જે વધારો થયો, તે ઉત્ક્રાંતિની ધીમી ગતિએ ચાલતી પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં અત્યંત અચાનક અને અસાધારણ ઝડપી છે, જે અંગે એલ્વિન ટોફલરે The Future Shockમાં વિગતે વાત કરી છે.

વપરાશમાં થતા ઝડપી વધારાને કારણે કુદરતી સંસાધનોની માંગમાં પણ અસાધારણ વૃદ્ધિ થઈ. જંગલ, જળ અને ઊર્જા માટેનાં સંસાધનો ઝડપથી વપરાવાં લાગ્યાં. પરંતુ કુદરતમાંથી મેળવીને વપરાતાં અને / અથવા ઉપયોગ બાદ નામશેષ થઈ જતાં સંસાધનોના પુનઃજીવન અને સંરક્ષણ માટેના ગંભીર પ્રયત્નો નહિવત્ રહ્યા છે. ધાતુ અને ખનિજોનો ઉપયોગ પણ તેજ ગતિથી વધી રહ્યો છે. સંસાધનોના આ બેફામ ઉપયોગ (ક્યારેક દુરુપયોગ) સામે મનુષ્યજાતને સમય જતાં ડહાપણ લાધ્યું છે કે આમાંનાં કેટલાંક કુદરતી સંસાધનો પુનઃ અપ્રાપ્ય છે અને આવનારી પેઢીઓ તેમના ઉપયોગથી કદાચ વંચિત રહેશે. પુનઃ અપ્રાપ્ય સાધનોના નાશ સાથે કેટલીક આર્થિક પ્રવૃત્તિઓ પણ ઠપ્પ થઈ જવાની શકયતા રહેલી છે. જે સમયે કૃષિ અર્થશાસ્ત્રનું પ્રભુત્વ હતું તેમજ કૃષિ અને તેને આનુષંગિક ક્ષેત્રો કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૯૦ ટકા કરતાં પણ વધારે હિસ્સો ધરાવતાં હતાં, ત્યારે પણ અન્ન ઉત્પાદનના વૃદ્ધિદર કરતાં વસ્તીવૃદ્ધિનો ઊંચો દર તત્કાલીન અર્થશાસ્ત્રીઓ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો હતો. આવા શિષ્ટ અર્થશાસ્ત્રીઓમાંથી એક મહત્ત્વના અર્થશાસ્ત્રી થોમસ માલ્થસે ૧૭૯૮ માં Essays on Population પ્રકાશિત કર્યું. માલ્થસે નાટકીય શૈલીમાં દર્શાવ્યું હતું કે વસ્તીનો વધારો ભૌમિતિક શ્રેણીમાં અને અન્નઉત્પાદનનો વધારો સમાંતર શ્રેણીમાં હોવાથી વસ્તીવધારો અન્નવધારાને સહેલાઈથી આંબી જશે અને માનવજાત સામે ગંભીર પડકાર ઊભા થશે. ગાણિતિક ચોકસાઈ કરતાં પણ વધારે મહત્ત્વના તેવા કૃષિમાં ઘટતા મળતર તરફ માલ્થસનો અંગૂલિનિર્દેશ હતો.

પ્રલય (કયામત)ના દિવસનો સૂર ઉઠાવનારા આ પાદરી અર્થશાસ્ત્રીની ભવિષ્યવાણી સાચી પડી નહીં. કૃષિમાં ઘટતા મળતરની પ્રક્રિયાને પ્રાદ્યૌગિકી (ટેકનોલોજીના) વિકાસે અટકાવી. ઈંગ્લેન્ડ અને અન્ય યુરોપિયન રાષ્ટ્રોમાં ઔદ્યોગિક ક્રાંતિનાં મંડાણોએ રોજગારી માટે કૃષિક્ષેત્ર પરનું ભારણ ઓછું કર્યું. ઔદ્યોગિકીકરણ પામતા વિશ્વે કદી પાછું વાળીને નજર માંડી નહીં. અર્થશાસ્ત્રીઓ લગભગ બે સદીઓ સુધી વિસ્તૃત બજાર, વેપાર અને અર્થતંત્રમાં સંપત્તિની વહેંચણી જેવી બાબતોની બૌદ્ધિક વિચારણામાં વ્યસ્ત રહ્યા.

ઉત્પાદન અને ઉપભોગતાની પ્રક્રિયામાં વપરાતાં કુદરતી સંસાધનો અને ખનિજોના વધતા ઉપયોગ અને ઘટતા જથ્થા અંગેની વિજ્ઞાનીઓની નિસબત સામે ટકાઉ વિકાસના વિચારનો પ્રારંભ થયો. અમેરિકાસ્થિત મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજીના એક જૂથે The Limits to Growth નામે નોંધપાત્ર દસ્તાવેજ રજૂ કર્યો. આ દસ્તાવેજમાં વૈશ્વિક વસ્તી, કૃષિ, સંસાધનોના ઉપયોગ, ઉદ્યોગ તથા પ્રદૂષણની મૂળભૂત હદનો અભ્યાસ કરાયો. વિવિધ ઘટકો વચ્ચેની પારસ્પરિક ક્રિયાઓને દર્શાવીને પ્રસ્તુત અહેવાલમાં નિષ્કર્ષરૂપે જણાવ્યું કે જો પ્રાદ્યૌગિકી વિકાસદર આશાવાદી ધારવામાં આવે તો પણ, વિશ્વમાં આર્થિક અને વસ્તી વિકાસના તત્કાલીન દર થોડા દશક કરતાં વધારે સમય ટકી શકે નહિ. વિકાસ અંગેનો નિરાશાજનક સૂર ધરાવતો આ અહેવાલ વિશ્વવ્યાપી ચર્ચાનું કેન્દ્ર બને તે સ્વાભાવિક હતું. કેટલાક આશાવાદીઓએ આ અહેવાલના ધારણા, અંદાજો અને નિષ્કર્ષોને પડકારતાં અલગ વિવરણ રજૂ કર્યાં, જેમાં જુલિયન સાયમન મુખ્ય રહ્યા. The Ultimate Resource (૧૯૮૧) પુસ્તકમાં તેમણે વસ્તી વધારાની સાથે સતત અન્ન વધારાની શકયતાને સિદ્ધ કરી આપી. ઉપરાંત વ્યક્તિ દ્વારા અમર્યાદિત સંપત્તિસર્જનને સમસ્યા તરીકે ન સ્વીકારનારા અને સંપત્તિ સર્જન સમયે રાજ્યના હસ્તક્ષેપનો વિરોધ કરનારા ગંભીર ચિંતકો પણ મૂડીવાદને સમર્થન આપતા રહ્યા. પરંતુ આ મત બધાં જ રાષ્ટ્રો અને બધા જ સમય માટે સ્વીકારી શકાય તેમ જણાતું નથી. સાયમનનો મૂળભૂત સૂર સંસાધનોની મર્યાદિતતા સામેના વિરોધનો રહ્યો છે. એણે સંસાધનોના અનંત જથ્થાની અનંત વિભાજ્યતાની વિભાવના રજૂ કરી છે.

હરમન ડેલીએ આ વિચારની સામે બે દલીલ કરી છે. ડેલીના મત મુજબ સાયમનની વિભાવના સાચી નથી. ગણિતમાં એક લીટીની અનંત વિભાવના અનંત લંબાઈનું સૂચન કરી શકે નહિ. પરિણામે ડેલીના મતે સાયમને ધાતુ તરીકે તાંબાનું આપેલું ઉદાહરણ સાચું નથી. તેણે સાયમનની વિભાવના સામે પ્રયોગમૂલક (empirical) દલીલ પણ કરી છે. આ દલીલ સંસાધનો વચ્ચેના અનંત અવેજીપણાના સંદર્ભમાં છે. જો તાંબાનો જથ્થો મર્યાદિત હોય (જે નજીકના ભવિષ્યમાં બધી જ ધાતુને લાગુ પાડી શકાય), તો સાયમનની દલીલ અનુસાર તાંબાના સ્થાને અન્ય સંસાધનની અવેજી માટેની સંભાવના અનંત છે, પરંતુ જો પ્રત્યેક સંસાધન મર્યાદિત હોય, તો આ સંસાધનોનો સંયુક્ત ગુણ કયારેય અનંત હોઈ શકે નહિ. અનંત અવેજીપણાના ખ્યાલની સૌ પ્રથમ રજૂઆત કરનારાઓની ધારણાની સાયમન અવગણના કરે છે તેવું પણ ડેલી જણાવે છે. અનંત અવેજીપણાની આ દલીલ વેઈનબર્ગ અને ગોથલરે કરેલા The Age of Sustainability ના અભ્યાસ પર આધારિત છે. આ અભ્યાસ અચળ વૃદ્ધિદરની અવસ્થા (steady state)ની ધારણા પર આધાર રાખે છે. આ ધારણા વસ્તી અને ઊર્જા વપરાશના સ્થિર સ્તર તેમજ નીચા દરે વિપુલ ઊર્જા સંસાધનોની પ્રાપ્યતા સૂચવે છે. સમાજ વપરાશના ઉચ્ચ સ્તરે પહોંચેલો છે. (વૈશ્વિક માથાદીઠ ઊર્જા વપરાશ અમેરિકાની માથાદીઠ ઊર્જા વપરાશના સીત્તેર ટકા છે) પરંતુ અચળ વૃદ્ધિદરની ધારણા અનુસાર વસ્તી અને / અથવા ઊર્જાના સ્તરમાં કોઈ વધારો શકય નથી. જો સમાજે વધુ ઊંચા સ્તરે પહોંચવું હોય, તો તે સઘન આયોજન હેઠળ જ શકય બને. આ પરિસ્થિતિમાં અનંત આર્થિક અને વસ્તી વૃદ્ધિની સાયમનની દલીલમાં અવરોધ ઊભો થાય છે. આમ, ડેલીના મતે સાયમનની મર્યાદિતતા સામેની દલીલ સૈદ્ધાંતિક તેમજ પ્રયોગમૂલક આધારે ટકી શકતી નથી.

૧૯૮૩માં સંયુકત રાષ્ટ્રે ટકાઉ વિકાસ માટે મંડળ નીમ્યું, જેના અધ્યક્ષપદે નોર્વેના તત્કાલીન પ્રધાનમંત્રી પ્રો. વરલેમ બ્રુન્ટલેન્ડ હતા. ૧૯૮૭માં બ્રુન્ટલેન્ડ અહેવાલ - 'Our Common Future' માં ટકાઉ વિકાસ અને તે માટેના ઉકેલની અસરકારકતાની ચિંતા રજૂ કરાઈ. આ અહેવાલમાં ટકાઉ વિકાસને વ્યાખ્યાયિત કરતાં જણાવ્યું કે ભવિષ્યની પેઢીઓની આવશ્યકતાઓને સંતોષવાની ક્ષમતામાં સમાધાન કર્યા વગર વર્તમાન પેઢી તેની જરૂરિયાત સંતોષી શકે તેવો વિકાસ એટલે ટકાઉ વિકાસ. અહેવાલમાં ટકાઉ વિકાસને પરિવર્તનની પ્રક્રિયા તરીકે ઓળખાવવામાં આવ્યો, જેમાં સંસાધનોનો ઉપયોગ, મૂડીરોકાણની દિશા, પ્રાદ્યૌગિકી વિકાસની અભિમુખતા અને સંસ્થાકીય પરિવર્તનો વચ્ચે સંવાદિતા જોવા મળે છે. માનવીની જરૂરિયાતો અને આકાંક્ષાઓને સંતોષવાની વર્તમાન અને ભાવિ ક્ષમતાઓમાં વધારો થાય છે. આ પ્રકારના વિકાસમાં બે બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. એક, વર્તમાન પેઢી વચ્ચેની સમતા અને બીજું, વર્તમાન પેઢી અને આવનારી પેઢીઓ વચ્ચેની સમતા. વર્તમાન પેઢીની સમતા વિકસતા અને વિકસિત દેશો વચ્ચે તથા ધનિક અને ધનહીન પ્રજાઓ વચ્ચેની સંસાધનની વહેંચણીને સ્પર્શે છે. એમાંથી ઉપભોગના સ્તર અને સીમાના પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અહીં યોગ્ય જીવનધોરણની વિભાવના તથા પૃથ્વીની પ્રત્યેક વ્યક્તિ માટે તેની પ્રાપ્તિની સંભાવનાનો સમાવેશ થાય છે. બીજી તરફ, પેઢીઓ વચ્ચેની સમતા કુદરતી સંસાધનનો ઉપયોગ અને ઉપલબ્ધી આવનારી દરેક પેઢીને વર્તમાન પેઢીના ઉપભોગના સ્તરે રાખી શકશે કે કેમ તે પ્રશ્નને ઉદ્દેશે છે.

ટકાઉ વિકાસ અંગેની વિભાવનાને વિકસાવવા અલગ અલગ વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યાઓ તરફ અર્થશાસ્ત્રીઓનું વલણ જાણવું રસપ્રદ બની રહે છે. આ સંદર્ભમાં રોબર્ટ સોલોનું પ્રદાન નોંધનીય ગણી શકાય. સોલોની કેટલીક બાબતોમાં સહમત થઈ શકાય, જયારે કેટલીક બાબતોમાં સહમત થઈ શકાય તેમ નથી. પહેલાં વાત સહમતિની

લઈએ : UNESCO એ ટકાઉ વિકાસ અંગે આપેલી વ્યાખ્યાને સોલો રજૂ કરતાં જણાવે છે કે પ્રત્યેક પેઢીએ જળ, હવા અને જમીન સંસાધનને એવાં શુદ્ધ અને બિનપ્રદૂષિત છોડી જવાં જોઈએ, જેવાં તત્કાલીન પેઢીના આગમન સમયે હતાં. બીજા શબ્દોમાં, પ્રત્યેક પેઢીએ પૃથ્વી પર તેને મળેલી બધી જ પ્રજાતિઓના પ્રમાણમાં ઘટાડો કર્યા વગર વિદાય લેવી જોઈએ. આ સમજણમાં સોલોને ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ વ્યાખ્યા કદાચ કર્ણપ્રિય લાગે, પરંતુ વ્યવહારમાં મુશ્કેલ બને. મનુષ્યજાતિ આ બાબતનું ઉલ્લંઘન હજારો વર્ષોથી કરતી આવી છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયા દરમ્યાન કુદરત પણ આ વ્યાખ્યાનો સ્વીકાર કરતી હોય તેવું જણાતું નથી! ગુફાયુગમાં પરત જવું શકય અને ઇચ્છનીય નથી. જો કે આત્યંતિક પર્યાવરણવાદીઓ કોઈ પણ પ્રકારનો વિકાસ ઇચ્છતા નથી એવું જણાઇ આવે છે.

'આપણું સહિયારું ભવિષ્ય' અહેવાલની ટકાઉ વિકાસની વ્યાખ્યા વર્તમાન પેઢીનું ભાવિ પેઢીઓ તરફનું દાયિત્વ સૂચવે છે. ટકાઉ વિકાસની આ વ્યાખ્યા સોલોને અસ્પષ્ટ લાગે છે અને તેમના મતે આવી અસ્પષ્ટ વિભાવનાના નીતિવિષયક સૂચિતાર્થો પણ મર્યાદિત અને ભ્રામક રહેવાના. તેમના મતે તો આપણે જે સુખાકારીભરી પરિસ્થિતિમાં જીવી રહ્યા છીએ તેવી પરિસ્થિતિ ભવિષ્યની પેઢીઓને પણ પ્રાપ્ત થાય તેવી ક્ષમતા અથવા વિકલ્પો સર્જવાનું આપણું ઉત્તરદાયિત્વ ટકાઉ વિકાસની વિભાવનામાંથી ફલિત થાય છે. પરંતુ ટકાઉ વિકાસનો આવો આદેશ સોલોને અસ્વીકાર્ય છે. આપણે સો વર્ષ પછીનાં રસ-રુચિ અંગે કશું જ સ્પષ્ટ કહી શકતા નથી, તેમજ ત્યારની પ્રાદ્યૌગિકી વિશે પણ અજ્ઞાત છીએ. આપણે માત્ર એટલું ધારી શકીએ કે સો વર્ષ પછીની પેઢી પણ આપણા જેવી હશે અને વર્તમાન સમયની પ્રાદ્યૌગિકીના સ્તરના બહિર્વેશનની મદદ વડે કેટલુંક બૌદ્ધિક અનુમાન થઈ શકે, વિશેષ કશું જ નહિ. આમ, સોલો ટકાઉપણાના ખ્યાલને અસ્પષ્ટ કહે છે, પરંતુ અર્થહીન નહીં તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. સોલોના આ તર્કની સાથે સહમત થઈ શકાય તેમ નથી. પરંતુ આ અંગે વિગતે ચર્ચા કરતાં પહેલાં સોલોની ભવિષ્યની પેઢીઓ માટેની ક્ષમતા અથવા વિકલ્પસર્જનની વાતને જાણી લઈએ.

વિશ્વ જે પરિસ્થિતિમાં છે, તે સ્થિતિમાં છોડીને જવાની અશકયતા અંગે સોલો સ્પષ્ટ છે. આ અશકયતાના આધારે આગળ વાત લઈ જતાં સોલો જણાવે છે કે - કશું પણ જેમ છે તેમ જ રાખી જવાની આપણી જવાબદારી છે જ નહિ. તેઓ કોઈ પ્રદેશ અને / અથવા પ્રજાતિની જાળવણીનો પણ આમાં સમાવેશ કરે છે. પ્રદેશ અને / અથવા પ્રજાતિની આપણા માટે અંતર્ભૂત મૂલ્ય ધરાવતી હોવાથી, તેની જાળવણી થાય તે એક વાત છે, પણ ટકાઉપણાના ખ્યાલ અનુસાર તેની જાળવણી ન કરી શકાય, કારણ કે આપણી એવી કોઈ જ જવાબદારી નથી. આ જ બાબત તેઓ ઉત્પાદનને પણ લાગુ પાડે છે. બધું જ એલ્યુમિનિયમ વાપરીને સમાજે ગુનાહિત લાગણી અનુભવવાની આવશ્યકતા નથી. જો અન્ય સામગ્રી - કુદરતી અથવા કૃત્રિમ - ની મદદથી એલ્યુમિનિયમ સમાન કામ કરવાની ક્ષમતા સર્જી શકાય તો પ્રશ્ન નથી. સોલોની આ દલીલમાં બે બાબત અંતર્નિહિત છે : સંસાધનોની અવેજીમાં વિશ્વાસ અને તેનો સ્વીકાર. આમ, અર્થશાસ્ત્રમાં ટકાઉપણાની દલીલ મૂડીની કુલ પ્રાપ્યતાના સંદર્ભમાં વિસ્તરે છે. એવું માનવામાં આવે છે કે વિકાસના પ્રારંભિક તબક્કામાં કુદરતી મૂડી (N) વધારે હોય છે. જેને માનવમૂડી (L) અને માનવસર્જિત મૂડી (K) સાથે સંયોજિત કરીને વિકાસની પ્રક્રિયા આગળ ધપે છે. અંતે તો ખેતર, સુધરેલી જમીન, યંત્ર, પ્રાદ્યૌગિકી અને માનવમનનો સમાવેશ કરતી માનવસર્જિત મૂડી જ મનુષ્ય સમાજમાં વિકાસની તક નક્કી કરે છે. શુલ્ઝટની મૂડીની વિભાવનાએ અર્થશાસ્ત્રીઓને એટલી તો હિંમત આપી છે કે જુલિયન સાયમન જેવા અર્થશાસ્ત્રીઓ માનવા લાગ્યા છે કે માનવમૂડી અને પ્રાદ્યૌગિકીના સમપ્રમાણને કારણે વૃદ્ધિ પર કોઈ નિયંત્રણ આવશે નહિ, ઉપરાંત વધતી જતી માનવવસ્તીના બોજનો પ્રશ્ન રહેશે નહીં. બધા જ અર્થશાસ્ત્રીઓ મહત્તમ વસ્તીની બાબતમાં લગભગ સહમતિ ધરાવે છે, કારણ કે વિકાસની પ્રક્રિયામાં જ નિહિત છે કે વસ્તી વૃદ્ધિ દર લાંબા ગાળે સ્થિર રહેશે અને replacement દર કરતાં વધશે નહિ. સોલો પણ કાંઈ બહુ પાછળ નથી. જો કે તેઓ સાયમનની જેમ ટકાઉ વિકાસને અર્થહીન કહેતા નથી.

જુલિયન સાયમન અને રોબર્ટ સોલોએ પારિસ્થિતિક વિજ્ઞાન (Ecology) અને અર્થતંત્ર પર તેના સૂચિતાર્થોને અવગણ્યા છે. સાયમનની ટીકા કરતાં ડેલી જણાવે છે The Resourceful Earthમાંનું એક પણ પ્રકરણ પારિસ્થિતિક વિજ્ઞાનીએ લખ્યું નથી. સાયમન કુદરતી વિશ્વને સેવા તરીકે નહિ પરંતુ સંતાપનાર તરીકે નિહાળે છે. આંતરપેઢી સમતાની બાબત માત્ર આવનારી પેઢીઓ માટે ઉત્પાદન અને ઉપભોગનો સ્તર વર્તમાન પેઢીના ઊંચા સ્તર સમકક્ષ કરવાની ક્ષમતા સર્જનની જ નથી, પરંતુ વર્તમાન પેઢીની વર્તણૂકના કારણે કુદરતનો વણઇચ્છિત પ્રતિકૂળ વિનાશ ન સર્જાય અને ભવિષ્યની પેઢીઓ અથવા તેના ટકવાની ક્ષમતાને પણ હાનિ ન પહોંચે તે પણ જરૂરી છે. આ સ્વરૂપના નીતિનિર્ણય માટે માનવજ્ઞાનની નમ્રતાની સાથે કેટલાંક મૂલ્યોનો સ્વીકાર આવશ્યક છે. લાંબા સમય માટે કુદરતી મૂડીના જથ્થાના તત્કાલીન સ્તરને જાળવી રાખવાના નીતિનિર્ણયોમાં અનિશ્ચિતતાના તત્ત્વ અંગે અર્થશાસ્ત્રીઓમાં સહમતિ પ્રવર્તે છે. પરિણામે સલામત ન્યૂનતમ ધોરણ

અભિગમ પ્રાસ્તાવિક કરાયો છે. જ્યારે પ્રકૃતિની જાળવણીનાં પર્યાવરણીય પરિણામો અંગે જાણકારી ન હોય અને સંરક્ષણનો સામાજિક અર્થ ઊંચો ન હોય (જો કે આ પણ આત્મલક્ષી બાબત છે), તો કુદરતી સંસાધનની જાળવણી કરવાની ભલામણ કરાય છે. આ ડહાપણે International Union for Conservation of Nature (IUCN) ની સ્થાપના કરવા આપણને પ્રેર્યા છે. પ્રકૃતિવિદોની પર્યાવરણ બચાવની ચળવળ સામે કેટલાક અર્થશાસ્ત્રીઓનાં ભવાં ઊંચાં થાય છે, પરંતુ તેના કારણમાં કદાચ પ્રાદ્યૌગિકી અંગેનું અજ્ઞાન અને સંસાધનોની અનંત અવેજી અંગેનો અતિઆત્મવિશ્વાસ ગણી શકાય.

માનવજાતિના અસ્તિત્વ તથા આર્થિક વ્યવહારોમાં પર્યાવરણની ત્રણ ભૂમિકા છે. પહેલી ભૂમિકા સંસાધનો તથા ઊર્જા પૂરી પાડનારી છે. ઉપભોગ અને ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન ઉત્પન્ન થયેલા કચરા / બગાડના નિકાલ તરીકે ખાળકૂંડી પર્યાવરણની બીજી ભૂમિકા છે. ત્રીજી ભૂમિકા સ્થાનિક તથા વૈશ્વિક સ્તરે પૂરી પડાતી પર્યાવરણીય સેવાઓના સંદર્ભમાં છે. આમ, પર્યાવરણ અને અર્થતંત્ર વચ્ચે ગાઢ સંબંધ છે. પુનઃ તાંબા અને એલ્યુમિનિયમની વાત કરતાં, કદાચ બધું જ તાંબું અથવા એલ્યુમિનિયમ વાપરી શકાતું નથી કારણ કે તેનાં અવેજી સંસાધનો અસ્તિત્વ ધરાવે છે અથવા અવેજી સર્જવાની પ્રાદ્યૌગિક (ટેકનોલોજીકલ) ક્ષમતા છે. આ બંને ધાતુના કિસ્સામાં પ્રાપ્યતાનો પ્રશ્ન કદાચ ઉપસ્થિત ન થાય, પરંતુ 'વપરાઈ' જવાના ખ્યાલમાં ગેરસમજ હોઈ શકે. અર્થશાસ્ત્રીઓ કુદરતી સંસાધનના સ્રોતમૂલ્યને વધારે મહત્ત્વ આપે છે અથવા આપતા જણાયા છે. તો ખાળકૂંડીની ભૂમિકાને અવગણે છે. ઉષ્માગતિશાસ્ત્રના પ્રથમ નિયમ અનુસાર ઊર્જાની જેમ દ્રવ્યનું પણ સર્જન અથવા વિસર્જન શકય નથી. આ નિયમ ભૌતિક સમતુલાના સિદ્ધાંત તરીકે પણ ઓળખાય છે. આ સિદ્ધાંત અનુસાર દ્રવ્યનું ઊર્જામાં રૂપાંતરણ શકય છે. એક સ્વરૂપની ઊર્જા બીજા સ્વરૂપમાં રૂપાંતરિત થઈ શકે છે અને સૈદ્ધાંતિક રીતે ઊર્જાનું દ્રવ્યમાં રૂપાંતરણ શકય છે. આ નિયમના પ્રથમ સૂચિતાર્થ અનુસાર અર્થતંત્રનાં કુદરતી સંસાધનોના ઉપયોગની (પ્રથમ ભૂમિકા) મદદ વડે ઉત્પાદનમાં વધારો થતાં કચરો પણ વધશે. ઊર્જા અને દ્રવ્યનું સર્જન અને વિસર્જન શકય ન હોવાથી તેમજ માત્ર સ્વરૂપ રૂપાંતરક્ષમ હોવાથી ઉત્પાદનમાં વધારો થતાં કચરામાં પણ વધારો થશે. આ કચરાનો નિકાલ પર્યાવરણમાં થશે. આમ, સમતુલાની સ્થિતિએ પણ જે કાંઈ ઉત્પાદન થાય છે, તે સંપૂર્ણપણે ઉપભોગમાં પરિણમતું નથી. પરંપરાગત રીતે વ્યાખ્યાયિત થયેલો ઉપભોગ વાસ્તવમાં કુદરતમાં જોવા મળતા ઉપભોગ કરતાં અલગ છે. જો પર્યાવરણની ખાળકૂંડીની ભૂમિકા વધે, તો કુદરતની કચરાની આત્મસાત્ કરવાની ક્ષમતા ઘટશે. આમ, ઉત્પાદન અને ઉપભોગ પ્રક્રિયામાં નિક્ષેપ તરીકે કુદરતી સંસાધનોમાં ઘટાડાની સાથે ખાળકૂંડીની ક્ષમતા ઓછી થશે તેમજ જીવનસહાયક સેવાઓની પર્યાપ્તતા અંગે પણ ભય ઊભો થશે. આ ત્રણે સેવાઓની માંગમાં થતો વધારો નિરપેક્ષ અછતમાં પરિણમશે.

કુદરતમાં કેટલાક કચરાને આત્મસાત્ કરીને શુદ્ધિકરણ કરવાની સહજ પ્રક્રિયા છે. પરંતુ પ્રદૂષણની લક્ષ્મણરેખા (પ્રભાવહદ)ને પાર કર્યા બાદ માનવ તેમજ માનવેષ્ટ ભયમાં મુકાઈ શકે. સાયમન અને સોલો માટે અન્ય પ્રજાતિઓના અસ્તિત્વનો મુદ્દો ઓછા મહત્ત્વનો છે. સોલોના મતે - જો તમે માછલીની એક પ્રજાતિ ન ખાઈ શકો, તો તેની બીજી પ્રજાતિ ખાઈ શકો છો. અવેજીપણાનો પાઠ આપણને તેઓ દૃઢતાથી ભણાવવા માંગે છે! આ તર્કનું વિસ્તરણ કરતાં કહી શકાય કે તો પછી માછલીના આહારની આવશ્યકતા જ શી છે? માછલીનો સ્વાદ અને તેનાં પોષક તત્ત્વો ધરાવતી ટીકડી અથવા અન્ય પ્રકારનો આહાર લઈએ તો? માછલી પ્રાપ્ય હોય કે ન હોય, જ્યાં સુધી તેનો વિકલ્પ પ્રાપ્ય હોય, ત્યાં સુધી માનવજાતિને માછલી જાળવવા અગે કોઈ ચિંતા કરવાની જરૂર ખરી? આપણે જૂનાગઢની કેસરનો જ દાખલો લઈને વાત વધુ સ્પષ્ટ કરીએ. માની લઈએ કે જૂનાગઢ અને નજીકના ખેડૂતો કેસર જેવા જ સ્વાદ અને પોષક તત્ત્વો ધરાવતી ટીકડી ઉત્પન્ન કરવાનું કારખાનું સ્થાપે અને કેસર કેરીનું ઉત્પાદન બંધ કરે. ભાવિ પેઢીઓને કેસરના સ્વાદ અને પોષક તત્ત્વો ટીકડીમાંથી મળી રહે, તો પ્રશ્ન કેવો? અહીં નૈતિકતાનો મુદ્દો આવે છે. શું વર્તમાન પેઢી એવો કોઈ નૈતિક અધિકાર ધરાવે છે કે જેના આધારે તે ભાવિ પેઢી માટે કેસર જેવો સ્વાદ તથા પોષક તત્ત્વો ધરાવતી ટીકડી અંગે નિર્ણય લઈ શકે? જે પરિસ્થિતિમાં આપણને આવનારી પેઢીઓના રસ-રુચિ અંગે જાણકારી નથી, ત્યારે આપણે કયા અધિકારે નક્કી કરી શકીએ? આવનારી પેઢી માટે જૂનાગઢના ગામડાના આંબા પરની કેસરના સ્થાને તેનો સ્વાદ તથા પોષક તત્ત્વ ધરાવતી ટીકડી વધારે સારી/ઇચ્છનીય? આપણને આવનારી પેઢીનાં રસ-રુચિ વિશે જાણકારી નથી એ સ્વીકાર્ય હોય, તો તેમને કેસર અથવા તેની ટીકડી વચ્ચેની પસંદગીથી વંચિત રાખવાનું કેટલું નૈતિક? જો ભાવિ પેઢીઓ માટેની પસંદગીના વિકલ્પનો નિર્ણય વર્તમાન પેઢી ધરાવે, તો તેને આંતરપેઢી સમતાનું ઉલ્લંઘન ગણી શકાય? આ તબક્કે એટલું જરૂર કહી શકાય કે ઉત્ક્રાંતિના ભાગરૂપે અન્ય પ્રજાતિની જેમ જો કેસર પૃથ્વી પટ પરથી નામ:શેષ થઈ જાય, તો તેમાં આંતરપેઢી સમતાનું ઉલ્લંઘન નથી. પરંતુ જો મનુષ્ય કેસરનું અસ્તિત્વ નામશેષ કરે, તો તે નૈતિક કહી શકાય? સોલોના મતે માનવ વર્તણૂકના કારણે કેસર નામશેષ થાય પરંતુ તેની અવેજી ટીકડી પ્રાપ્ય હોય, તો આંતરપેઢી સમતાનું ઉલ્લંઘન નથી. સોલોના મતે તો વર્તમાન પેઢી ભવિષ્યની પેઢીઓ માટે ભૌતિક સુખાકારીની સમાન તક મૂકી જાય તે મહત્ત્વનું છે. જે

સંસાધનોનો ઉપયોગ વર્તમાન પેઢી કરે છે, તે સંસાધનોના ગુણ અને લાક્ષણિકતા ધરાવતાં અવેજી સંસાધનો અથવા તે માટેની સમાન પ્રાદ્યૌગિક ક્ષમતા આંતરપેઢી સમતા સૂચવે છે.

ઉષ્માગતિશાસ્ત્રના પ્રથમ નિયમ અનુસાર સંસાધનોના અવેજીપણાના બીજા સૂચિતાર્થનાં મૂળ 'The Limits to Growth' માં રહેલાં છે. ક્રિસ્ટેન્સને આ સૂચિતાર્થને વધારે સ્પષ્ટ અને તીક્ષ્ણ બનાવ્યો છે. આર્થિક ઉત્પાદનમાં પર્યાવરણ (N), માનવમૂડી (L), અને માનવસર્જિત (K) મૂડીની સંયુકત રીતે આવશ્યકતા રહેલી છે. ક્રિસ્ટેન્સેનના મતે ઉષ્માગતિશાસ્ત્રનો પ્રથમ નિયમ ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતાં વિવિધ સાધનો વચ્ચેની અવેજીની મહત્તમ મર્યાદા નક્કી કરે છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ઉત્પાદનનાં ભૌતિક લક્ષણો અવગણ્યાં હોવાથી વિવિધ સાધનો વચ્ચેની અવેજીની મર્યાદા પણ અવગણાઈ છે. નવશિષ્ટ અર્થશાસ્ત્ર ઉત્પાદનમાં માત્ર જમીનને જ પ્રાથમિક સાધન તરીકે સ્વીકારે છે. વાસ્તવમાં તે યોગ્ય જણાતું નથી. ક્રિસ્ટેન્સેન માનવ વડે નિર્મિત ન હોય અને ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતાં હોય, તેવાં બધાં જ સંસાધનો અને ઊર્જાને પ્રાથમિક સાધન તરીકે ઓળખાવે છે. આવાં પ્રાથમિક સાધનો જ્યારે માનવમૂડી અને માનવસર્જિત મૂડી સાથે સંયોજિત થઈને ઉત્પાદન કરે છે (એવું ઉત્પાદન કે જે પેઢી અને બજાર નક્કી કરે છે), ત્યારે ઉત્પાદનમાં વધારો કરવા બધાં જ સાધનો અથવા એક કરતાં વધારે સાધનોમાં પરિવર્તન કરવું પડે. એક સંસાધન ન હોય તો પણ ઉત્પાદન થઈ જાય તેવું શકય બનતું નથી. ખાસ કરીને પ્રાથમિક સંસાધન સિવાય માત્ર માનવસર્જિત મૂડી અને માનવમૂડીના સંયોજનથી ઉત્પાદન સંભવ નથી અને ભવિષ્યમાં પણ આવું સંભવ બનશે નહીં. સોલો અને બીજા નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓ એવો વિચાર રજૂ કરે છે કે ઉત્પાદન માટે કુલ મૂડી મહત્ત્વની છે, પછી તે પ્રાથમિક સ્રોતમાંથી આવે માનવસર્જિત મૂડીમાંથી આવે કે માનવમૂડીમાંથી આવે. ક્રિસ્ટેન્સેનની સમજ દ્વારા ઊભી થતી પરિસ્થિતિમાં કોઈ એક સાધનના સીમાંત ઉત્પાદનનો ખ્યાલ અર્થહીન બને છે. સમયના પ્રત્યેક તબક્કે સાધનોના સંયુક્ત સીમાન્ત ઉત્પાદનનો ખ્યાલ પ્રસ્તુત બને છે. પ્રાથમિક સાધનો અને અન્ય સાધનોના સાયુજ્યને કારણે ઉત્પાદન થતું હોવાથી બંને સાધનોનું અવેજીપણું અત્યંત મર્યાદિત, કદાચ શૂન્ય, બની જાય છે. આમ, જો ક્રિસ્ટેન્સેનની દલીલનો સ્વીકાર કરવામાં આવે (અને તેમાં વજૂદ પણ છે), તો અર્થતંત્રમાં પ્રાથમિક સાધનોની ગેરહાજરીમાં ઉત્પાદન શકય બનશે નહિ. સાયમન અને સોલોની દલીલમાં પ્રાથમિક સાધનો વચ્ચે પણ અવેજીપણાની અમર્યાદિત તક હોવાથી લાંબા ગાળે પ્રાથમિક સાધન અને માનવસર્જિત મૂડી વચ્ચે પણ અવેજીપણું શકય બને. આ દલીલને આગળ વધારતાં કહી શકાય કે - માનવસર્જિત મૂડી સિવાય કોઈ પણ સંસાધન અને ઊર્જાનો માનવજાતિને ખપ નથી અને માનવજાતિ માત્ર માનવસર્જિત મૂડી (K) પર આધાર રાખી શકે. આમ, શુલ્ઝટની જાણીતી બનેલી માનવસર્જિત મૂડી જ આવનારી પેઢીઓ માટે પણ વર્તમાન પેઢી જેટલી જ ભૌતિક સુખાકારીનાં સ્તર ધરાવતું ઉત્પાદન કરવા માટે સક્ષમ છે. જો કે વર્તમાન પરિસ્થિતિમાં (માનવસર્જિત મૂડીની મદદ વડે) કુદરતી સંસાધનો સંપૂર્ણ ખાદ્યાન્ન પૂરાં પાડે છે અને ૯૫ ટકા ઊર્જા પણ પ્રાથમિક સંસાધનમાંથી પ્રાપ્ય થાય છે, ત્યારે અવેજીની ઊંચી શકયતા ધરાવતી સામાન્ય ક્ષમતા આવનારી પેઢીઓને આપવાનો અને તેના આધારે પ્રાથમિક સંસાધનો વગરના ઉત્પાદનનો સાયમન-સોલોનો દાવો કદાચ પોકળ સાબિત થાય.

સાયમન અને સોલોને આવનારી પેઢીઓ માટે સામાન્ય ક્ષમતાના સર્જનમાં વિશ્વાસ છે, ઉપરાંત બંને આત્યંતિક માનવકેન્દ્રી વલણ ધરાવે છે. પ્રાથમિક સાધનો અને માનવસર્જિત મૂડી વચ્ચેની અવેજીને સાબિત કરવાના ઉત્સાહમાં તેઓ સ્વીકારી લે છે કે પૃથ્વી માત્ર માનવજાતના અસ્તિત્વ માટે જ છે. પરિણામે માનવજાત માટે વપરાતી અન્ય પ્રજાતિના નાશની સાથે માનવજાત માટે બિનઉપયોગી પ્રજાતિના નાશને તેઓ ધ્યાન પર લેતા નથી. આ બાબતનો સંબંધ સંસાધનના અસ્તિત્વમૂલ્ય સાથે છે. આપણી પૃથ્વી પર કેટલાંક સંસાધનો-સાધનો એવાં છે કે જેના ઉપયોગ અંગે વર્તમાન-પ્રાદ્યૌગિકી જાણતું નથી. પરંતુ આ સંસાધનો-સાધનોનું અસ્તિત્વમૂલ્ય રહેલું છે. ભવિષ્યની પેઢીઓ તેમના વિજ્ઞાન-પ્રાદ્યૌગિકીની મદદથી આ સંસાધનો-સાધનોનો ઉપયોગ કરી પણ શકે. વર્તમાન સમયમાં વિજ્ઞાન-પ્રાદ્યૌગિકીની અસમર્થતા આવા સંસાધન-સાધનને મૂલ્યહીન ગણે તે યોગ્ય નથી. પરિણામે, અસ્તિત્વમૂલ્યના અસ્તિત્વને નકારવું અથવા ધ્યાન પર ન લેવું, તે માત્ર નૈતિક બાબત રહેતી નથી. ઉત્ક્રાંતિના ક્રમ અને પ્રક્રિયામાં તેની જરૂરિયાત વિશે વર્તમાન પેઢી અને આવનારી પેઢીની ટકી રહેવાની શકયતા પર પ્રશ્નચિહ્ન મુકાવાની સંભાવના નકારી ન શકાય. આ પરિસ્થિતિમાં ટકાઉપણાના ખ્યાલને સાવ્વલો અસ્પષ્ટ કહે તે કેટલું વ્યાજબી?

સામાન્ય માણસની સમજમાં ઉત્ક્રાંતિના ભાગરૂપે, અર્થશાસ્ત્રના પરિઘની બહાર, કેટલાંક પરિવર્તન આવી રહ્યાં છે. બદલાયેલી સમજ સંસ્કૃતિના મૂળ રૂપે પણ પુનઃ સ્થાપિત થઈ રહી છે. વૃદ્ધ માણસ અને રાજાની વાતથી આપણે સહુ પરિચિત હોઈશું. કેરી વૃદ્ધ માણસને પ્રાપ્ત થવાની નથી, તેવી સમજણ સાથે તેને આંબો વાવતો નિહાળીને, રાજાએ કરેલો પ્રશ્ન આપણને સંપોષિત વિકાસ તરફ દોરી જાય છે. જે ટકાઉ વિકાસ કરતાં એક ડગલું આગળ કહી શકાય. રાજાનો પ્રશ્ન વર્તમાન સમયના વિકાસને સ્પર્શે છે, તો બીજી તરફ આવનારી પેઢીઓ માટે કેરીની

વ્યવસ્થા કરનાર વૃદ્ધ માણસની સમજણ આંતરપેઢી સમતા જાળવવાનો નિર્દેશ કરે છે. બે સહસ્ત્રાબ્દી કરતાં પણ વધારે સમયથી જીવતી આ વાર્તા પેઢી દર પેઢી ચાલી આવતી મૌખિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. કદાચ યુવા પેઢી તેના અંગે જ્ઞાત ન હોય, કદાચ આપણી વડીલ પેઢીએ આ પરંપરાને જુનવાણી અને રૂઢિચુસ્ત ગણીને અવગણી હોય તો તે ગંભીર ભૂલ છે. વેદની ઋચામાં સ્થાન પામેલી આ પ્રકારની વાત વિકાસની ભારતીય વિચારધારાને રજૂ કરે છે. જે પશ્ચિમી વિચારધારા કરતાં ભિન્ન છે. વૃદ્ધ માણસ તેનું કર્મ કરી રહ્યો હતો, જેને પુરાણોએ પેઢી દર પેઢી આગળ ધપાવ્યું. આપણા ઋષિમુનિઓએ માનવ તથા પ્રકૃતિ વચ્ચેના સહઅસ્તિત્વ અને તેના દ્વારા સુખી માનવઅસ્તિત્વની સંકલ્પના દર્શાવતા સંપોષિત વિકાસની વાત સ્વીકારી. વેદકાળમાં વિદ્વાનોએ પારિસ્થિતિક સેવાઓને જ મહત્ત્વ આપ્યું ન હતું, પરંતુ અસ્તિત્વ માટે કુદરતનો ઉપયોગ કરતા મનુષ્યની પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા તેમજ પ્રકૃતિને સન્માન આપવા માટે જરૂરી આધ્યાત્મિક ભૂમિકા પણ તૈયાર કરી હતી. સાયમન અને સોલો આ ભૂમિકા સદંતર અવગણે છે. અન્યત્ર જણાવ્યા અનુસાર સાયમન કુદરતને આપત્તિના સ્રોત તરીકે ઓળખાવે છે. જો કે સોલો સાયમન કરતાં અલગ ભૂમિકા ધરાવે છે, કારણ કે તેઓ ટકાઉપણાના ખ્યાલને ભલે અસ્પષ્ટ રીતે પણ, સ્વીકારે છે, પરિણામે તેની પ્રસ્તુતતાનો પણ તેઓ સ્વીકાર કરે છે. ટકાઉપણાના ઉદ્દેશને પાર પાડવા સોલો બજારની સર્વોપરિતાને નકારે છે, કારણ કે બજારમાં ભવિષ્યનું યોગ્ય પ્રતિનિધિત્વ થતું નથી. ભાવિ પેઢીના હિતના પ્રતિનિધિ તરીકે રાજય ટ્રસ્ટી બની શકે. જો કે વર્તમાન પેઢીના પ્રતિનિધિઓની બનેલી સરકારનાં મૂલ્યો વર્તમાન પેઢીનાં મૂલ્યો કરતાં ભિન્ન હોઈ શકે નહીં. પરિણામે, બજાર અને રાજય આંતરપેઢી સમતાના દૃષ્ટિકોણથી ટકાઉપણાના સંદર્ભમાં, સફળ નીવડી શકે નહીં. પશ્ચિમી સમાજમાં પુનરુત્થાન કાળ દરમ્યાન જન્મેલી માનવસમજણ અનુસાર કુદરત ઉપયોગ અને શોષણ માટે અસ્તિત્વ ધરાવતી હતી. ફ્રાન્સીસ બેકનના આત્યંતિક ઉદાહરણથી કાપ્રા આ વાતને રજૂ કરે છે. બેકનના મતે ભટકતી કુદરતનો 'શિકાર' જ ઉચિત છે. તેને સેવામાં બાંધી લઈ 'ગુલામ' જ બનાવવી રહી. કુદરતને 'નિયંત્રિત' કરવી જોઈએ. વિજ્ઞાનીઓનો ઉદ્દેશ કુદરતનાં રહસ્યો ક્રૂરતાથી આંચકી લેવાનો હોવો જોઈએ. આ અભિગમમાં માનવી અને કુદરતનો વ્યવહાર એકપક્ષીય છે. માનવી કુદરત પાસેથી સઘળું છીનવી લે છે, પરંતુ કશું જ પરત વાળતો નથી. ભારતીય તત્ત્વજ્ઞાન માણસને કુદરતને માત્ર પરત કરવાનું જ નહીં પરંતુ માન અને નમ્રતા સહિત પરત કરવાનું શીખવે છે. આપણા ધાર્મિક ઉત્સવોમાં પ્રવેશેલી જડતા છતાં કુદરત સાથેનો અનુબંધ હજુ પણ જોવા મળે છે. કુદરત પ્રત્યેની જવાબદારી માત્ર શાસક સુધી મર્યાદિત ન રહેતાં સામાન્ય માનવી પણ તેને માટે જવાબદાર છે. જો પ્રત્યેક માનવી, બજારની બહાર રહીને, આંતરપેઢી સમતા અંગે વિચારણા ન કરે તો નેક ઈરાદો ધરાવતી કોઈ પણ સરકાર સફળ ન થાય. આ પ્રશ્ન આર્થિક વર્તણૂકને અસર કરતો પરંતુ અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રની બહાર નીતિશાસ્ત્રનો છે. આમ, ઉકેલ મૂડીના જથ્થાને સ્થિર રાખીને અને આવનારી પેઢી માટે સુખાકારીનું સમાન સ્તર આપવાની સામાન્ય ક્ષમતા ધરાવતી પરિસ્થિતિનું સર્જન નથી, પરંતુ માનવવર્તનને અસર કરતા અને તેને કુદરત સાથે સંવાદિતા પૂરી પાડવામાં રહેલો છે.

મહાત્મા ગાંધીને આ બાબતનો થોડો અણસાર જરૂર આવી ગયો હતો. કુદરત સાથેના સંબંધમાં તેમણે ઉપયોગ અને પુનઃસોંપણીમાં મૂળભૂત ભારતીય મૂલ્યોનો સ્વીકાર કર્યો હતો. સાબરમતી આશ્રમ નજીક બે કાંઠે વહેતી તે સમયની સાબરમતી નદીમાંથી માત્ર ટબૂડી ભરીને પાણીનો ઉપયોગ તેમનાં મૂલ્યોનો નિર્દેશ કરે છે. અર્થશાસ્ત્રના મુખ્ય પ્રવાહના ઉત્પાદકો અને ઉપભોક્તાઓના રસ-રુચિને આપેલાં અને સ્થિર ધારી લેવામાં આવે છે. માંગમાં સતત વધારો સ્વાભાવિક ઘટના ગણાય છે. આ પરિસ્થિતિમાં સંસાધનોની ફાળવણીનો પ્રશ્ન ઉકેલવાનો હોય છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે માંગનો સતત વધારો શકય નથી. કદાચ રાજ્ય માંગને નિયંત્રિત ન કરી શકે, પરંતુ વ્યક્તિગત વર્તણૂક તો પરિસ્થિતિમાં પરિવર્તન લાવી શકે. બજારને માંગ પરના નિયંત્રણની સ્થિતિ સ્વીકાર્ય ન હોય, તે સહજ અને સ્વાભાવિક છે. અહીં પ્રકૃતિ અને માનવનું સહઅસ્તિત્વ જરૂરી બને છે. ભૌતિક સુખસગવડનાં ઓછાં સાધનો જીવનની નીચી ગુણવત્તાનો નિર્દેશ કરી શકે નહીં. સુખ સગવડના ઓછાં ભૌતિક સાધનોની પસંદગી સમાજના ટકાઉપણાના પ્રશ્નનો ઉકેલ લાવી શકે. ગુફા યુગમાં પાછા જવાના સ્થાને કુદરતમાંથી પોતાના અસ્તિત્વ માટે માનવ જે કાંઈ લે, તે કુદરતમાં પુનઃજીવન માટે અવકાશ રહે તેવી વ્યવસ્થા વિચારીએ તો કુદરતની માનવજાતને પોષવાની અને માનવજાત દ્વારા કુદરતને જાળવી રાખવાની ક્ષમતા ટકી રહે તેમ જણાય છે. આના માટે સામાન્ય ક્ષમતાના સંદર્ભમાં સમતાના માપનને મર્યાદિત કરવાને સ્થાને નૈતિકતાના ભાગરૂપે સમગ્ર વિચારને તપાસીને મનુષ્યેતર પ્રજાતિઓ તથા નિર્જીવ સૃષ્ટિના અસ્તિત્વને સ્વીકારી અન્ય પ્રજાતિને અસ્તિત્વશેષ કરવાનો માનવજાતને કોઈ વિશેષ અધિકાર નથી તેવી સમજણ કેળવવાની જરૂર છે. માનવસર્જિત વિનાશ અને ઉત્ક્રાંતિની પ્રક્રિયાના ભાગરૂપે થનારા છેલ્લા વિનાશ વચ્ચેની પસંદગી કરવાની હોય ત્યારે સંપોષિત વિકાસનો પ્રશ્ન સુખાકારીના સાધ્ય માટે સાધન પસંદગીનો બની રહે છે. સુખાકારી મેળવવાના પ્રયાસો માટે જરૂરિયાત જરૂર હોય, પરંતુ તેમાં લોભ-લાલચનું તત્ત્વ ન હોય, તેવું મૂલ્ય સમાજે સ્વીકારવું રહ્યું. ગાંધીજીએ કહ્યું તેમ There is enough for everyone's need, but not enough for anybody's greed. ■

## સંશયાત્મક પર્યાવરણવાદી - ૨

# શું આપણે ઉછીના સમય પર જીવી રહ્યાં છીએ ?

***- અંબરીષ મહેતા***

ગયા અંકથી આપણે બીયોર્ન લોમ્બોર્ગના પુસ્તક 'સંશયાત્મક પર્યાવરણવાદી'નો વિગતે પરિચય મેળવવાનું શરૂ કર્યું છે. ત્યારે આપણે મુખ્યત્વે માનવવિકાસને લગતા માપદંડોની ચર્ચા કરેલી અને જોયેલું કે દુનિયાના મોટાભાગના દેશોમાં મોટાભાગના લોકો માટે જીવનની પરિસ્થિતિમાં પહેલાં કરતાં ઘણો સુધારો થયો છે. છેલ્લાં સો વર્ષમાં આપણી આયુસંભવિતતા બમણા કરતાં પણ વધારે વધી છે. બાળ-મરણનું પ્રમાણ ઘણું ઓછું થયું છે. ૧૯૫૦ સુધી આપણા જેવા વિકાસશીલ દેશોમાં દર પાંચે ૧ બાળક એક વર્ષથી નાની ઉંમરે મૃત્યુ પામતું, જ્યારે આજે હવે દર અઢાર બાળકે એક બાળક મૃત્યુ પામે છે. આપણી વસતી અલબત્ત વધી રહી છે. પરંતુ 'એ કારણે નહીં કે અચાનક આપણે સસલાની જેમ વંશવૃધ્ધિ કરવા માંડ્યા છીએ, પરંતુ એ કારણે કે આપણે માખીની જેમ મરતાં બંધ થઈ ગયા છીએ'. વસતીનો આ વધારો થયો હોવા છતાં આપણને સૌને પહેલાં કરતાં વધારે ખોરાક ઉપલબ્ધ થઈ રહ્યો છે. બે ટંક પૂરો ખોરાક નહીં મેળવી શકતાં ભૂખે મરતાં લોકોનું પ્રમાણ ૧૯૭૦ સુધી જે ૩૫ ટકાનું હતું તે ઘટીને ૧૮ ટકાનું થઈ ગયું છે અને ૨૦૧૦ સુધીમાં ૧૨ ટકા જેટલું થઈ જવાનો અંદાજ છે. વિકાસશીલ દેશોના લોકો પહેલાં કરતાં સરેરાશ ૩૮ ટકા જેટલી વધારે કેલરી મેળવી શકે છે. આ ઉપરાંત સમૃધ્ધિ, ગરીબી નિવારણ, આરોગ્ય, શિક્ષણ, યાતાયાતનાં તેમજ જીવનજરૂરિયાતનાં અન્ય સાધનો, સલામતી, વગેરે બાબતોમાં પણ અગાઉ ક્યારેય હતી એના કરતાં ઘણી વધારે પ્રગતિ સાધી શકાઈ છે.

પરંતુ એ સવાલ તો ઊભો જ રહે છે કે ભૌતિક વિકાસની આ પ્રક્રિયા લાંબો સમય ટકી શકે એવી છે કે નહીં? આપણો વિકાસ 'ટકાઉ' (Sustainable) છે કે નહીં તેની આ વાત છે. સંયુક્ત રાષ્ટ્રના ૧૯૮૭ના બ્રન્ટલેન્ડ અહેવાલમાં રજૂ થયેલ 'ટકાઉ વિકાસ'ની આ વાતે ખાસ્સું જોર પકડ્યું છે. એનો સીધો સાદો અર્થ તો એ જ છે કે વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષતી વખતે આપણે એવું કશું ન કરવું જોઈએ જેને કારણે ભવિષ્યની પેઢીઓ તેમની જરૂરિયાતો સંતોષવાની ક્ષમતા જ ગુમાવી બેસે. આમ તો આ સાવ સરળ વાત છે. આપણે એવાં જ કાર્યો કરવાં જોઈએ જેના પરિણામે આપણાં વારસો માટે આપણે એવી પરિસ્થિતિ છોડી જઈ શકીએ, જેમાં તેઓ કમસે કમ આપણે ભોગવીએ એટલી સમૃદ્ધિ તો ભોગવી શકે. ભવિષ્યની પેઢીઓ તરફના આપણા ઉત્તરદાયિત્વની આ વાત છે.

પરંતુ ઘણી વાર એમાં આગળ વધીને એમ પણ કહેવાય છે કે આપણે દરેકે દરેક કુદરતી સંસાધનને એવી રીતે જ વાપરવું જોઈએ જેથી આપણે ભાવિ પેઢીઓ માટે એ જ સ્થિતિમાં (જથ્થો અને ગુણવત્તા બન્ને દૃષ્ટિએ) છોડી જઈ શકીએ જે સ્થિતિમાં એ આપણને આપણાં પૂર્વજો પાસેથી વારસામાં મળ્યું હોય. એમાંથી 'ટકાઉ વિકાસ'ની આ વાત અંગે અનેક ભ્રમણાઓ અને ગૂંચવાડાઓ પેદા થયા છે, જે વિશે શાસ્ત્રીય ચર્ચાઓ ચાલ્યા કરે છે. એ તો સ્પષ્ટ છે કે ટકાઉ વિકાસની વાતને આ રીતે દરેકે દરેક સંસાધન સુધી લંબાવવામાં આવે તો તો પછી એ રીતે જીવવું શક્ય જ નથી. આપણાં પૂર્વજો જો આ સિધ્ધાંત અનુસાર જ જીવ્યા હોત તો તો આજે પણ આપણે હજી ગુફા યુગમાં જ જીવતા હોત! અને ઘણા આત્યંતિક પર્યાવરણવાદીઓ ત્યાં જ પાછા ફરવાની વાત કરે પણ છે.

નોબેલ પારિષોતિક વિજેતા અર્થશાસ્ત્રી રોબર્ટ સોલોએ આ અંગે ઘણી મહત્ત્વની વાત કરી છે. એ કહે છે કે આ કે તે વ્યક્તિગત સંસાધન આપણે કેટલું વાપરવું જોઈએ એવો જે સવાલ પુછાય છે તે બરાબર નથી અને અત્યંત સાંકડો અભિગમ સૂચવે છે. સવાલ એ નથી કે આપણે દરેકે દરેક સંસાધન ભાવિ પેઢીના ઉપયોગ માટે સુનિશ્ચિત રાખવું જોઈએ - કુદરતી રીતે નવસર્જન નહીં પામતાં પુનઃઅપ્રાપ્ય (non renewable) સંસાધનો માટે તો એમ કરવું અશક્ય છે. પરંતુ ભવિષ્યની પેઢીઓ

માટે આપણે સરવાળે એટલાં પૂંજી, જ્ઞાન અને સંસાધનો છોડી જઈએ છીએ કે નહીં જેથી તેઓ પણ કમ સે કમ આપણા જેટલી ગુણવત્તાવાળું જીવન જીવી શકે, એ બાબત જરૂર મહત્ત્વની છે.

અહીં સવાલ અલબત્ત એ છે કે શું ખરેખર આપણે એ રીતે જીવી રહ્યાં છીએ ખરાં?

પર્યાવરણવાદીઓના મતે હાલનો આપણો વિકાસ ટકાઉ નથી કારણ કે ભૌતિક પ્રગતિની હોડમાં આપણે આપણી પૃથ્વી પરનાં મર્યાદિત કુદરતી સંસાધનોનો ખાતમો બોલાવી રહ્યાં છીએ - ખૂબ ઝડપથી એમને ઉલેચી રહ્યાં છીએ અને પ્રદૂષિત કરી રહ્યાં છીએ. પરિણામે આ વિકાસને ટકાવી રાખતા કુદરતી પાયા આજે નહીં તો કાલે તૂટી પડશે. સતત વૃદ્ધિ પામતા કેન્સરના કોષ જે રીતે છેવટે એને પોષણ આપતા શરીરને જ ખતમ કરી નાખે છે, તે જ રીતે સતત વૃદ્ધિ પામતું વૈશ્વિક અર્થતંત્ર પણ ધીરે ધીરે તેને ટકાવી રાખતી પૃથ્વીની ઈકો સિસ્ટમને જ ખતમ કરી રહ્યું છે.

પર્યાવરણવાદીઓ જ નહીં, આપણાં સૌનાં મનમાં આ વાત જડબેસલાક બેસી ગયેલી છે. આપણી આસપાસ કુદરતી સંસાધનોની જે સ્થિતિ જોઈએ છીએ તે પણ આ જ વાતને અનુમોદન આપે છે. પરંતુ અહીં લોમ્બોર્ગ આપણને કહે છે કે આ પ્રશ્નને વ્યાપક સ્તર પર અને વધારે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં તપાસીએ તો સાવ જુદું ચિત્ર જોવા મળે છે.

લોમ્બોર્ગ 'ટકાઉ વિકાસ' કોને કહેવાય, એનાં લક્ષણો શું, વગેરે સૈધ્ધાંતિક સવાલોની આંટીઘૂંટીમાં ઊંડે નથી ઊતરતો. એને બદલે 'આર્થિક વિકાસ વધવાની સાથે અનિવાર્યપણે કુદરતી સંસાધનો ખતમ થતાં જાય અને પ્રદૂષિત થતાં જાય' - નું જે સમીકરણ બેસી ગયું છે તેને અનુભવની કસોટીએ (empirically) ચકાસે છે. આમ, જુદાં જુદાં કુદરતી સંસાધનોની સ્થિતિ હાલ કેવી છે અને આવનારા દિવસોમાં કેવી હોવાની સંભાવના છે, એ સવાલને એ વિગતવાર ચકાસે છે.

આવી ચકાસણીમાં આપણે એક વાત એ ધ્યાનમાં રાખવી પડે કે આપણી પૃથ્વી પરનાં અનેક સંસાધનોમાંથી કેટલાંક સંસાધનો એવાં છે જે કુદરતી રીતે જ સતત નવસર્જિત થતાં રહે છે અથવા તો નવેસરથી પ્રાપ્ત થતાં રહે છે - જેમ કે સૂર્યની ઊર્જા, પાણી, હવા, વનસ્પતિઓ અને પ્રાણીઓ, વગેરે. આ સંસાધનોને આપણે પુનઃપ્રાપ્ય (renewable) સંસાધનો કહીએ છીએ. જ્યારે બાકીનાં સંસાધનો એવાં છે જે કુદરતી રીતે નવસર્જિત નથી થતાં (કમ સે કમ માનવઅસ્તિત્વના સમયગાળામાં તો નહીં જ) અને એ રીતે એક નિશ્ચિત માત્રામાં જ ઉપલબ્ધ છે - જેમ કે પૃથ્વીનો કાચો માલ, ધાતુઓ, વગેરે. કુદરતી પ્રક્રિયામાં લાખો કરોડો વર્ષો પહેલાં કોઈ ને કોઈ કારણે આ સંસાધનો પેદા થયેલાં અને હવે નવેસરથી પેદા નથી થતાં. આવાં સંસાધનોને આપણે પુનઃઅપ્રાપ્ય (non-renewable) સંસાધનો કહીએ છીએ. આપણો વિકાસ ટકાઉ છે કે નહીં એ સવાલની ચર્ચા કરતી વખતે આપણે આ બન્ને પ્રકારનાં સંસાધનોની ચર્ચા જરૂર કરવી પડે, પણ સાથે સાથે એ પણ ખ્યાલમાં રાખવું પડે કે આ પ્રકારનાં સંસાધનોને લગતી સમસ્યાઓ પણ અલગ અલગ હોવાની.

આ ઉપરાંત સંસાધનોના જથ્થાની (એટલે કે છત કે અછતની) સમસ્યા અને એમના પ્રદૂષણની સમસ્યાની ચર્ચા પણ અલગ અલગ કરવી જોઈએ, જેથી બન્ને બાબતોને વધારે સ્પષ્ટતાથી સમજી શકાય. જેથી કરીને બન્ને બાબતોને વધારે સ્પષ્ટ રીતે સમજી શકાય.

લોમ્બોર્ગ આ બન્ને બાબતોને ખ્યાલમાં રાખે છે. એના કહેવા પ્રમાણે અત્યાર સુધીનો આપણો અનુભવ તો એમ સૂચવે છે કે આર્થિક વિકાસ ગતિ પકડવાની સાથે શરૂઆતમાં આપણને જે તે સંસાધનોનો વધારે પડતો ઉપયોગ થતો દેખાય અને નજીકના ભવિષ્યમાં જ એ ખૂટી પડશે એમ લાગે, પરંતુ વધતી જતી માંગને કારણે પછી એ સંસાધનની કિંમતો પણ વધવા માંડે અને એ કારણે એના કાર્યક્ષમ અને કરકસરભર્યા ઉપયોગને, એના નવા નવા ભંડાર શોધવાની પ્રક્રિયાને તેમજ એની અવેજીમાં બીજાં વૈકલ્પિક સંસાધનો શોધવાની પ્રક્રિયાને પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત વપરાશ વધવાની સાથે સાથે આપણી સમજણ અને સમૃદ્ધિ પણ વધતી જાય છે અને એ રીતે પણ એને વધારે સારી રીતે વાપરવાની નવી નવી રીતો અને ટેકનોલોજીના વિકાસને પણ પ્રોત્સાહન મળે છે અને એની કિંમતો પાછી ઘટવા માંડે.

પ્રદૂષણની બાબતમાં પણ વિકાસના વધવાની સાથે શરૂઆતમાં પ્રદૂષણ વધતું દેખાય છે, પરંતુ સમૃદ્ધિના એક સ્તરે પહોંચ્યા પછી પ્રદૂષણ સામેનો અવાજ પણ વધે અને ટેક્નોલોજી પણ સુધરતી જાય અને એ રીતે એની માત્રા ઘટવા માંડે છે. એટલે જ તો વિકસિત દેશોમાં હવા તેમજ પાણીના પ્રદૂષણની માત્રા આપણા કરતાં ઘણી ઓછી જોવા મળે છે. જો 'જેમ વિકાસ વધારે તેમ પ્રદૂષણ પણ વધારે'નું સમીકરણ સાચું હોય તો તો એ દેશોમાં પ્રદૂષણની માત્રા આપણા કરતાં અનેક ગણી વધારે હોવી જોઈતી હતી!

સંસાધનોના જથ્થાના સવાલની ચર્ચા કરતી વખતે લોમ્બોર્ગ મુખ્યત્વે અન્ન સુરક્ષા, ઊર્જા સુરક્ષા, જંગલો અને પાણીની ચર્ચા કરે છે. આ ઉપરાંત ધાતુઓ અને સિમેન્ટ જેવાં બિન-ઊર્જા સંસાધનો અને દરિયાઈ

માછીમારીની પણ ચર્ચા કરે છે. આ દરેક સંસાધનની ચર્ચા ઘણી મહત્ત્વની અને જરૂરી છે. એ કરતી વખતે લોમ્બોર્ગે ઘણી રસપ્રદ માહિતીઓ પણ પૂરી પાડી છે. પરંતુ સ્થળસંકોચને કારણે અહીં આપણે માત્ર ઊર્જાની જ ચર્ચા કરી શકીશું. આમ પણ 'આપણો વિકાસ ટકાઉ નથી અને આપણે સર્વનાશની દિશામાં જ ધકેલાઈ રહ્યાં છીએ'ની જે દલીલ થાય છે, એમાં પણ ઉદ્યોગીકરણને કારણે ઊર્જાના ક્ષેત્રમાં પુનઃઅપ્રાપ્ય એવાં અસ્મિકૃત ઈંધણો પરનું અવલંબન વધી ગયું છે એના પર જ મુખ્ય ભાર મૂકવામાં આવે છે. વિકાસની પ્રક્રિયાને ચાલકબળ પૂરું પાડતી ઊર્જા જ જો પુનઃઅપ્રાપ્ય એવા સ્રોતોમાંથી મળતી હોય અને એનો વપરાશ કૂદકે ને ભૂસકે વધી રહ્યો હોય તો પછી એ વિકાસ ટકાઉ હોઇ જ શી રીતે શકે?

## ઊર્જા

આપણા દરેક કાર્ય માટે આપણને ઊર્જાની જરૂર પડે છે. આપણું શરીર પણ ૧૦૦ વોટના વીજળીના બલ્બ જેટલી ઊર્જા પૂરી પાડી શકે છે. પરંતુ ઇતિહાસની શરૂઆતથી જ આપણે ઊર્જાના અન્ય સ્રોતો અપનાવીને એમાં ઉમેરો કરવાનું શરૂ કરી દીધેલું. ઘણા લાંબા સમય સુધી તો એ માટે પાળેલાં પ્રાણીઓ અને ગુલામોનો જ ઉપયોગ થતો. ત્યાર બાદ ટેકનોલોજીના વિકાસની સાથે પવન અને પાણી જેવા કુદરતી સ્રોતોનો ઉપયોગ થવા લાગ્યો જેમ કે સઢવાળાં વહાણ તેમજ પવનચક્કી અને પાણીથી ચાલતી ઘંટીઓ. પરંતુ ૧૭૬૯માં જેમ્સ વોટે વરાળથી ચાલતા એન્જિનની શોધ કરીને ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નાંખ્યો ત્યારે પહેલી વાર માણસ માટે જ્યારે જેટલી જોઈએ એટલી ઊર્જા પેદા કરવાનું શક્ય બન્યું. એનાં સો વર્ષમાં જ ઈંગ્લેન્ડની ઉત્પાદન પ્રક્રિયા જે માનવશ્રમ આધારિત હતી તે ઈંધણ આધારિત બની ગઈ.


પરંતુ એની સાથે જ એ પણ બહુ ઝડપથી સમજાવા માંડ્યું કે વરાળ પેદા કરવા માટે જલાઉ લાકડા પર લાંબો સમય આધાર રાખી શકાય એમ નથી, કારણ કે એને કારણે જંગલોનો ખાતમો બોલી રહ્યો હતો. એટલે ત્યાર પછી ઈંગ્લેન્ડ અને અમેરિકામાં પણ કોલસાનો ઉપયોગ થવા માંડ્યો. આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન પછી બાકીના દેશોમાં થયું અને ત્યારથી ઊર્જાના પ્રાથમિક સ્રોત તરીકે અસ્મિકૃત (fossil) ઈંધણો પરનું આપણું અવલંબન શરૂ થઈ ગયું **(આકૃતિ ૧)**.

કોલસાની બાબતમાં પણ એ 'ખૂટી પડશે'નો ભય શરૂઆતથી જ સતાવતો હતો. ૧૮૬૫માં એક પ્રસિદ્ધ વિજ્ઞાની સ્ટેનલી જેવન્સે ભાખેલું કે ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક વિકાસની સાથે જ કોલસાનો વપરાશ ખૂબ વધી રહ્યો હતો, જેના પરિણામે એ ચોક્કસ ખતમ થઈ જશે અને બધા ઉદ્યોગ-ધંધા તૂટી પડશે અને આ પરિસ્થિતિમાંથી બચવાનો બીજો કોઈ રસ્તો નથી. એની આ આગાહી તો સાચી ન પડી. પરંતુ ૨૦મી સદીમાં આંશિક રીતે કોલસાનું સ્થાન ખનીજ તેલે લઈ લીધું. એનું કારણ એ હતું કે ખનીજ તેલ વધારે માત્રામાં અને વધારે સારી ઊર્જા ધરાવે છે અને સહેલાઈથી એક સ્થળેથી બીજે સ્થળે લઈ જઈ શકાય છે, સંઘરી શકાય છે અને વાપરી શકાય છે.

કોલસો, ખનીજ તેલ અને કુદરતી ગેસ એ ત્રણે કરોડો વર્ષ જૂની વનસ્પતિમાંથી પેદા થયા છે. તે સમયની કેટલીક વિશિષ્ટ ભૂસ્તરીય ઘટનાઓમાં જમીન પરનાં વૃક્ષો મોટા પાયે જમીન નીચે દટાઈ ગયાં. તેમાંથી કાળક્રમે દબાણ અને ગરમીને પરિણામે કોલસો બન્યો. જ્યારે ખનીજ તેલ અને કુદરતી ગેસ મુખ્યત્વે મરીને તળિયે બેસી ગયેલી દરિયાઈ વનસ્પતિની પેદાશ છે. આ જ કારણસર આ ત્રણેને આપણે સામૂહિક રીતે અસ્મિકૃત ઈંધણ તરીકે ઓળખીએ છીએ. ખનીજ તેલ ઘણાં રાસાયણિક તત્ત્વોથી બનેલું છે અને સીધેસીધું ઈંધણ તરીકે નથી વાપરી શકાતું. રીફાઈનરીમાં ડિસ્ટીલેશનની પ્રક્રિયાથી એમાંથી પેટ્રોલ, ડિઝલ, કેરોસીન, કોક વગેરે છૂટાં પાડવાં પડે છે, જે પછી ઈંધણ તરીકે કામ કરે છે. આ અસ્મિકૃત ઈંધણો જે તે સમયની ચોક્કસ ઘટનાઓને કારણે પેદા થયેલાં અને કુદરતી રીતે નવસર્જિત નથી થતાં. એટલે કે એક નિશ્ચિત માત્રામાં જ ઉપલબ્ધ છે અને પુનઃઅપ્રાપ્ય (non-renewable) છે.

અને એટલે જ વિકાસની સાથે આ ઈંધણો પરનું આપણું અવલંબન વધતું ગયું ત્યારથી જ 'આ લાંબો સમય નહીં ચાલી શકે, આજે નહીં તો કાલે આ ઈંધણો ખૂટી જ પડશે'ની ચિંતાઓ શરૂ થઈ ગઈ. અને એને પરિણામે આખી અર્થવ્યવસ્થા તૂટી પડવાનાં બિહામણાં ચિત્રો રજૂ થવા લાગ્યાં.

આજે આપણે ઊર્જાની પર્યાપ્ત ઉપલબ્ધી પર એટલા તો આધારિત થઈ ગયા છીએ કે એ ન મળે એવી સ્થિતિની કલ્પના પણ ઘણાને ધ્રુજાવી મૂકે છે. ૧૯મી સદીમાં મોટાભાગના ઔદ્યોગિક કામો માટે માનવશ્રમ પર આધાર રાખવો પડતો. આજે એ આધાર ઓછો ને ઓછો થતો જાય છે, ખાસ કરીને વધારે તાકાતની જરૂર હોય એવાં જોખમી કામોમાં. આપણે જેટલી ઊર્જા વાપરીએ છીએ તેને જો 'મજૂરો'ની સંખ્યામાં રૂપાંતરિત કરીએ તો પશ્ચિમ યુરોપની દરેક વ્યક્તિ દોઢસો જેટલું કામ કરી શકે એટલી ઊર્જા વાપરે છે. અમેરિકાના લોકો ૩૦૦ મજૂરો જેટલી અને ભારતમાં પણ આપણે સરેરાશ ૧૫ મજૂરો જેટલું કામ કરી શકીએ




**આકૃતિ ૧** જુદા જુદા ઇંધણ સ્રોત મુજબનું વૈશ્વિક ઊર્જા ઉત્પાદન ૧૮૯૦-૧૯૯૯ exajouleમાં. સ્રોત્ર : Simon *et al.*1994, WRI 1996, 1999. નોંધ : આ આંકડાઓ બજારમાં પહોંચેલ ઊર્જા જ દર્શાવે છે. એવો અંદાજ છે કે વિકાસશીલ દેશોમાં કુલ ઊર્જાની એક ચતુર્થાંશ ઊર્જા બળતણનાં લાકડામાંથી મળે છે, જે બજારમાં આવતી નથી. એને ગણતરીમાં લેવામાં આવે તો વૈશ્વિક ઊર્જા ઉત્પાદનમાં આશરે ૭ ટકાનો વધારો થાય.

તેટલી ઊર્જા વાપરીએ છીએ. આમ, આ ઊર્જાના સ્થાને ફરીથી માનવશ્રમ પર જ આધાર રાખવાનું થાય તો કેવી સ્થિતિ પેદા થાય એનો અંદાજ આવી શકે છે.

## શું આપણી પાસે પૂરતી ઊર્જા છે?

સવાલ એ છે કે ઊર્જા પરનું આ અવલંબન ટકી શકે એવું છે ખરું?

અહીં લોમ્બોર્ગ આપણને કહે છે કે, નવાઈ લાગે, પણ હકીકત તો એ છે કે આ અસ્મિકૃત ઈંધણોના વધતા વપરાશ છતાં તેમનો ઉપલબ્ધ જથ્થો પણ વધતો ગયો છે અને આજે પણ નજીકના ભવિષ્યમાં તો એ ખૂટી પડશે એમ લાગતું નથી.
પરંતુ, લાંબા ગાળાનું શું? આજની આપણી આ ઔદ્યોગિક સંસ્કૃતિને ટકાવી રાખવા માટે આપણે કરોડો વર્ષોની પ્રક્રિયામાં બનેલ આ અસ્મિકૃત ઈંધણો એક કે બે સદીમાં જ વાપરી નાંખવા બેઠા છીએ. ત્યાર પછી શું થશે?

અહીં સોલોનો હવાલો આપીને લોમ્બોર્ગ કહે છે કે લાંબા ગાળાની વાત કરીએ તો વહેલી કે મોડી એવી સ્થિતિ જરૂર પેદા થશે જ્યારે ખનીજ તેલને આપણે પ્રાથમિક ઈંધણ તરીકે નહીં વાપરતા હોઈએ. એની કિંમત કયાં તો ઘણી વધી જશે અને અથવા તો ઊર્જાના અન્ય સ્રોતોની કિંમત ઘણી ઓછી થઈ ગઈ હશે. પરંતુ એનાથી કાંઈ કયામત નહીં આવી પડે. કારણ કે સમાજને ખનીજ તેલની નહીં, પરંતુ એમાંથી મળતી ઊર્જાની જરૂર છે. આમ, આપણે આવનારી પેઢીઓ માટે વધારે કે ઓછું ખનીજ તેલ છોડી જઈશું એ એટલું અગત્યનું નથી. પરંતુ સરવાળે એવી સ્થિતિ છોડી જઈશું કે નહીં જેમાં આવનારી પેઢીઓ પણ સહેલાઈથી સસ્તી ઊર્જા પેદા કરી શકે, તે જરૂર અગત્યની બાબત છે.

આ જ વાત બીજી રીતે તપાસીએ. જો આપણો સમાજ એક બાજુ કોલસો અને ખનીજ તેલ વાપરવાની સાથે બીજી બાજુ એવા ટેકનોલૉજી, જ્ઞાન અને મૂડી પણ વિકસાવી શકે જેની મદદથી સહેલાઈથી વૈકલ્પિક સ્રોતોમાંથી સસ્તી અને ચોખ્ખી ઊર્જા પેદા કરી શકાય, તો એ સમાજ બીજા એવા સમાજ કરતાં ચોક્કસ વધારે સારો સમાજ ગણાય જે કદાચ ખનીજ તેલ કે કોલસાને તો એમ ને એમ જ જમીનમાં દટાયેલાં રહેવા દે પરંતુ સાથે સાથે વિકાસની પણ અવગણના કરે.

આમ, લાંબા ગાળે ખનીજ તેલ ખૂટી પડશે કે નહીં એ સવાલ જ નિરર્થક

છે. લાંબા ગાળે તો આપણે ચોક્કસ ઊર્જાના અન્ય સ્રોતો પર આધાર રાખતા થઈ જઈશું. આ પ્રશ્ન આપણને ઘણી વાર ધ્રૂજાવી દે છે. કારણ કે એની સાથે જ ઊર્જાની કટોકટી અને આર્થિક મંદીનાં બિહામણાં ચિત્રો નજર સમક્ષ ઊભાં થાય છે. આમ છતાં, અહીં લોમ્બોર્ગ જણાવે છે કે લાંબા ગાળાના ભવિષ્ય માટે પણ પૂરતાં સંસાધનો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં જ્યારે પણ આપણે ઊર્જાના અન્ય સ્રોતો પર આધાર રાખવાનું સંક્રમણ કરવાનું થશે ત્યારે એ પણ મુખ્યત્વે એ કારણસર નહીં થાય કે ખનીજ તેલ ખૂટી પડ્યું હશે, પરંતુ એ કારણસર થશે કે એ ઊર્જાનો વધારે સારો અને સસ્તો સ્રોત પૂરો પાડશે અને એ રીતે જીવનને વધારે સમૃદ્ધ બનાવશે.

સાઉદી અરેબીયાના માજી તેલ મંત્રી શેખ યમાનીએ જણાવેલું તેમ પાષાણ યુગ કંઈ પત્થરો ખૂટી પડેલા એટલે સમાપ્ત નહોતો થયો અને તેલ યુગ પણ સમાપ્ત થશે જ, પરંતુ એ કારણસર નહીં કે તે ખતમ થઈ ગયું હશે. આપણે પત્થરો વાપરવાનું બંધ કરી દીધું કારણ કે એના બદલે લોખંડ આપણને વધારે સારું કામ આપી શકતું હતું. તે જ પ્રમાણે જ્યારે ઊર્જાના અન્ય સ્રોતો વધારે સારા લાભ આપતાં થઈ જશે ત્યારે ખનીજ તેલનો ઉપયોગ પણ બંધ થઈ જશે.

## તેલની કટોકટી


ખનીજ તેલની કટોકટીનું શું થયું? એનો ઉપયોગ શરૂ થયો ત્યારથી જ 'તેલની કટોકટી આવી રહી છે અને ટૂંક સમયમાં જ એ ખતમ થઈ જશે'ની આગાહીઓ થતી રહી છે. ૧૯૧૪માં જ અમેરિકાના બ્યૂરો ઓફ માઈન્સે ભાખેલું કે હવે માત્ર ૧૦ વર્ષ ચાલી શકે એટલું જ તેલ બચ્યું છે. તે જ પ્રમાણે ૧૯૩૯માં ત્યાંના ઈન્ટીરીયર વિભાગે ૧૩ વર્ષ ચાલે એટલું જ તેલ બચ્યું છે, એવી આગાહી કરેલી અને ૧૯૫૧માં વળી એવી આગાહી કરવામાં આવેલી કે હવે પછીનાં ૧૩ વર્ષમાં તેલ ખતમ થઈ જશે. પ્રિન્સટન યુનિવર્સિટિના એક પ્રાધ્યાપકે એમની પાછલી ઉંમરમાં જણાવેલું કે 'હું નાનો છોકરડો હતો ત્યારથી જ આપણે તેલ ગુમાવતા આવ્યા છીએ'.

૧૯૭૦ના દાયકામાં તેલની કટોકટી જરૂર પેદા થયેલી. પરંતુ એ કારણસર નહીં કે તેલ ખૂટી રહ્યું હતું, પરંતુ એ કારણસર કે તેલની નિર્યાત કરતા OPEC દેશોએ એના ભાવ વધારવા માટે જાણી જોઈને ઉત્પાદન પર કાપ મૂકેલો. ત્યારે તેલ તો પૂરતું હતું જ અને આજે પણ છે. આમ છતાં, ઘણાંના માટે તો ૧૯૭૩ની તેલની પહેલી કટોકટી એની અછતનો જ પુરાવો હતો.

૧૯૭૨માં એમેરિકાની મેસેચ્યુટ્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના વિજ્ઞાનીઓએ, એક અભ્યાસ પ્રકાશિત કર્યો - *Limits to Growth*. આ અભ્યાસે 'ટકાઉ વિકાસ'ની વાતને ખાસ્સું બળ પૂરું પાડ્યું છે અને *Club of Rome Report* ના નામથી જાણીતો થયો છે. આ પુસ્તકમાં સિસ્ટમ એનાલિસિસ અને કોમ્પ્યૂટર સિમ્યુલેશનની આધુનિક ટેકનિકોનો ઉપયોગ કરીને લેખકોએ એવું વિશ્લેષણ રજૂ કરેલું કે વધારે પડતા ઉપભોગને કારણે ૧૯૭૦ના દાયકામાં જ મોટા ભાગનાં સંસાધનો ખૂટી પડશે અને આપણે વિનાશની દિશામાં ધકેલાઈ જઈશું. એનું વિશ્લેષણ બે સાદી અને સરળ પૂર્વધારણાઓથી દોરવાય છે. આજે પણ સંસાધનોના 'ટકાઉ' ઉપયોગને લગતી ચર્ચાઓ એનાથી જ દોરવાય છે. આ પૂર્વધારણાઓ માલ્થુસની ધારણાઓને ખાસ્સી મળતી આવે છે અને એનો હવાલો પણ આપે છે. પહેલી ધારણા એ છે કે આપણા સામાજિક અને આર્થિક વિકાસની અનેક પ્રક્રિયાઓ (વસતી-વધારો, આર્થિક વૃદ્ધિ, ઘરેલું ઉત્પાદન, પૂંજી, વસ્તુઓની માંગ, વગેરે) ભૌમિતિક કે ઘાતાંકીય રીતે વૃદ્ધિ પામે છે. અને બીજી ધારણા એ છે કે આ વૃદ્ધિને ચોક્કસ સીમાઓ (*limits*) છે, કારણ કે આપણી પૃથ્વી મર્યાદિત સંસાધનો ધરાવે છે.

એક તરફ ઘાતાંકીય વૃદ્ધિ અને બીજી તરફ મર્યાદિત સંસાધનોની આ બેવડી પૂર્વધારણામાંથી સાવ સહેલાઈથી પ્રલયના દિવસની (*dooms day*) આગાહી કરી શકાય છે. *Limits to Growth* માં આપણને એ જ જોવા મળે છે. એની આગાહી મુજબ ૧૯૯૨ સુધીમાં તો ખનીજ તેલ ખતમ થઈ જવું જોઈતું હતું. આપણે જાણીએ છીએ તેમ એવું થયું નહીં. ૧૯૮૭માં પ્રો. અહેર્લિકે ફરીથી આગાહી કરી કે ૯૦ના દાયકાના અંત સુધીમાં ફરીથી તેલની કટોકટી સર્જાશે. એ પણ ખોટી પડી. ઈતિહાસમાંથી બોધપાઠ લેવાશે એવી સહેજે અપેક્ષા હોય. પરંતુ ૧૯૯૨માં *Limits to Growth* ની નવી સુધારેલી આવૃત્તિ - *Beyond the Limits* બહાર પડી. એમાં ફરી આગાહી કરવામાં આવી છે કે નજીકના ભવિષ્યમાં જ ખનીજ તેલ (૨૦૩૧) અને કુદરતી ગેસ (૨૦૫૦) ખતમ થઈ જશે!

હમણાં આ વર્ષની શરૂઆતથી તેલની કિંમતો જે રીતે વધી રહી છે એણે 'તેલની કટોકટી આવી રહી છે'ની વાતોને ફરી વહેતી કરી છે. પરંતુ જાણકારોના મતે તો હાલની આ કટોકટી પણ તેલનો જથ્થો ખૂટી પડવાને કારણે નહીં, પરંતુ ટૂંકા ગાળાનાં અન્ય પરિબળોને કારણે પેદા થઈ છે. (Economist ના ૩૦ એપ્રિલ, ૨૦૦૫ના અંકમાં તેલ પરના વિશેષ સર્વેક્ષણમાં આ અંગે ઘણી રસપ્રદ ચર્ચા કરવામાં આવી છે.)





**આકૃતિ ૨** તેલની કિંમત ૧૮૭૧-૨૦૨૦ (૨૦૦૦ના ડોલરમાં) અને તેલનું વૈશ્વિક ઉત્પાદન ૧૮૮૨-૨૦૨૦ સુધી. ૨૦૦૧-૨૦૨૦ સુધીની આગાહી US EIAના આધારે. સ્રોત Simon *et al.*1994, EIA 2001.

## કેટલું તેલ બચ્યું છે?


તેલ ખૂટી રહ્યું છે કે નહીં એ નક્કી કઈ રીતે કરવું? એ ખૂટી રહ્યું હોય તો પણ એનો અર્થ એ ન થાય કે પૃથ્વી પર ક્યાંય ઉપલબ્ધ જ ન હોય, પરંતુ એ થાય કે એ એવી જગ્યાઓએ હોય જ્યાંથી એને ઉલેચીને બહાર કાઢવાનું અત્યંત ખર્ચાળ થઈ ગયું હોય. આમ તેલની ‘વાસ્તવિક’ કિંમત (ફુગાવાની અસર બાદ કર્યા પછીની) ઘટી રહી છે કે વધી રહી છે, એની તરાહ પરથી આપણને એની છત છે કે અછત તેનો અંદાજ આવી શકે. **આકૃતિ ૨માં** દર્શાવ્યા પ્રમાણે તેલની કિંમતની લાંબા ગાળાની તરાહમાં કોઈ નોંધપાત્ર વધારો નથી થયો. ૧૯૭૩ થી ૧૯૮૫ દરમિયાન તેની કિંમતમાં જે ધરખમ વધારો થયેલો તે માટે તો OPEC દેશોએ સર્જેલી કૃત્રિમ અછત જ જવાબદાર હતી, એની વાત આપણે ઉપર કરી જ છે.

**આકૃતિ 3** દર્શાવે છે કે તેલનો ઉપયોગ વધતો ગયો હોવા છતાં એની સાથે સાથે એનો ઉપલબ્ધ જથ્થો પણ વધતો ગયો છે. આ ખૂબ આશ્ચર્યકારક બાબત છે. સામાન્ય બુદ્ધિ તો એમ જ કહે કે જો ૧૯૫૫માં આપણી પાસે ૩૫ વર્ષ ચાલે એટલો તેલનો જથ્થો હોય તો તેના પછીના વર્ષે તો ૩૪ વર્ષ ચાલે એટલો જ જથ્થો બચેલો હોવો જોઈએ. એટલું જ નહીં, હકીકતમાં તો એનાથી યે ઓછો જથ્થો બચવો જોઈએ, કારણ કે ૧૯૫૬માં તો આપણે ૧૯૫૫ કરતાં વધારે તેલનો વપરાશ કરેલો. પરંતુ **આકૃતિ 3** પ્રમાણે તો ૧૯૫૬ના અંતે તો એ વધારાના વપરાશના દરે પણ વધારે વર્ષ ચાલે એટલો જથ્થો ઉપલબ્ધ હતો. ત્યાર પછીનાં વર્ષોમાં પણ વપરાશ વધતો ગયો છતાં, આ ઉપલબ્ધ જથ્થો ઓછો થવાનું દેખાતું નથી.

**આકૃતિ ૨માં** જોવા મળે છે તેમ તેલનું વાર્ષિક ઉત્પાદન (એટલે કે વપરાશ), ૭૦ના દાયકાને બાદ કરતાં, સતત વધતું રહ્યું છે. **આકૃતિ ૪માં** આ વાર્ષિક ઉત્પાદનની સાથે સાથે તેલનો શોધાઈ ચૂકેલો ઉપલબ્ધ જથ્થો પણ દર્શાવવામાં આવ્યો છે. એનાથી સ્પષ્ટ થાય છે કે તેલનો વપરાશ જે ઝડપે વધ્યો એના કરતાં એના નવા ભંડાર શોધવાનું કામ વધારે ઝડપથી આગળ વધ્યું છે. એમાં દર્શાવ્યા પ્રમાણે ૨૦૦૦ના અંતે આપણી પાસે ૧૦૦૦ અબજ બેરલ તેલ ઉપલબ્ધ હતું. તેની સામે વાર્ષિક વપરાશ ૨૫ અબજ બેરલનો હતો અને એ રીતે ત્યારના વપરાશના ધોરણે હજી બીજાં ૪૦ વર્ષ ચાલે એટલું તેલ હતું. ત્યાર




**આકૃતિ 3** વૈશ્વિક સ્તરે તેલના ઉપલબ્ધ જથ્થા (રીઝર્વસ), ચાલુ સાલના વપરાશના આધારે કેટલા વર્ષ ચાલે એટલા છેના સ્વરૂપમાં (Years-of -consumption), ૧૯૨૦-૨૦૦૦. સ્રોત Simon *et al.*1994, EIA 2000.




**આકૃતિ ૪** વૈશ્વિક સ્તરે તેલના શોધાઈ ચુકેલા ઉપલબ્ધ જથ્થા (રીઝર્વસ), અને ઉત્પાદન, ૧૯૨૦-૨૦૦૦. સ્રોત આકૃતિ ૩ પ્રમાણે.

પછી અત્યાર સુધીમાં વાર્ષિક વપરાશ વધીને ૨૯ અબજ બેરલનો થઈ ગયો છે, પરંતુ એની સાથે સાથે ઉપલબ્ધ જથ્થો પણ વધીને ૧૨૦૦ અબજ બેરલનો થઈ ગયો છે અને એ રીતે આ વધારાના વપરાશના દરે પણ હજી ૪૧ વર્ષ ચાલે એટલું તેલ ઉપલબ્ધ છે.

જે સંસાધન મૂળે જ નિશ્ચિત માત્રામાં હોય તેનો વપરાશ વધવા છતાં એનો ઉપલબ્ધ જથ્થો ઘટવાને બદલે વધતો જાય એ વાત કંઈ માનવામાં આવે એવી નથી. આવું તે વળી થતું હશે? આ તો 'ક્યારેય ન ખૂટે એવા કુબેરના ભંડાર' જેવી જ વાત થઈ. એના જવાબમાં લોમ્બોર્ગ ત્રણ વાતો કરે છે, જે સીમિત અને મર્યાદિત સંસાધનની વાતને પડકારે છે.

૧. 'ઉપલબ્ધ જથ્થો' એ કોઈ નિશ્ચિત માત્રા નથી. એવું નથી કે પૃથ્વી પર જ્યાં જ્યાં તેલ ઉપલબ્ધ હોય તે બધી જ જગ્યાઓ આપણે શોધી કાઢી છે અને હવે તો બસ એમાંથી એ ઉલેચવાનું જ બાકી છે. આપણે નવી નવી જગ્યાઓએ શોધખોળ કરતાં જ રહીએ છીએ અને એના નવા ભંડારો પણ મળતા જ રહે છે. પરંતુ આ શોધખોળ કાંઈ મફતમાં નથી થતી, એને માટે મોટા પાયે ખર્ચ કરવો પડે છે. એટલે મોટેભાગે આ નવી શોધખોળ ઉત્પાદન શરૂ થવાનું હોય તેનાથી બહુ વહેલી નથી થતી. આમ, વપરાશ વધતો જાય તેમ તેમ નવા ભંડારો શોધવાની પ્રક્રિયા પણ ચાલતી રહે. આ કારણસર આપણને વપરાશના વધારા સાથે ઉપલબ્ધ જથ્થો પણ વધતો જોવા મળે છે.

૨. બીજી વાત એ છે કે એ જ પ્રમાણે ઉપલબ્ધ ભંડારમાંથી તેલ ઉલેચવાની પ્રક્રિયા પણ વધારે કાર્યક્ષમ થતી જાય છે. નવી ટેકનોલૉજીના વિકાસથી હયાત સ્રોતોમાંથી પણ વધારે તેલ મેળવી શકાય છે, નવા સ્રોતો વધારે સારી રીતે શોધી શકાય છે અને અગાઉ જે ભંડારોમાંથી તેલ મેળવવું અત્યંત ખર્ચાળ કે મુશ્કેલ હોય તેવા ભંડારોમાંથી પણ તેલ મેળવી શકાય છે. ડ્રીલીંગની પ્રક્રિયામાં શરૂ શરૂમાં કોઈ પણ ઉપલબ્ધ ભંડારમાંથી માંડ ૨૦ ટકા જેટલું તેલ ખેંચી શકાતું. હાલની આધુનિક ટેકનિકોમાં પણ સામાન્ય રીતે ૩૫-૪૦ ટકા જેટલું જ તેલ ખેંચી શકાય છે. આમ, અહીં પણ કાર્યક્ષમતા વધારવાને હજી ઘણો અવકાશ રહેલો છે.


તે જ પ્રમાણે તેલમાંથી છૂટા પડાયેલા પેટ્રોલ, ડિઝલ કે કેરોસીનના વપરાશની કાર્યક્ષમતા પણ વધતી જાય છે. આપણાં મોટાભાગનાં ઉપકરણો ઊર્જાના વપરાશની બાબતમાં વધારે ને વધારે કાર્યક્ષમ થતાં જાય છે અને આ કાર્યક્ષમતા વધારવા માટે હજી પણ ઘણી ગૂંજાઈશ રહેલી છે.

ત્રીજી વાત એ કે એના બદલે આપણે વૈકલ્પિક સ્રોતો શોધી શકીએ છીએ અને એ રીતે એનો વપરાશ ઓછો કરી શકીએ છીએ. આપણને ખનીજ તેલની જરૂર નથી પરંતુ એમાંથી જે ઊર્જા મળે છે તેની જરૂર છે અને એ અન્ય સ્રોતોમાંથી પણ મળી શકે છે. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતમાં વરાળ પેદા કરવા માટે જલાઉ લાકડાનો ઉપયોગ થતો. પરિણામે ત્યાંનાં જંગલો ખતમ થવાં માંડ્યાં અને ઈ.સ. ૧૬૦૦ની આસપાસ બળતણના લાકડાની કિંમત ખૂબ વધી ગઈ. એનું પરિણામ એ આવ્યું કે એનું સ્થાન કોલસાએ લઈ લીધું. તે જ પ્રમાણે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં કોલસાનું સ્થાન ખનીજ તેલે લઈ લીધું.

## અન્ય અશ્મિકૃત ઈંધણો

તેલની જેમ જ કોલસો અને કુદરતી ગેસના કિસ્સામાં પણ વપરાશ વધવાની સાથે ઉપલબ્ધ જથ્થો વધતો ગયો છે. કુદરતી ગેસ ચોખ્ખી અને સસ્તી ઊર્જા પૂરી પાડે છે. પરંતુ એના વહન માટે પાઈપલાઈનોની જાળ બિછાવવી પડે છે. બીજા વિશ્વયુદ્ધ પછી ગેસના ઉત્પાદનમાં ૧૨ ગણો વધારો થયો છે **(આકૃતિ ૫)**. વપરાશના આ ધરખમ વધારા છતાં એના ઉપલબ્ધ ભંડાર વધતા જ ગયા છે અને ૧૯૯૯માં ત્યારના વપરાશના ધોરણે હજી ૬૦ વર્ષ ચાલે એટલા ભંડાર ઉપલબ્ધ હતા.

કોલસાની વાત કરીએ તો ઐતિહાસિક રીતે તે ઊર્જાનો સૌથી અગત્યનો સ્રોત રહ્યો છે. પરંતુ, બીજા વિશ્વયુદ્ધ પછી આંશિક રીતે એનું સ્થાન ખનીજ તેલે લઈ લીધું. ૭૦ના દાયકાની તેલની કટોકટીને કારણે જ એમાં ફરી દિલચસ્પી વધી અને એનો ઉપયોગ વધ્યો. એનું કદ અને વજન વધારે હોવાને કારણે એને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાનું ઘણું મોંઘું પડે છે. એટલે મોટાભાગનો કોલસો એની ખાણોની નજીકના વિસ્તારોમાં





**આકૃતિ ૫** વૈશ્વિક સ્તરે કુદરતી ગેસ ઉત્પાદન, કિંમત અને ઉપલબ્ધ જથ્થો (રીઝર્વસ). ઉત્પાદન exajouleમાં, કિંમત US $ (૨૦૦૦) પ્રતિ gigajouleમાં. સ્રોત WI 1999, EIA 2001, CPI 2001, BP 1999

જ વપરાય છે - માત્ર ૧૦ ટકા કોલસાની નિકાસ થાય છે. જ્યારે તેલને જોઈએ તો એના ઉત્પાદનના ૬૦ ટકા જેટલા તેલની નિકાસ થાય છે.

એનાથી પ્રદૂષણ પણ વધારે ફેલાય છે. પરંતુ વિકસિત દેશોમાં ઓછા સલ્ફરવાળો કોલસો વાપરીને તેમજ સ્ક્રબર અને અન્ય ઉપકરણોની મદદથી સ્થાનિક સ્તરે હવાનું પ્રદૂષણ મહદ્ અંશે નિયંત્રિત કરી દેવાયું છે. આમ છતાં, વૈશ્વિક સ્તરે હજીયે હવાના પ્રદૂષણમાં કોલસાની જવાબદારી ઘણી મોટી ગણાય છે.

આમ છતાં, કોલસો આપણને ઘણા લાંબા સમય સુધી ઊર્જા પૂરી પાડી શકે એમ છે. તેલ અને ગેસની જેમ જ સમયની સાથે એના ભંડારો પણ વધ્યા છે. ૧૯૭૫માં આપણી પાસે ૨૧૮ વર્ષ ચાલે એટલા કોલસાના ભંડારો હતા. ત્યાર પછી ૧૯૯૯માં વપરાશ વધ્યો હોવા છતાં હજી બીજાં ૨૩૦ વર્ષ સુધી ચાલે એટલો કોલસો છે **(આકૃતિ ૬).** ઉપલબ્ધ ભંડાર હજી વધારે માત્રામાં શોધાયા નથી એનું એક કારણ એ છે કે એની કિંમત ઘણી ઓછી છે. કોલસાના કુલ ભંડારોનો અંદાજ તો એનાથી ઘણો મોટો છે - એમ મનાય છે કે આપણી પાસે હજી આવતાં ૧૫૦૦ વર્ષ સુધી ચાલે એટલો કોલસો ઉપલબ્ધ છે.

આ ઉપરાંત બીજી પણ અનેક શોધો થઈ છે જેણે અસ્મિકૃત ઈંધણોની ઉપલબ્ધી અનેક ગણી વધારી દીધી છે. સૌ પ્રથમ તો હવે કોલસાના ભંડારોમાંથી મીથેન ગેસનો ઉપયોગ કરી શકીએ છીએ. એ ચોક્કસ કેટલી માત્રામાં ઉપલબ્ધ થઈ શકે એમ છે એનો અંદાજ હજી કઢાયો નથી, પરંતુ એમ મનાય છે કે હાલ કુદરતી ગેસના જે ભંડાર છે તેનાથી પણ એની માત્રા વધારે છે. એ સિવાય શેલ ઓઈલ (Shale-oil) અને ટારસેન્ડ (Tar-sand) પર પણ વધારે ધ્યાન અપાઈ રહ્યું છે. બન્ને તેલ ધરાવે છે, પરંતુ એને કાઢવાનું વધારે મુશ્કેલ અને મોંઘું છે અને એમાં પ્રદૂષણ પણ વધારે ફેલાય છે. પરંતુ ખનીજ તેલની કિંમત વધવા માંડે તો એ નફાકારક સિદ્ધ થઈ શકે એમ છે. અમેરિકાની Energy Information Agency (EIA)ના અંદાજ મુજબ તો ટારસેન્ડ અને શેલઓઈલમાંથી જ ૫૫૦ અબજ બેરલ જેટલું તેલ બેરલે ૩૦ ડૉલરથી ઓછી કિંમતે મેળવી શકાય એમ છે. આનો અર્થ એ થયો કે તેલના વૈશ્વિક ભંડારમાં ૫૦ ટકા જેટલો ઉમેરો થઈ શકે. શેલઓઈલના કુલ ભંડાર તો માનવામાં ન આવે એટલા મોટા હોવાનું મનાય છે. એમ મનાય છે કે એમાંથી બાકી તમામ સ્રોતો - ખનીજ તેલ, કોલસો, ગેસ,




**આકૃતિ ૬** વૈશ્વિક સ્તરે કોલસાનું ઉત્પાદન, કિંમત અને ઉપલબ્ધ જથ્થો (રીઝર્વસ). ઉત્પાદન અબજ ટનમાં, કિંમત પ્રતિ ટન અને ઉપલબ્ધ જથ્થો ૧૦૦ વર્ષોમાં (જમણી axis). સ્રોત Simon *et al.*1994, EIA 2001 વગેરે.

પીટ અને ટારસેન્ડ - માંથી મળતી કુલ ઊર્જા કરતાં આઠ ગણી વધારે ઊર્જા મળી શકે એમ છે. આમ, અસ્મિકૃત ઈંધણો તો હજી ઘણા લાંબા સમય સુધી ઊર્જા પૂરી પાડી શકે એમ છે.

ઊર્જાના પુનઃ અપ્રાપ્ય સ્રોતોમાં આ ઉપરાંત અણુ ઊર્જા પણ છે, પરંતુ રેડિયોએક્ટીવ કચરો અને સલામતીના પ્રશ્નોને કારણે એનો ઉપયોગ ખાસ વધે એમ જણાતું નથી. એટલે એની ચર્ચા અહીં નહીં કરીએ.

## પુનઃપ્રાપ્ય ઊર્જા


આ ઉપરાંત સૂર્ય, પવન, પાણી અને પૃથ્વીના પેટાળની ગરમી જેવા ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતો પણ છે, જેની ચર્ચા લોમ્બોર્ગે કરી છે. અસ્મિકૃત ઊર્જાથી વિપરીત આ સ્રોતોમાંથી મળતી ઊર્જા કાયમ માટે મળી શકે છે. આ તમામ સ્રોતોને અત્યાર સુધી પર્યાવરણવાદીઓના માનીતા પણ અવ્યવહારુ વૈકલ્પિક સ્રોત તરીકે જ જોવામાં આવતા હતા. પરંતુ પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે.

આ સ્રોતોમાંથી મળતી ઊર્જા વાપરવાના ઘણા લાભ છે. એનાથી પ્રદૂષણ ઓછું થાય છે, આયાતી તેલ પરની નિર્ભરતા ઘટે છે અને તે કાર્બન ડાયોક્સાઈડ પણ છોડતા નથી. આ ઉપરાંત ટેક્નોલૉજી પણ સસ્તી છે, સહેલાઈથી મરમ્મત કરી શકાય એવી છે અને સહેલાઈથી વહન પણ કરી શકાય છે.

**આકૃતિ ૭** જોતાં ખ્યાલ આવે છે કે વૈશ્વિક સ્તરે ઊર્જાના કુલ ઉત્પાદનમાં આ પુનઃપ્રાપ્ય સ્રોતોમાંથી માત્ર ૧૩.૬ ટકા ઊર્જા મળે છે. એમાં પણ પાણીથી પેદા થતી વીજળી અને પરંપરાગત ઈંધણોનો હિસ્સો જ મોટો છે. પાણીથી પેદા થતી વીજળી ૬.૬ ટકા જેટલી ઊર્જા પૂરી પાડે છે, જ્યારે પરંપરાગત ઈંધણો (જલાઉ લાકડાં, છાણાં, બગાસે વિ.) માંથી બીજી ૬.૪ ટકા ઊર્જા મળે છે. જો કે વિકાસશીલ દેશોમાં હજી પણ ૨૫ ટકા જેટલી ઊર્જા આ પરંપરાગત ઈંધણોમાંથી મળે છે.

બાયોમાસ, જીઓથર્મલ, પવન અને સૂર્ય જેવા પુનઃપ્રાપ્ય ઊર્જાના વધારે જાણીતા સ્રોતોમાંથી માંડ ૦.૬ ટકા જેટલી ઊર્જા મળે છે. એમાંય ૦.૪ ટકા જેટલી ઊર્જા બાયોમાસમાંથી મળે છે, ૦.૧૨ જેટલી જીઓથર્મલમાંથી મળે છે અને સૂર્ય અને પવનમાંથી માંડ ૦.૦૫ ટકા ઊર્જા મળે છે. માત્ર વીજળીની જ વાત કરીએ તો પણ પવનચક્કીમાંથી ૦.૦૯ ટકા અને સોલર સેલમાંથી ૦.૦૨ ટકા જેટલી વીજળી મળે છે.

આનું મુખ્ય કારણ એ છે કે અસ્મિકૃત ઈંધણોની સરખામણીમાં આ સ્રોતોમાંથી મળતી ઊર્જા હજી મોંઘી છે. અત્યાર સુધી એના વિકાસમાં





**આકૃતિ ૭** વૈશ્વિક ઊર્જા ઉત્પાદનમાં (૧૯૯૮નાં કુલ 428 EJના) જુદા જુદા સ્રોતોનો ફાળો. સ્રોત EIA 2000, WRI 1998

મુખ્યત્વે સરકારી સબસીડીઓ કે કરરાહત પર જ આધાર રખાયો છે. પરંતુ **આકૃતિ ૮** જોતાં સ્પષ્ટ થાય છે કે આ સ્રોતોમાંથી મળતી ઊર્જાની કિંમત પણ ઝડપથી ઘટી રહી છે. અને આવનારા દિવસોમાં એ હજી વધારે ઝડપથી ઓછી થવાનો અંદાજ છે.

## સૂર્ય ઊર્જા

એમાંથી સૂર્યઊર્જા વિશે થોડી વિગતે ચર્ચા કરવા જેવી છે. એ તો સ્પષ્ટ છે કે પૃથ્વી પર આવતી ઊર્જામાં સૌથી મોટો હિસ્સો સૂર્યઊર્જાનો છે. સૂર્ય એટલી બધી ઊર્જા ફેંકે છે જે પૃથ્વી પરના દરેક ચો.મી.ને ૧૮૦ વૉટના બલ્બથી કાયમ માટે ઝળહળતો રાખી શકે. અલબત્ત, એ બધે સરખી માત્રામાં નથી મળતી - વિષુવવૃત્તની આસપાસના વિસ્તારોમાં ૨૫૦ વૉટના ગોળા જેટલી ઊર્જા આવે છે, જ્યારે ઉત્તર અને દક્ષિણ ધ્રુવના વિસ્તારોમાં ૧૦૦ વૉટ જેટલી.

દર વર્ષે આપણને જે સૂર્યઊર્જા મળે છે તેની માત્રા હાલના આપણા





**આકૃતિ ૮** ઊર્જાના જુદા જુદા પુનઃપ્રાપ્ય સ્ત્રોતોની કિંમત-પ્રતિ kWh, ૧૯૭૫-૨૦૩૦. સ્ત્રોત DOE 1997, CPI 2001

ઊર્જાના વૈશ્વિક વપરાશ કરતાં ૭,૦૦૦ ગણી વધારે છે. આ સંબંધોનું પ્રમાણ **આકૃતિ ૯**માં દર્શાવવામાં આવ્યું છે. જેમાં એ પણ દર્શાવાયું છે કે એ દર વર્ષે મળતી આ સૂર્યઊર્જા બીજા કોઈપણ સંસાધનની કુલ ઊર્જા કરતાં પણ ઘણી વધારે છે અને પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયામાં પૃથ્વી પરની તમામ વનસ્પતિ દર વર્ષે જેટલી ઊર્જા ઝીલીને એને ખોરાકમાં રૂપાંતરિત કરે છે એના કરતાં પણ એ ઘણી વધારે છે.

સૂર્યની ઊર્જામાંથી વીજળી પેદા કરતાં ફોટોવૉલ્ટેઈક-સેલ ૧૯૭૮માં હતા એના કરતાં ત્રણ ગણા વધારે કાર્યક્ષમ બન્યા છે અને એની કિંમતમાં પણ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. આમ છતાં, હજીયે અન્ય સ્રોતોની તુલનામાં એમાંથી મળતી વીજળી પ્રમાણમાં મોંઘી છે. એમ માનવામાં આવે છે કે એની કિંમત હજી વધારે ઘટશે અને ૨૦૩૦ સુધીમાં ૧ kWh ના ૫.૧ સેન્ટસ (૨ રુપિયા) પર પહોંચી જશે. દૂર દરાજના પહાડી વિસ્તારો માટે તો આજે પણ સૉલરસેલથી મળતી વીજળી આર્થિક રીતે પગભર થઈ ચૂકી છે.

વીજળી પેદા કરવા ઉપરાંત સૂર્યઊર્જા સીધે સીધી ગરમી પેદા કરવા માટે પણ વાપરી શકાય છે અને આડકતરી રીતે એનાથી વૃક્ષો પેદા કરીને એને પછી બળતણ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે (બાયોમાસ). મુશ્કેલી એ છે કે વનસ્પતિ સૂર્યની ઊર્જા પકડવામાં એટલી કાર્યક્ષમ નથી અને એટલે બાયોમાસમાંથી વિશ્વની ઊર્જાની જરૂરિયાત મોટા પાયે પૂરી નહીં પાડી શકાય. લીલી વનસ્પતિ સરેરાશ એકથી ત્રણ ટકા જેટલી જ સૂર્યઊર્જા પકડી શકે છે જ્યારે સૉલર સેલની કાર્યક્ષમતા ૧૫થી ૨૦ ટકાની છે. આમ, ઊર્જાની જરૂરિયાત પૂરી કરવા માટે વનસ્પતિની તુલનામાં સૉલરસેલમાં ૩૦મા ભાગના જ વિસ્તારની જરૂર પડે અને એ માટે ખેતીની સારી જમીનો વાપરવાની પણ જરૂર નહીં પડે. આ ઉપરાંત બાયોમાસના ઉપયોગથી પ્રદૂષણની સમસ્યા પણ એમની એમ રહે છે.




**આકૃતિ ૯** સૂર્ય પ્રકાશની વાર્ષિક ઊર્જા (2,895000 EJ), અને એની તુલનામાં યુરેનીયમ સહિતના તમામ પુનઃઅપ્રાપ્ય સ્ત્રોતોનો કુલ જથ્થો (325300 EJ) અને ઊર્જાનો વૈશ્વિક વપરાશ (400 EJ). અન્ય પુનઃપ્રાપ્ય સ્ત્રોતોની કુલ ક્ષમતા પણ દર્શાવી છે. તુલના માટે વનસ્પતિઓ પ્રકાશ સંશ્લેષણ દ્વારા આશરે 1260 EJ ઊર્જા વાપરે છે એ પણ દર્શાવ્યું છે. સ્ત્રોત Craig *et al.* 1996, Cunningham *et al.* 1997.

## સંગ્રહ અને વહન

પરંતુ સૂર્ય અને પવન બન્નેમાંથી મળતી ઊર્જા સાથે એક ગંભીર સમસ્યા જોડાયેલી છે. આપણને જ્યારે જરૂર હોય ત્યારે જ એ પેદા નથી કરી શકાતી. માણસને ઊર્જાની સૌથી વધારે જરૂરિયાત હોય ત્યારે જ સૂર્ય તપશે અને પવન ફૂંકાશે એ જરૂરી નથી. આમ, આ સ્રોતોમાંથી પેદા થતી ઊર્જાનો સંગ્રહ કરવો અત્યંત જરૂરી બની જાય છે. અને એનો વપરાશ વધારવામાં આ જ મોટામાં મોટો પડકાર છે.

જો વીજળીની ગ્રીડને ડેમ સાથે જોડવામાં આવે તો પવન ફૂંકાતો હોય કે સૂર્ય તપતો હોય ત્યારે પેદા થતી વીજળીની મદદથી નદીનું પાણી લીફ્ટ કરીને ડેમની પાછળ સંઘરી શકાય અને જ્યારે પવન કે સૂરજ ન હોય ત્યારે એ પાણીમાંથી પાછી વીજળી પેદા કરી શકાય. પરંતુ એ માટે સૂર્ય

કે પવન તેમજ પાણીથી વીજળી પેદા કરવા માટેની કુલ ક્ષમતા ઘણી વધારે રાખવી જરૂરી બને. કારણ કે બન્ને ટોચ પરની માંગ સંતોષી શકવા જોઈએ. આ ઉપરાંત ડેમ બાંધી શકાય એવી જગ્યાઓ પણ ઉપલબ્ધ હોવી જોઈએ. આમ આ બહુ વ્યવહારુ ઉપાય નથી જણાતો.

બીજો વિકલ્પ એની મદદથી પાણીનું કેટાલિસિસ કરીને એમાંથી હાઈડ્રોજન વાયુ છૂટો પાડીને એમાં એ ઊર્જા સંગ્રહિત કરવાનો છે. એ હાઈડ્રોજન પછી આપણે વીજળી પેદા કરવા માટે વાપરી શકીએ કે પછી પેટ્રોલના વિકલ્પ તરીકે સીધેસીધું વાહનોમાં પણ વાપરી શકીએ. ફયુએલ સેલના નામથી જાણીતી આ ટેકનોલોજી હજી પ્રારંભિક તબક્કામાં છે અને એની કિંમત હજી પેટ્રોલ કરતાં બમણી છે. પરંતુ હાઈડ્રોજન વાયુઓનો વપરાશ  પર્યાવરણ માટે ઘણી રીતે લાભકારક સિદ્ધ થઈ શકે એમ છે, કારણ કે એને બાળવાથી માત્ર પાણી જ બહાર ફેંકાય છે અને આમ વધતા કાર્બન ડાયોકસાઈડની સમસ્યા પણ હલ થઈ શકે છે.

આમ, લોમ્બોર્ગના કહેવા પ્રમાણે હાલ તુરંત તો આપણે ઊર્જાની કોઈ મોટી કટોકટીની દિશામાં ધકેલાઈ રહ્યાં હોઈએ એવાં કોઈ એંધાણ જણાતાં નથી. અસ્મિકૃત ઈંધણોના વધતા વપરાશની સાથે સાથે એના નવા નવા ભંડાર પણ શોધાતા રહ્યા છે અને એમના વપરાશની કાર્યક્ષમતા પણ વધી રહી છે. હાલના વપરાશના ધોરણે પણ હજી ઘણાં વર્ષો ચાલી શકે એટલા ભંડારો ઉપલબ્ધ છે. અને આપણે હંમેશ માટે ઊર્જા માટે આ અસ્મિકૃત ઈંધણો પર જ અવલંબિત રહીએ એ પણ જરૂરી નથી. એ ઉપરાંત પુનઃપ્રાપ્ય સ્રોતો પણ છે, જેમાં સૌથી મોટો અને અગત્યનો સ્રોત તો સૂર્યઊર્જાનો છે. એ તેમજ ઊર્જાના અન્ય સ્રોતોનો વિકાસ કરીને અસ્મિકૃત ઈંધણોનો વિકલ્પ ઊભો કરવાની પ્રક્રિયા પણ સતત ચાલી રહી છે. અત્યાર સુધી એનો ઉપયોગ ખાસ વધ્યો નથી કારણ કે પરંપરાગત ઈંધણોની તુલનામાં એની કિંમત હજી ઘણી વધારે છે. પરંતુ પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. અને આજે નહીં તો કાલે આપણે ઊર્જાના પ્રાથમિક સ્રોત તરીકે એમના પર આધાર રાખતા થઈ જઈશું. અને એ સંક્રમણ પણ એટલા માટે નહીં આવે કે તેલ કે કોલસો ખૂટી ગયાં હશે, પણ એટલા માટે આવશે કે આ સ્રોતો આપણને વધારે સસ્તી અને ચોખ્ખી ઊર્જા પૂરી પાડી શકશે.

આમ, ઊર્જાની બાબતમાં તો રોબર્ટ સોલોની વાતને પૂરેપૂરું અનુમોદન મળતું હોવાનું જણાય છે. અને જો ઊર્જા જેવા critical ક્ષેત્રમાં પણ જો એની વાત ટકી શકતી હોય તો બીજા ક્ષેત્રમાં ન ટકવાને કોઈ કારણ નથી. કારણ કે આ ક્ષેત્રમાં જ પુનઃઅપ્રાપ્ય એવાં સંસાધનો પરનું આપણું અવલંબન આટલું મોટું છે. ધાતુઓ અને અન્ય બિન ઊર્જા સંસાધનોની બાબતમાં એવું નથી. અને એ બાબતોમાં પણ સોલો અને જુલિયન સાયમન જે વાત કરે છે તે સાચી હોવાનું લોમ્બોર્ગ વિગતવાર માહિતીના આધારે દર્શાવે છે. પરંતુ, અગાઉ કહ્યું છે તેમ અહીં આપણે એની વિગતોમાં નહીં જઈ શકીએ. તે જ રીતે અન્ન, જંગલો અને પાણી જેવા પુનઃપ્રાપ્ય સંસાધનોની સ્થિતિ વિશે પણ વિગતે ચર્ચા નહીં કરી શકીએ. ખોરાકની વાત કરીએ તો વધતી વસતી છતાં માણસદીઠ ખોરાકની ઉપલબ્ધી દિન-પ્રતિદિન વધતી રહી છે તે આપણે ગયા અંકમાં જોયેલું જ. આવનારા દિવસોમાં પણ એ પ્રક્રિયામાં કોઈ રુકાવટ આવવાનાં ચિન્હો જણાતાં નથી. જંગલ અને પાણી અંગે લોમ્બોર્ગ મુખ્યત્વે એમ કહે છે કે સવાલ આ સંસાધનોના જથ્થાનો એટલો નથી જેટલો એમના યોગ્ય વ્યવસ્થાપનનો છે. આ બન્ને સંસાધનો મુખ્યત્વે સરકાર હસ્તક જ રહ્યાં છે અને ખોટી નીતિઓને કારણે ઘણી વાર એમનો દુર્વ્યય થતો જોવા મળે છે અને આ નીતિઓને સુધારવાનો ઘણો અવકાશ છે. આમ છતાં, વૈશ્વિક સ્તરે આ સંસાધનોના જથ્થાની સ્થિતિ એટલી ખરાબ નથી જેટલી આપણે ધારીએ છીએ. આ અંગે એણે કેટલીક ઘણી રોચક માહિતી પૂરી પાડી છે, જેની ચર્ચા પાછળથી ક્યારેક સ્વતંત્ર રીતે કરીશું.

આમ, કુલ સરવાળે આપણે આપણાં મર્યાદિત સંસાધનોનો ખાતમો બોલાવી રહ્યાં છીએ અને એ રીતે આપણા સમગ્ર ભાવિને જ જોખમમાં મૂકી દીધું હોવાની વાતને empirical ટેકો મળતો નથી. લોમ્બોર્ગે એની સીધી ચર્ચા નથી કરી પણ આ સંદર્ભમાં સૂર્યઊર્જાના સૂચિતાર્થો બરાબર તપાસવા જેવા છે. સહેજ ધ્યાનથી વિચાર કરીએ તો જણાશે કે માત્ર માણસ જ નહીં પણ આ પૃથ્વી પરની આખી સજીવ સૃષ્ટિનો જે વિકાસ થયો છે તેનું ખરું ચાલક બળ જો કોઈ હોય તો તે આ સૂર્યની ઊર્જામાં રહેલું છે. અસ્મિકૃત ઈંધણો પણ છેવટે તો એમાંથી જ પેદા થયેલાં છે. જો સૂર્યની આ ઊર્જા આમ સતત આવતી રહેતી ન હોત તો આપણી પૃથ્વી પર સજીવ સૃષ્ટિનો ઉદ્ભવ જ ન થયો હોત, એ ફૂલીફાલીને દુનિયાના બધા ભાગોમાં ફેલાઈ જવાની વાત તો બાજુ પર રહી. આપણા વિકાસનો જ નહીં, સમગ્ર સજીવ સૃષ્ટિના વિકાસના ટકાઉપણાનો જો કોઈ આધાર હોય તો તે સૂર્ય ઊર્જા છે. આ જ હકીકત મર્યાદિત સંસાધનોની વાતને નકારવાને પૂરતી છે. આપણી પૃથ્વી એક ગોળો છે અને એ રીતે મર્યાદિત છે એ સાચું. પણ એ એક એવો ગોળો છે, જેના પર સતત વિપુલ માત્રામાં સૂર્ય ઊર્જાની વર્ષા થતી રહે છે, જે નવાં નવાં સર્જનો કરતી જ રહે છે. મર્યાદિત સંસાધનોની વાતો કરનારાઓ આ પાયાની હકીકત ભૂલી જાય છે. આમ છતાં પ્રદૂષણની સમસ્યા તો ઊભી જ રહે છે. સંસાધનોના જથ્થાનો પ્રશ્ન કદાચ ન હોય, પરંતુ જો આપણે એ સંસાધનોને પ્રદૂષિત કરી રહ્યા હોઈએ તો પણ ભવિષ્યની પેઢીઓ તો એના ઉપયોગથી વંચિત જ રહે અને એ રીતે વિકાસના ટકાઉપણાનો પ્રશ્ન ફરીથી ઊભો થાય. આમ થઈ રહ્યું છે કે નહીં તેની ચર્ચા આવતા અંકમાં કરીશું. ■

*Man is the measure of all things.*


*- Protagoras*

સાબાર ઉપર માનુષ
તાહાર ઉપર નહીં

- કવિ ચંડીદાસ

*Always regard every man as an end in himself, and never use him merely as a means to your ends.' The spirit of Kant's ethics may well be summed up in these words: dare to be free; and respect the freedom of others.*

*-Karl Popper*



*Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
...
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action –
into that heaven of freedom, my Father,
let my country awake.*

*- Rabindranath Tagore - Gitanjali"*